છેલ્લે 1લી જુલાઈ, 2021ના રોજ અદ્યતન કરાયું છે

## ક્રેડિટ કાર્ડ સુવિધાઓનું શાસન કરતા નિયમો અને શરતો

આ નિયમો અને શરતો આઈસીઆઈસીઆઈ બેન્ક લિમિટેડ દ્વારા ક્રેડિટ કાર્ડ સુવિધાઓની જોગવાઈને લાગુ છે અને તેનું નિયમન કરે છે.

I. વ્યાખ્યાઓ અને અર્થઘટન "સંલગ્નિત"નો અર્થ અને તેમાં સમાવિષ્ટ છેઃ

- કોઈ પણ કંપની, જે આઈસીઆઈસીઆઈ બેન્કનું હોલ્ડિંગ અથવા સબસિડિયરી કંપની હોય અથવા આઈસીઆઈસીઆઈ બેન્કના નિયંત્રણ હેઠળ અથવા તેની સાથે સામાન્ય નિયંત્રણ હેઠળની વ્યક્તિ, અથવા
- કોઈ પણ વ્યક્તિ, જે વોટિંગ સિક્યુરિટીઝના 26% અથવા વધુ ધરાવે, જેમાં આઈસીઆઈસીઆઈ બેન્ક પ્રત્યક્ષ અથવા લાભકારી હિત અથવા નિયંત્રણ ધરાવે.

સંલગ્નિતની વ્યાખ્યાના હેતુ માટે કોઈ પણ વ્યક્તિ સંબંધમાં જ્યારે "નિયંત્રણ" શબ્દનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તેનો અર્થ આવી વ્યક્તિના પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ, સિક્યુરિટીઝ વહન કરતા વોટની માલિકી થકી, કરાર દ્વારા અથવા અન્યથા ગમે તે રીતે, વ્યવસ્થાપન અને નીતિઓને નિર્દેશ કરતી સત્તા અને "વ્યક્તિઓ"નો અર્થ કોઈ પણ વ્યક્તિગત, કંપની, પેઢી, મંડળ, ભાગીદારી, ટ્રસ્ટ અથવા કોઈ અન્ય આસ્થાપના અથવા સંસ્થા અથવા અન્ય નૈસર્ગિક કે કાનૂની વ્યક્તિ.

"અરજદાર"નો અર્થ એ વ્યક્તિ(ઓ) જેમણે આઈસીઆઈસીઆઈ બેન્ક પાસે કાર્ડ માટે અરજી કરી હોય.

"અધિકૃત ડીલર"નો અર્થ સમયાંતરે સુધારિત અનુસાર ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ 1999માં વ્યાખ્યા અનુસાર અધિકૃત ડીલર.

"કામકાજનો દિવસ" એટલે એ દિવસ જ્યારે અરજી ફોર્મમાં નિર્દિષ્ટ મુજબ આઈસીઆઈસીઆઈ બેન્કનું સુસંગત કાર્યાલય અથવા જેના થકી કાર્ડ પૂરું પાડવામાં આવ્યું હોય અથવા આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા કાર્ડ સભ્યના સૂચિત કરવામાં આવી શકે તે આવું અન્ય કાર્યાલય, સામાન્ય કામકાજની લેણદેણ માટે ખુલ્લું રહેશે.

"કાર્ડ" અથવા "ક્રેડિટ કાર્ડ" અથવા "ઈએમઆઈ કાર્ડ" અથવા "ઓનલાઈન ક્રેડિટ કાર્ડ" અથવા "બિઝનેસ કાર્ડ" અથવા "વિઝા એમચેક ક્રેડિટ કાર્ડ"નો અર્થ અરજદારની વિનંતી પર આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા જારી આઈસીઆઈસીઆઈ બેન્ક વિઝા / એમેક્સ / માસ્ટરકાર્ડ ક્રેડિટ કાર્ડ અથવા કોઈ અન્ય ક્રેડિટ કાર્ડ.

"એપિન"નો અર્થ આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા કાર્ડ સભ્યને ફાળવવામાં આવેલો અથવા કાર્ડ સંબંધમાં સમયાંતરે કાર્ડ સભ્ય / આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા પસંદ કરવામાં આવેલો પર્સનલ આઈડેન્ટિફિકેશન નંબર. (વિઝા એમચેક કાર્ડ પર લાગુ નહીં).

“કાર્ડ અકાઉન્ટ’’નો અર્થ કાર્ડ સભ્યને નામે ખોલાવવામાં આવેલું અને તેમાં સમાવિષ્ટ નિયમો અને શરતો અનુસાર ક્રેડિટ કાર્ડના ઉપયોગના હેતુથી આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા જાળવવામાં આવેલું અકાઉન્ટ.

“રોકડ મર્યાદા’’ એટલે કાર્ડ સભ્ય તેના કાર્ડ અકાઉન્ટ પર ઉપયોગ કરી શકે તે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા વ્યાખ્યા અથવા મુકરર અનુસાર રોકડની અથવા રોકડની સમકક્ષ મહત્તમ રકમ. રોકડ મર્યાદા કાર્ડ સભ્યની ધિરાણ મર્યાદા / ખરીદીની મર્યાદાનું માળખું છે. (વિઝા એમચેક કાર્ડ પર લાગુ નહીં)

“શુલ્ક’’ અથવા “ચાર્જીસ’’નો અર્થ આ નિયમો અને શરતોમાં અહીં અથવા ક્યાંય પણ ઉલ્લેખિત ધારા–6માં સ્થાપિત અનુસાર આવા શુલ્ક. અહીં ઉલ્લેખિત શુલ્કની બધી વિગતો દરસૂચિ બીડાણમાં પૂરી પાડવામાં આવશે, સિવાય કે સમયાંતરે સુધારણા અનુસાર કાર્ડ સભ્યને વિશિષ્ટ રીતે જાણ કરવામાં આવે.

“કંપની’’નો અર્થ સમયાંતરે સુધારણા અનુસાર કંપની ધારા 1956માં વ્યાખ્યા અનુસાર કંપની.

“ધિરાણ મર્યાદા / ખરીદી મર્યાદા’’નો અર્થ કાર્ડ સભ્ય તેના ક્રેડિટ કાર્ડ પર ખર્ચ કરવા અધિકૃતિ ધરાવે ત્યાં સુધીની મર્યાદા.

“આઈસીઆઈસીઆઈ મર્યાદા’’નો અર્થ આઈસીઆઈસીઆઈ બેન્ક લિમિટેડ, ક્રેડિટ કાર્ડના માલિકો, તેના અનુગામીઓ અને મંજૂર એસાઈન્સ.

“આઈસીઆઈસીઆઈ બેન્ક કસ્ટમર કેર સેન્ટર’’નો સંદર્ભ કાર્ડ સભ્યોને આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા આપવામાં આવેલી આઈસીઆઈસીઆઈ બેન્ક– ફોન બેન્કિંગ સેવા.

“ઈનફિનિટી’’નો સંદર્ભ યુઆરએલ www.icicibank.com ખાતે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા માલિકીની, સ્થાપિત અને જાળવવામાં આવતી આઈસીઆઈસીઆઈ બેન્કની ઈન્ટરનેટ બેન્કિંગ સેવા/ વેબસાઈટનું ટ્રેડ નામ. (વિઝા એમચેક કાર્ડ પર લાગુ નહીં)

“વીમા કંપની’’નો અર્થ આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્શ્યુરન્સ કંપની લિમિટેડ અથવા કોઈ પણ અન્ય વીમા કંપની, જે સમયાંતરે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નક્કી કરવામાં આવી શકે છે.

“સભ્ય’’ અથવા “કાર્ડધારક’’ અથવા “કાર્ડ સભ્ય’’નો અર્થ એવા અરજદાર જેમને તેમના નામે આવું કાર્ડ જારી કરાયું હોય અથવા ધરાવતા હોય.

“વેપારી આસ્થાપના’’નો અર્થ જ્યાં પણ સ્થાપિત હોય તે એવી આસ્થાપના જ્યાં કાર્ડ ચાલે છે અને તેમાં એટીએમ અને મેઈલ ઓર્ડર એડવર્ટાઈઝર્સ (રિટેઈલરો, વિતરકો કે ઉત્પાદકો) સહિત સ્ટોર્સ, શોપ્સ, રેસ્ટોરાં, હોટેલો, એરલાઈન્સ, કેશ એડવાન્સ પોઈન્ટ્સનો સમાવેશ થાય છે.

“વેપારી’’નો અર્થ કોઈ પણ એવી વ્યક્તિ જે વેપારી આસ્થાપના, તેના સમોવડિયાઓ અને મંજૂર એસાઈન્સ ધરાવે અથવા વ્યવસ્થાપન અથવા સંચાલન કરે.

“લઘુતમ લેણી રકમ”  અથવા “એમએડી’’નો અર્થ નિવેદનમાં નોંધ કરેલી રકમ. “કુલ લેણી રકમ’’ અથવા

“ટીએડી’’નો અર્થ નિવેદનમાં નોંધ કરેલી રકમ.

“ચુકવણીની આખર તારીખ’’નો અર્થ દરેક મહિનાની એ તારીખ જે દિવસે નિવેદન થકી જાણ કર્યા અનુસાર કાર્ડ સભ્ય દ્વારા કાર્ડના ઉપયોગ થકી ઉદભવતા શુલ્ક સંબંધમાં ચુકવણી કરવાની આખર તારીખ.

“પ્રાઈમરી કાર્ડ સભ્ય’’ એવી વ્યક્તિ છે જેમને નામે કાર્ડ અકાઉન્ટ ખોલાવવામાં આવેલું હોય છે અને જેને કાર્ડ જારી કરવામાં આવે છે.

“આરબીઆઈ’’નો અર્થ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા.

“નિવેદન’’નો અર્થ આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા કાર્ડ સભ્યને મોકલવામાં આવતાં અકાઉન્ટનાં માસિક નિવેદન/નો, જેમાં કાર્ડ અકાઉન્ટ સંબંધમાં આઈસીઆઈસીઆઈ બેન્કને પ્રાઈમરી કાર્ડ સભ્ય અને કોઈ પણ પૂરક કાર્ડ સભ્યની તે તારીખના રોજ સ્થાપિત નાણાકીય જવાબદારીઓ.

“પૂરક કાર્ડ સભ્ય’’નો અર્થ પ્રાઈમરી કાર્ડ સભ્યનો એવો પરિવારનો સભ્ય, જે પ્રાઈમરી કાર્ડ સભ્ય સાથે તેના સંબંધને લઈને કાર્ડ સભ્ય બને છે. (એમચેક પર પૂરક કાર્ડ લાગુ નથી).

“દરસૂચિ બીડાણ’’નો અર્થ કાર્ડ પર અપાતી સેવાઓ માટે લાગુ શુલ્કની વિગતો આપતું બીડાણ. આ શુલ્ક આઈસીઆઈસીઆઈ બેન્કની એકમેવ મરજીથી ફેરફારને આધીન છે. જોકે શુલ્કમાં આવા ફેરફાર કાર્ડ સભ્યને 30 દિવસની આગોતરી સૂચના આપીને સંભાવ્ય અમલ સાથે જ કરી શકાય છે.

“લેણદેણ સૂચના’’નો અર્થ લેણદેણ કરવા માટે કાર્ડ સભ્ય દ્વારા પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ આઈસીઆઈસીઆઈ બેન્કને અને / અથવા આઈસીઆઈસીઆઈ બેન્ક કસ્ટમર કેર સેન્ટર થકી અને / અથવા ઈનફિનિટી થકી આપવામાં આવેલી કોઈ પણ સૂચના. લેણદેણ સૂચનામાં શુલ્કની રસીદ, કેશ એડવાન્સ રસીદ અથવા મેઈલ ઓર્ડર કુપનને મર્યાદિત નહીં પરંતુ તેનો સમાવેશ રહેશે.

આ “નિયમો અને શરતો”નો અર્થ અહીં આપ્યા મુજબ અને / અથવા સુધારણા અનુસાર સમયાંતરે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નિર્ધારિત કરાઈ શકે તે નિયમો અને શરતો. આ નિયમો અને શરતોમાં, સિવાય કે વિસંગત હેતુ જણાયઃ

(a) “સુધારણા’’ના સંદર્ભમાં સમાવિષ્ટ છે, પૂર્તિ, સુધારો, નૂતનીકરણ, ફેરબદલી કે પુનઃઘડતર અને “સુધારો’’ તે મુજબ ધ્યાનમાં લેવાનો રહેશે. “અધિકૃતિ’’ કે “મંજૂરી’’માં સમાવિષ્ટ છે અધિકૃતિ, સંમતિ, મંજૂરી, ક્લિયરન્સ, પરવાનગી, ઉકેલ, પરવાનો, મુક્તિ, નોંધાવવું અને નોંધણી, “કાયદા’’માં સમાવિષ્ટ છે કોઈ પણ બંધારણ, નિયમ, કાયદો, નિયમન, વટહુકમ, ચુકાદો, આદેશ, ડિક્રી, અધિકૃતિ અથવા કોઈ પણ પ્રસિદ્ધ, નિર્દેશ, માર્ગદર્શિકા, આવશ્યકતા અથવા સરકારી નિયંત્રણો, જે કાયદાનું બળ ધરાવે અથવા અરજી ફોર્મમાં સહી/ સુપરત કર્યાની તારીખના રોજ અથવા તે પછી અને સમયાંતરે દરેક સુધારા અનુસાર અમલી ન્યાયાલયીન પ્રશાસન દ્વારા કોઈ પણ પૂર્વગામીનું કોઈ પણ નિશ્ચિતીકરણ અથવા અર્થઘટન દ્વારા,

(b) એકવચનમાં બહુવચન સમાવિષ્ટ છે (અને તેથી વિપરીત),

(c) આ નિયમો અને શરતોમાં મથાળાં ફક્ત સંદર્ભની સુવિધા માટે કૌંસમાં મુકાયા છે અને નિયમો અને શરતોના ઉપાર્જન અને અર્થઘટનમાં તે ધ્યાનમાં લેવાના નથી,

(d) ''સમાવેશ'' અથવા ''સમાવિષ્ટ'' શબ્દોનો સંદર્ભ કોઈ પણ મર્યાદા વિના ઉપાર્જન કરવાનો રહેશે,

(e) સ્ત્રી, પુરુષ અને તૃતીયપંથીના સંદર્ભમાં લિંગનો સંદર્ભ છે,

(f) કોઈ પણ બાબતમાં આઈસીઆઈસીઆઈ બેન્ક પાસેથી આવશ્યક સર્વ મંજૂરીઓ, પરવાનગીઓ, સંમતિઓ અને સ્વીકાર માટે આઈસીઆઈસીઆઈ બેન્કની પૂર્વ, લેખિત મંજૂરી, પરવાનગી, સંમતિ કે સ્વીકાર આવશ્યક છે,

(g) વિઝા /માસ્ટરકાર્ડ નિયમનોનો સંદર્ભ તેના નેટવર્કની બધી સભ્ય બેન્કોને વિઝા /માસ્ટરકાર્ડ દ્વારા જારી માર્ગદર્શિકા સંબંધમાં છે.

(h) જો કોઈ પણ ઘટના, ઉદભવ, સંજોગ, ફેરબદલ, વાસ્તવિકતા, માહિતી, દસ્તાવેજ, અધિકૃતિ, પ્રક્રિયા, કૃત્ય, છેકછાક, દાવા, ભંગ, કસૂર કે અન્યથા સહિત કોઈ પણ બાબતમાં ભૌતિકતા સંબંધમાં આઈસીઆઈસીઆઈ બેન્ક અને કાર્ડ સભ્ય વચ્ચે કોઈ પણ અસંમતિ કે વિખવાદ ઊભો થવાના સંજોગોમાં કોઈ પણ પૂર્વગામીની ભૌતિકતા તરીકે આઈસીઆઈસીઆઈ બેન્કનો અભિપ્રાય કાર્ડ સભ્ય પર આખરી અને બંધનકારક રહેશે,

(i) કાર્ડ પર અથવા અન્યત્ર ''આઈસીઆઈસીઆઈ બેન્ક ક્રેડિટ કાર્ડ કરાર'' શબ્દના ઉપયોગનો અર્થ આ નિયમો અને શરતો છે.

II. કાર્ડ સેવાઓ

કાર્ડ આઈસીઆઈસીઆઈ બેન્કની સંપદા છે. આઈસીઆઈસીઆઈ બેન્ક નિમ્નલિખિત અબાધિત અધિકાર ધરાવે છે (1) ક્રેડિટ બ્યુરો રિપોર્ટ અથવા તેને જરૂરી લાગી શકે તે મુજબ આવા અન્ય અહેવાલો પ્રાપ્ત કરીને અરજદારની ધિરાણ વિશ્વસનીયતા નક્કી કરી શકે છે અને (2) તેની એકમેવ મરજીથી કોઈ પણ અરજદારને કાર્ડ જારી કરવાનું નકારી શકે છે. કાર્ડ અન્યને નામે નહીં કરી શકાશે અને તેનો ઉપયોગ સમયાંતરે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા અહીં ઉલ્લેખિત શરતો અને તેના દ્વારા નિર્ધારિત કોઈ વધારાની શરતોને આધીન રહેશે. કાર્ડ સભ્યએ કાર્ડ પ્રાપ્ત થતાં જ તુરંત તેની પાછળ સહી કરવાની રહેશે. આઈસીઆઈસીઆઈ બેન્ક કસ્ટમર કેર સેન્ટર અને ? અથવા ઈનફિનિટી બધા કાર્ડ સભ્યોને ઉપલબ્ધ રહેશે. આઈસીઆઈસીઆઈ બેન્ક કસ્ટમર કેર સેન્ટર અને / અથવા ઈનફિનિટી થકી ધિરાણ મર્યાદા વધારવી, લેણદેણ પર પૂછપરછ, કુલ લેણી રકમ, નિવેદનની વિગતો, ચુકવણીની આખર તારીખ વગરેને મર્યાદિત નહીં પરંતુ તેના સહિત કોઈ પણ સેવાઓ / સુવિધાઓ લેતા કાર્ડ સભ્યો સર્વ સમયે સેવાઓ / સુવિધાઓ સંબંધમાં અને સમયાંતરે સુધારણા અનુસાર આવી સુવિધાઓ / સેવાઓ લેવાના માધ્યમ સંબંધમાં આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નિર્ધારિત નિયમો અને શરતો દ્વારા બંધાયેલા રહેશે.

III. કાર્ડનો ઉપયોગ

(a) આંતરરાષ્ટ્રીય પ્રમાણિત કાર્ડના સંજોગોમાં કાર્ડ વિશ્વભરમાં પ્રમાણિત છે, સિવાય કે ધારા ૩ (એચ)માં અહીં નીચે આપ્યા મુજબ. અન્ય કાર્ડના સંજોગોમાં ઉપયોગ ભારતમાં વિઝા / વિઝા ઈલેક્ટ્રોન ક્રેડિટ કાર્ડસ / માસ્ટરકાર્ડ / એમેક્સ સ્વીકારતી વેપારી આસ્થાપનાઓ ખાતે જ નિયંત્રિત રહેશે. જોકે આઇસીઆઇસીઆઇ બેન્કત અને સંબંધિત વેપારી આસ્થાપના કોઈ પણ સમયે, કોઈ પણ કારણ માટે તે વેપારી આસ્થાપના ખાતે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ નકારવાનો અબાધિત અધિકાર ધરાવે છે. ક્રેડિટ કાર્ડ ફક્ત પ્રમાણિત અંગત અથવા અધિકૃત હેતુથી જ ઉપયોગ કરી શકાશે અને તેનો ઉપયોગ કાર્ડ સભ્ય દ્વારા ખોટી રીતે કરવાની મંજૂરી નથી. જો કાર્ડ સભ્ય દ્વારા ઉદભવેલા શુલ્ક પર વેપારી આસ્થાપના દ્વારા ખરીદી કે અન્ય સુવિધા લેવા સામે કોઈ પણ શુલ્ક લાગુ કરવામાં આવે તો તે વેપારી આસ્થાપના સાથે પતાવટ કરવાની રહેશે અને આઇસીઆઇસીઆઇ બેન્ક કોઈ રીતે તે માટે ઉત્તરદાયી નહીં રહેશે. વેપારી આસ્થાપના ખાતે કાર્ડના ઉપયોગ પર કાર્ડ સભ્યએ શુલ્કની રસીદ પર સહી કરવા સમયે શુલ્ક– રસીદની નકલ લેવાનું આવશ્યક છે. કાર્ડ સભ્ય શુલ્કની રસીદ પર સહી કરવા માટે જવાબદાર રહેશે. જો  કાર્ડ સભ્ય શુલ્કની રસીદ પર સહી નહીં કરે તો કાર્ડ સભ્ય લેણદેણ / ણો અને તે સંબંધમાં બધા શુલ્ક માટે ઉત્તરદાયી રહેશે. આઇસીઆઇસીઆઇ બેન્ક કાર્ડ સભ્યને શુલ્કની રસીદની નકલ નહીં આપશે. જોકે કાર્ડ સભ્ય સુસંગત લેણદેણના પિસ્તાળીસ દિવસમાં આવી વિનંતી કરે તો આઇસીઆઇસીઆઇ બેન્ક તેની એકમેવ મરજીથી દરસૂચિ બીડાણમાં ઉલ્લેખિત શુલ્ક લઈને શુલ્ક રસીદની નકલો પૂરી પાડશે. આઇસીઆઇસીઆઇ બેન્ક તેની એકમેવ મરજીથી મેઈલ ઓર્ડર કે ટેલિફોન ઓર્ડર ખરીદીઓના અમલની સુવિધા કાર્ડ સભ્યને પૂરી પાડવા તેની એકમેવ મરજીથી સંમતિ આપે છે. ઓનલાઈન ક્રેડિટ કાર્ડનો ઉપયોગ ઓનલાઈન લેણદેણ / મેઈલ ઓર્ડરો પૂરતો જ નિયંત્રિત રહેશે. ઓનલાઈન ક્રેડિટ કાર્ડ ફક્ત પૂરક કાર્ડ / એડ–ઓન કાર્ડ તરીકે જ જારી કરાશે અને પ્રાઈમરી કાર્ડ તરીકે નહીં અથવા આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા સમયાંતરે તેની એકમેવ મરજીથી જાણકારી અપાય તે અનુસાર. વિઝા એમચેક કાર્ડનો ઉપયોગ મોબાઈલ થકી ચુકવણી અને / અથવા ખરીદી પૂરતો નિયંત્રિત રહેશે. વિઝા એમચેક ક્રેડિટ કાર્ડ પૂરક કાર્ડ તરીકે જ જારી કરાશે અને પ્રાઈમરી કાર્ડ તરીકે નહીં અથવા આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા સમયાંતરે તેની એકમેવ મરજીથી જાણકારી અપાય તે અનુસાર. કાર્ડ સભ્ય એ બાબતે વાકેફ છે કે મેઈલ ઓર્ડર, ટેલિફોન ઓર્ડર કે મોબાઈલ ખરીદીના સંજોગોમાં શુલ્કની રસીદ ખરીદીના સમયે કાર્ડ સભ્ય દ્વારા સહી નહીં કરાશે. આ મુજબ કાર્ડ સભ્ય સ્વીકાર કરે છે કે કોઈ પણ કારણસર આવી ખરીદી કે શુલ્કની વિશ્વસનીયતા કે પ્રમાણીકરણ સંબંધમાં કોઈ પણ વિખવાદના સંજોગોમાં પણ કાર્ડ સભ્ય સર્વ બાકી લેણાં આઇસીઆઇસીઆઇ બેન્કને ચૂકવી દેશે.

(b) સંબંધિત વેપારી આસ્થાપના અને કાર્ડ સભ્ય વચ્ચે સર્વ વિખવાદો તેમની વચ્ચે રહેશે અને કાર્ડ સભ્ય દ્વારા

પતાવટ કરાશે. આઈસીઆઈસીઆઈ બેન્ક તે માટે કોઈ પણ રીતે ઉત્તરદાયી નહીં રહેશે.

(c) કાર્ડ નિમ્નલિખિત અનુસાર ઉપયોગ કરી શકાય છેઃ (1) કાર્ડ સભ્યને આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા સૂચિત કર્યા મુજબ ધિરાણ મર્યાદામાં, અને (2) તેની પર મુદ્રિત મહિનાની છેલ્લી તારીખ પછી નહીં.

(d) કાર્ડ સભ્યના કાર્ડનો ઉપયોગ કરવાના અધિકાર નીચે મુજબ રહેશેઃ (1) નીચે આપેલી ધારા 5 અંતર્ગત સમાપ્તિના સંજોગોમાં અથવા (2) કાર્ડ ગુમ / દુરુપયોગ અથવા ચોરીના સંજોગોમાં.

(e) કાર્ડનો ઉપયોગ કરીને કાર્ડ સભ્યએ તેમના સભ્ય દ્વારા અન્યથા જાણ કરવામાં આવે તે સિવાય આઈસીઆઈસીઆઈ બેન્ક કસ્ટમર કેર / ઈનફિનિટી દરેક કાર્ડ સભ્યને કાર્ડના સમયગાળાનું નૂતનીકરણ અને / અથવા કાર્ડની ફેરબદલી કરવાની સ્થાયી વિનંતી કરી હોવાનું માનવામાં આવશે.

(f) ક્રેડિટ કાર્ડ પ્રોગ્રામ બંધ થવાના સંજોગોમાં અથવા ક્રેડિચ કાર્ડના નૂતનીકરણના સમયે આઈસીઆઈસીઆઈ બેન્ક તેની એકમેવ મરજીથી કાર્ડ સભ્ય પાસેના મોજૂદ કાર્ડના પ્રકારથી અલગ કાર્ડનો પ્રકાર પૂરો પાડવાનો અબાધિત અધિકાર ધરાવે છે. કોઈ પણ સમયે કોઈ પણ ક્રેડિટ કાર્ડ પર ધિરાણ મર્યાદા અને રોકડ મર્યાદા આઈસીઆઈસીઆઈ બેન્ક લિમિટેડની એકમેવ મરજી પર આધાર રાખશે.

(g) કાર્ડ સભ્ય કાર્ડ અને આઈસીઆઈસીઆઈ બેન્ક સાથે સર્વ લેણદેણ સંબંધમાં સર્વ સમયે સારી શ્રદ્ધામાં કૃતિ કરશે.

(h) કાર્ડ સભ્યને જારી આંતરરાષ્ટ્રીય પ્રમાણિત કાર્ડ વિશ્વભરમાં ચાલશે, સિવાય કે નેપાળ અને ભૂતાનમાં વેપારી આસ્થાપનાઓ ખાતે ફોરેન એક્સચેન્જમાં ચુકવણી માટે નહીં ચાલશે. ભારત / નેપાળ / ભૂતાનમાં જ નિયંત્રિત કાર્ડના ઉપયોગ સંબંધમાં તેનો ઉપયોગ ભારત / નેપાળ / ભૂતાનની બહાર કરવામાં આવશે તો "ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ'' (ફેમા) અથવા કોઈ અન્ય સંબંધિત કાયદાનું ઉલ્લંઘન ગણાશે. કાર્ડ સભ્ય આ શરતના ઉલ્લંઘનમાં ખોટી રીતે ઉપયોગ માટે સંપૂર્ણ જવાબદારી સ્વીકારે છે અને કથિત જોગવાઈનું ઉલ્લંઘન કરવાને લીધે કાર્ડ સભ્યને લીધે આઈસીઆઈસીઆઈ બેન્કને ઉદભવનાર કોઈ પણ નુકસાન, હાનિ, હિત, કન્વર્ઝન, કોઈ અન્ય નાણાકીય શુલ્કની ભરપાઈ કરીને આઈસીઆઈસીઆઈ બેન્કને તેનાથી અલિપ્ત રાખવાની બાંયધરી અને સંમતિ આપે છે.

(i) આંતરરાષ્ટ્રીય પ્રમાણિત કાર્ડ ભારતમાં અધિકૃત ડીલર પાસેથી ખરીદી શકાય તે એક્સચેન્જ માટે કોઈ પણ હેતુથી ઈન્ટરનેટ પર કાર્ડનો ઉપયોગ કરી શકે છે.

(j) આંતરરાષ્ટ્રીય પ્રમાણિત કાર્ડ અને સર્વ અન્ય કાર્ડસ લોટરી ટિકિટો, પ્રતિબંધિત કે બંધી લાદેલાં સામયિકો, સ્વીપસ્ટેક્સમાં સહભાગ, કોલબેક સર્વિસીસ માટે પેમેન્ટ, દરિયાપારનાં ફોરેક્સ ટ્રેડિંદ સામે કોઈ પણ સ્વરૂપમાં રેમિટન્સ, દરિયાપારમાં એક્સચેન્જીસ / દરિયાપારની કાઉન્ટરપાર્ટીને માર્જિન કોલ્સ, ઘરઆંગણે / દરિયાપારની બજારોમાં ફોરેન એક્સચેન્જમાં ટ્રેડિંગ વગેરે જેવી પ્રતિબંધિત આઈટમોની ખરીદી માટે ઈન્ટરનેટ પર અથવા અન્યથા ઉપયોગ નહીં કરી શકાશે.

(k) અધિકૃત ડીલરો આયાતકાર ગ્રાહક ભારતની મુલાકાતે આવ્યો હોય કે નહીં તો પણ બારતની બહાર કરાતી નિકાસ માટે ક્રેડિટ કાર્ડમાં ડેબિટ દ્વારા પેમેન્ટ સ્વીકારી શકે છે. આથી અધિકૃત ડીલરોને આયાતકારના ક્રેડિટ કાર્ડમાં ડેબિટ દ્વારા ભારતની બહાર કરાયેલી નિકાસ માટે પેમેન્ટ પ્રાપ્ત થઈ શકે છે, જ્યાં કાર્ડ જારી કરનારી બેન્ક / સંસ્થા પાસેથી વળતર ફોરેન એક્સચેન્જમાં પ્રાપ્ત થશે.

(l) આઈસીઆઈસીઆઈ બેન્ક કોઈ પણ કારણ આપ્યા વિના કાર્ડ પર ઓથોરાઈઝેશન વિનંતી નકારવાની કે સ્વીકારવાની સંપૂર્ણ મરજી અને આઝાદી અનામત રાખે છે. અમુક કિસ્સામાં તેની એકમેવ મરજીને આધીન આઈસીઆઈસીઆઈ બેન્ક લેણદેણ મંજૂર કરવા પૂર્વે અને કાર્ડ અકાઉન્ટમાં શુલ્ક લાગુ કરવા પૂર્વે લેણદેણ ઓથેન્ટિકેટ કરવા માટે કાર્ડ સભ્યને આઈસીઆઈસીઆઈ બેન્ક કસ્ટમર કેર સેન્ટરનો સંપર્ક સાધવા કહી શકે છે.

i. કાર્ડ સભ્ય સંમતિ આપે છે કે તે કોઈ પણ અનધિકૃત / ગેરકાયદે ખરીદી / હેતુઓ માટે પેમેન્ટ તરીકે કાર્ડનો ઉપયોગ નહીં કરશે.

ii. ક્રેડિટ કાર્ડ ફક્ત અંગત ખર્ચ અને હેતુથી જ જારી કરવામાં આવે છે. કાર્ડધારકે કમર્શિયલ કે વેપારી હેતુઓ માટે કશું પણ રિસેલ માટે હોય તેની ખરીદી કરવા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ નહીં કરવો જોઈએ. ક્રેડિટ કાર્ડ ફક્ત કાયદેસર, પ્રમાણિત અંગત હેતુઓ માટે જ ઉપયોગ કરવો જોઈએ અને કોઈ પણ મની લોન્ડરિંગ, અસામાજિક કે સટ્ટાખોરી પ્રવૃત્તિઓ માટે ઉપયોગ નહીં કરવો જોઈએ અથવા વેપારમાં વ્યાવસાયિક હેતુથી ખોટી રીતે ઉપયોગ નહીં કરવો જોઈએ (દા.ત. કાર્યશીલ મૂડીના હેતુઓ).

(m) જો ક્રેડિટ કાર્ડ પ્રતિબંધિત, નિયંત્રિત, વ્યાવસાયિક હેતુઓ કે ઉક્ત ઉલ્લેખ મુજબ કોઈ પણ હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવ્યું છે એવું જોવા મળે તો આઈસીઆઈસીઆઈ બેન્ક તેની એકમેવ મરજીથી સંબંધિત ક્રેડિટ કાર્ડ અને તેની પરનાં વધારાનાં / એડ-ઓન કાર્ડસ કાર્ડધારકને કોઈ પણ સૂચના આપ્યા વિના બંધ કરવાનો તેનો અધિકાર અજમાવશે. આઈસીઆઈસીઆઈ બેન્ક ફોન પર અથવા વિધિસર સંદેશનાં કોઈ અન્ય માધ્યમો થકી પૂછપરછ કરવાનો અને ક્રેડિટ કાર્ડની લેણદેણ, ઉપયોગની શૈલી વિશે વિગતો, માહિતી, પુરાવા વગેરે માગી શકે છે અને કાર્ડધારક સમયાંતરે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા માગવામાં આવેલી માહિતી પૂરી પાડવા માટે કરારબદ્ધ છે. જો કાર્ડધારક પાસેથી સંતોષકારક પ્રતિસાદ નહીં મળે અથવા પ્રતિસાદ નહીં મળે તો આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા ક્રેડિટ કાર્ડ બ્લોક/ બંધ કરવામાં આવી શકે છે. (i) કાર્ડધારકે ક્રેડિટ કાર્ડ સાથે અગાઉ ખરીદી કરેલા કોઈ પણ માલો અથવા સેવાઓ માટે રિફંડ સિવાય કોઈ પણ કારણ માટે કાર્ડ અકાઉન્ટમાં ક્રેડિટ પ્રાપ્ત અથવા રજૂ નહીં કરવું જોઈએ. ક્રેડિટ કાર્ડ પર લેણદેણ કાર્ડ અકાઉન્ટ પર કુલ ધિરાણ મર્યાદાની ઉપયોગ નહીં કરાયેલી રકમ સુધી જ મંજૂર કરાશે.

IV. કાર્ડને, જો કોઈ હોય તો, મોજૂદ સેવિંગ્સ અકાઉન્ટ સાથે જોડવું

અરજદાર પહોંચ અને સંમતિ આપે છે કે તેનું / તેણીનું કાર્ડ આઇસીઆઇસીઆઇ બેન્કની મરજીથી જો કોઈ હોય તો, તેના / તેણીનાં મોજૂદ આઇસીઆઇસીઆઇ બેન્ક સેવિંગ્સ અકાઉન્ટ સાથે જોડવામાં આવશે. અરજદાર એ પણ પહોંચ આપે છે અને સમજે છે કે આવું થવા પર તે / તેણી ઇન્ટરનેટ બેન્કિંગ સેવાઓ અને આઇમોબાઇલ સુવિધા થકી જો કોઈ હોય તો, આઇસીઆઇસીઆઇ બેન્ક સેવિંગ્સ અકાઉન્ટ હેઠળ તેને / તેણીને આપવામાં આવેલી મોજૂદ યુઝર આઈડીનો ઉપયોગ કરીને તેના કાર્ડ અકાઉન્ટને એક્સેસ મેળવી શકશે. અરજદાર આઇસીઆઇસીઆઇ બેન્કને તથાકથિત હેતુથી અરજદાર દ્વારા આપવામાં આવેલી કેવાયસી વિગતોનો ઉપયોગ કરવા માટે સંમતિ અને અધિકૃતિ આપે છે. અરજદાર સમજે છે કે તે / તેણી આઇસીઆઇસીઆઇ બેન્ક કસ્ટમર કેરને કોલ કરીને તેનું / તેણીનું કાર્ડ તેના / તેણીના આઇસીઆઇસીઆઇ બેન્ક સેવિંગ્સ અકાઉન્ટથી ડિલિંક કરી શકે છે.

V. પર્સનલ આઇડેન્ફિકેશન નંબર

કાર્ડ સભ્ય કાર્ડનો ઉપયોગ કરી શકે તે માટે તેને પર્સનલ આઇડેન્ટિફિકેશન નંબર (એપિન) જારી કરાશે. એપિન તેને ટપાલથી મોકલવામાં આવશે અને જો સીલબંધ પરબીડિયા * માં તે તેને પ્રાપ્ત નહીં થાય તો કાર્ડ સભ્યએ આઇસીઆઇસીઆઇ બેન્ક શાખા અથવા આઇસીઆઇસીઆઇ બેન્ક કસ્ટમર કેર સેન્ટરનો સંપર્ક કરવાનો રહેશે. આ એપિન ત્યાર પછી કાર્ડ સભ્ય, પોતાના જોખમે, એટીએમ કે આઇસીઆઇસીઆઇ બેન્કની શાખા અથવા આઇસીઆઇસીઆઇ બેન્ક કસ્ટમર કેર સેન્ટર ખાતે બદલી શકે છે. એપિન કાર્ડ અકાઉન્ટને એક્સેસ આપે છે અને કાર્ડ સભ્ય એપિનના ઉપયોગ, ગોપનીયતા અને રક્ષણ માટે તેમ જ આવા એપિનનો ઉપયોગ કરીને કાર્ડ અકાઉન્ટમાં એન્ટર કરાતા સર્વ ઓર્ડર્સ અને માહિતીમાં ફેરફાર માટે એકમેવ જવાબદારી સ્વીકારે છે. કાર્ડ સભ્ય એપિન તૃતીય પક્ષના ધ્યાનમાં નહીં આવે તે માટે કોઈ પણ સ્વરૂપમાં એપિન નોંધ નહીં કરશે. આઇસીઆઇસીઆઇ બેન્ક એપિન દ્વારા ઓથેન્ટિકેટેડ લેણદેણ અને સૂચનાઓ પાર પાડવા માટે અને તે રિવોક નહીં કરવા કાર્ડ સભ્યને અધિકૃતિ આપે છે. આઇસીઆઇસીઆઇ બેન્ક કાર્ડ સભ્યના એપિનના વેરિફિકેશનનાં માધ્યમ દ્વારા સિવાય કાર્ડ સભ્ય પાસેથી મોકલવામાં આવેલી અથવા મોકલેલી લેણદેણ સૂચનાની વિશ્વસનીયતા વેરિફાઈ કરવાની કોઈ જવાબદારી લેતી નથી. કાર્ડ સભ્ય એપિનની સલામતી જાળવવા માટે અહીં ઉલ્લેખ મુજબ સહિત સર્વ યોગ્ય પગલાં સર્વ સમયે લેશે. જો કાર્ડ સભ્ય સલામતીની આવશ્યકતાઓનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો તે આઇસીઆઇસીઆઇ બેન્ક માટે લાયેબિલિટી ઉદભવી શકે છે. આઇસીઆઇસીઆઇ બેન્ક તેની સંપૂર્ણ મરજીથી મોજૂદ કાર્ડ પર નવો એપિન જારી કરી શકે છે. અહીં નોંધ કરેલી અને સમયાંતરે આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા નિર્દિષ્ટ જોગવાઇઓને આધીન કાર્ડ સભ્ય કાર્ડ અને / અથવા એપિનના કોઈ પણ અયોગ્ય / છેતરામણા / અનધિકૃત / નકલી / ક્ષતિભર્યા ઉપયોગના સંજોગોમાં આઇસીઆઇસીઆઇ બેન્કને ઉત્તરદાયી નહીં ગણશે. આઇસીઆઇસીઆઇ બેન્ક કાર્ડ કોઈ પણ તૃતીય પક્ષના હાથોમાં જાય અથવા એપિન કોઈ પણ તૃતીય પક્ષની

જાણકારીમાં આવે તેને લીધે કોઈ પણ તૃતીય પક્ષ દ્વારા કાર્ડના ઉપયોગ / દુરુપયોગ સંબંધમાં કોઈ પણ પરિણામો માટે ઉત્તરદાયી નહીં રહેશે. જો કોઈ પણ તૃતીય પક્ષો કાર્ડ અકાઉન્ટ સહિત સેવાઓને પહોંચ મેળવે તો કાર્ડ સભ્ય જવાબદાર રહેશે અને આવા એક્સેસ કે ઉપયોગ કે અન્યથા સંબંધમાં અથવા તેને આધારે તૃતીય પડો દ્વારા આવા દુરુપયોગ / ઉપયોગમાંથી ઉદભવનાર કોઈ પણ લાયેબિલિટી, ખર્ચ કે હાનિઓથી  આઈસીઆઈસીઆઈ બેન્કને મુક્ત રાખશે. એપિન વિઝા એમચેક ક્રેડિટ કાર્ડધારકોને જારી કરાતો નથી.

ક્રેડિટ કાર્ડના સભ્યો માટે એપિન નોંધણીકૃત મોબાઈલ નંબર પર એસએમએસ થકી મોકલવામાં આવશે.

જો મોબાઈલ નંબર નોંધણી નહીં કરાવ્યો હોય તો એપિન અલગથી ટપાલના સરનામે મોકલવામાં આવશે. જો એપિન પ્રાપ્ત નહીં થાય તો કાર્ડ સભ્ય આઈસીઆઈસીઆઈ બેન્ક કસ્ટમર કેર પર કોલ કરીને અથવા ઈન્ટરનેટ બેન્કિંગ / આઈમોબાઈલ થકી ઈન્ટરએક્ટિવ વોઈસ રિસ્પોન્સ સિસ્ટમ (આઈવીઆર) પર તે ઊપજાવી શકે છે. જો કાર્ડ સભ્યો ખોટો મોબાઈલ નંબર નોંધાવે તો આઈસીઆઈસીઆઈ બેન્ક તે માટે જવાબદાર નહીં રહેશે.

VI. ઉલ્લંઘન અને સમાપ્તિ/ પાછું ખેંચવું

(a) ઉલ્લંઘનઃ કોઈ પણ કાર્ડ સભ્ય દ્વારા આ નિયમો અને શરતોના ઉલ્લંઘનના સંજોગોમાંઃ (i) આ નિયમો અને શરતોની કોઈ અન્ય જોગવાઈ જે પણ હોય, કાર્ડ સભ્ય આવા ઉલ્લંઘનમાંથી પરિણમનાર કોઈ પણ પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ કોઈ પણ નુકસાન માટે ઉત્તરદાયી રહેશે, અને (ii) કાર્ડ સભ્ય આઈસીઆઈસીઆઈ બેન્કને આપવાની નીકળતી સર્વ બાકી રકમ, જે માગણી કરાય કે નહીં, તે તારીખે આઈસીઆઈસીઆઈ બેન્કને લેણી અને ચૂકવવાપાત્ર સર્વ બાકી રકમ માગણી પર આઈસીઆઈસીઆઈ બેન્કને ચૂકવવા માટે ઉત્તરદાયી રહેશે. (b) સમાપ્તિ/ પાછું ખેંચવુંઃ કાર્ડ સભ્ય કોઈ પણ સમયે આઈસીઆઈસીઆઈ બેન્ક લિમિટેડ, આઈસીઆઈસીઆઈ ફોન બેન્કિંગ સેન્ટર, આઈસીઆઈસીઆઈ બેન્ક ટાવર, 7મો માળ, સર્વે નં. 115 / 27, પ્લોટ નં. 12, નાનાક્રમગુડા, સેરિલિંગમપલ્લી, હૈદરાબાદ– 500 032, ભારત ખાતે કાર્ડ અકાઉન્ટની સમાપ્તિ માટે વિનંતી કરી શકે છે.

(i) તથાકથિત સૂચના ત્યાં સુધી અમલી નહીં બનશે જ્યાં સુધી કાર્ડના હોલોગ્રામ અને મેગ્નેટિક સ્ટ્રાઈપ બંને કાપીને ઉપરના જમણી બાજુના ખૂણાને કાપી નાખવામાં આવે (ઓનલાઈન ક્રેડિટ કાર્ડ અને વિઝા એમચેક ક્રેડિટ કાર્ડ સિવાય) અને આઈસીઆઈસીઆઈ બેન્કને પ્રાપ્ત થાય. તથાકથિત સિવાય કાર્ડ અકાઉન્ટ કે કોઈ પણ કાર્ડ સમાપ્ત નહીં થઈ શકે.

(ii) જો કાર્ડ સભ્ય કાર્ડનો નાશ કર્યા પછી કાર્ડ પર શુલ્ક ઉદભવે પરંતુ કાર્ડ આઈસીઆઈસીઆઈ બેન્કને પ્રાપ્ત નહીં થયું હોય તો કાર્ડ સભ્ય કાર્ડ પર ઉદભવનાર શુલ્ક, જે તેના દુરુપયોગથી પરિણમ્યા હોય કે નહીં હોય અને કાર્ડનો નાશ કર્યાની આઈસીઆઈસીઆઈ બેન્કને જાણકારી આપી હોય કે નહીં તો પણ તે ચૂકવવા કાર્ડ સભ્ય સંપૂર્ણ ઉત્તરદાયી રહેશે.

(iii) આઈસીઆઈસીઆઈ બેન્ક કોઈ પણ સમયે, સૂચના આપીને કે આપ્યા વિના, આઈસીઆઈસીઆઈ બેન્કની સંપૂર્ણ મરજીની આવશ્યકતાના સંજોગોમાં કાર્ડ અકાઉન્ટ અને કાર્ડ સમાપ્ત કરી શકે છે. કાર્ડ સભ્ય અભિવ્યક્તિની રીતે પહોંચ આપે અને સ્વીકાર કરે છે કે જો કાર્ડ સભ્ય બે કે વધુ કાર્ડ અકાઉન્ટ આઈસીઆઈસીઆઈ બેન્કમાં ધરાવતો હોય, જે આ નિયમો અને શરતો હેઠળ શાસિત હોય અને આવા એક કાર્ડ અકાઉન્ટ હેઠળ આઈસીઆઈસીઆઈ બેન્કને લેણા પેમેન્ટ ચૂકવવામાં કસૂર કરે તો આઈસીઆઈસીઆઈ બેન્ક સર્વ અન્ય આઈસીઆઈસીઆઈ બેન્કનાં કાર્ડ અકાઉન્ટ / ન્ટ્સ હેઠળ ઉપલબ્ધ કરાયેલી ધિરાણ મર્યાદા બ્લોક કરવા તેમ જ આવાં સર્વ કાર્ડ અકાઉન્ટ / ન્ટ્સ હેઠળ ઉપલબ્ધ કરાયેલાં આવા વિશેષાધિકારો / લાભો પાછા ખેંચી લેવાની ત્યાં સુધી પાછા ખેંચી લેવાની અધિકૃતિ ધરાવે છે જ્યાં સુધી કાર્ડ સભ્ય દ્વારા કસૂર કરેલું કાર્ડ અકાઉન્ટ ફરીથી નિયમસર નહીં બનાવવામાં આવે. કાર્ડ સભ્ય એ પણ સંમતિ અને પહોંચ આપે છે કે આઈસીઆઈસીઆઈ બેન્કને ઉક્ત માટે વધારાની કોઈ પણ સૂચના આપવાનું આવશ્યક નહીં રહેશે.

(iv) કાર્ડ અકાઉન્ટની સમાપ્તિ અને આઈસીઆઈસીઆઈ બેન્ક અને કાર્ડ સભ્ય વચ્ચે કોઈ પણ પૂર્વ–કરાર હોય તો પણ નિમ્નલિખિતથી વિસંગત રહેશેઃ (A) તે સમયે નિવેદનમાં દર્શાવાયું હોય કે નહીં હોય, બાકી સર્વ શુલ્કની એકંદર રકમ અને (B) સમાપ્તિ પછી ઉદભવનારા કોઈ પણ સ્વૈચ્છિક શુલ્કની રકમ (સુસંગત લેણદેણ સૂચનાના તારીખથી અમલી) તે પછી દર્શાવવામાં આવી હોય તેમ અને સમયાંતરે લાગુ મુજબ ઉદભવનાર આવા શુલ્કની તારીખના રોજ ઉપાર્જિત વ્યાજ લેણાં બનશે અને કાર્ડ સભ્ય ચૂકવવાપાત્ર રહેશે.

(v) આઈસીઆઈસીઆઈ બેન્ક, તેની એકમેવ મરજીથી, હંગામી અથવા કાયમી, કોઈ પણ સૂચના કે તેની પર કોઈ પણ કારણ આપ્યા વિના કોઈ પણ સમયે કાર્ડ પરના વિશેષાધિકારો પાછા ખેંચી લેવા અને / અથવા કાર્ડ રદ કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે. જો હંગામી રીતે પાછા ખેંચાયા હોય તો વિશેષાધિકાર આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા તેની એકમેવ મરજીથી પુનઃસ્થાપિત કરાશે. કાયમી પાછું ખેંચી લેવાના સંજોગોમાં આઈસીઆઈસીઆઈ બેન્ક કાયમી ધોરણે કાર્ડ સભ્યને સભ્યપદ નકારવાનો અધિકાર ધરાવે છે. જોકે અત્રે એ પણ સ્પષ્ટ કરવામાં આવે છે કે આ રીતે પાછા ખેંચી લેવામાં (હંગામી કે કાયમી) કાર્ડમાં લાગુ સર્વ લાભો, વિશેષાધિકારો અને તેની સાથે સંકળાયેલી સેવાઓ આપોઆપ પાછી ખેંચવાનો સમાવેશ થાય છે. આ રીતે હંગામી કે કાયમી રીતે પાછા ખેંચી લેવાના સંજોગોમાં કાર્ડ સભ્ય આવા પાછા ખેંચી લેવા પૂર્વે કાર્ડ પર ઉદભવેલા સર્વ શુલ્ક સાથે તેની પર લાગુ સર્વ અન્ય શુલ્ક માટે સંપૂર્ણ ઉત્તરદાયી રહેશે, સિવાય કે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા અન્યથા નિર્દિષ્ટ કરવામાં આવે. કાર્ડ તેની પર નોંધ કરેલો વેલિડિટી સમયગાળો ગમે તે હોય તો પણ કોઈ પણ સમયે પાછું ખેંચી લેવાઈ શકે અને કાર્ડ અકાઉન્ટ બંધ કરાઈ શકે છે. કાર્ડ સભ્ય વિનંતી કરીને આઈસીઆઈસીઆઈ બેન્ક કે તેના

પ્રતિનિધિને કાર્ડ સુપરત કરવાની સંમતિ આપે છે. તેના વિશેષાધિકારો પાછા ખેંચી લેવાની સૂચના પછી કાર્ડનો ઉપયોગ છેતરપિંડી ગણાશે અને કાર્ડ સભ્ય સામે કાનૂની કાર્યવાહી થઈ શકે છે.

VII. સુલ્ક અને પેમેન્ટ્સ

શુલ્કમાં નિમ્નલિખિત દરેકનો સમાવેશ થાય છેઃ

(A) સ્વૈચ્છિક શુલ્કમાં સમાવિષ્ટ છેઃ લેણદેણ સૂચના દ્બારા કરવામાં આવેલા માલો અને / અથવા સેવાઓની કોઈ પણ ખરીદીની રકમ. લેણદેણ સૂચના અંતર્ગત આપવામાં આવેલી કોઈ પણ કેશ એડવાન્સની રકમ. કાર્ડ સભ્યએ લેણદેણ સૂચના અન્વયે કાર્ડ અકાઉન્ટમાંથી આઈસીઆઈસીઆઈ બેન્કના કાપી લેવાની વિનંતી કરી હોય તે કોઈ પણ રકમ.

(B) અસ્વૈચ્છિક શુલ્કમાં સમાવિષ્ટ છેઃ જોડાવાના, વાર્ષિક, ફેરબદલી, નૂતનીકરણ, હાથ ધરવાની, વિલંબ પેમેન્ટ અને અન્ય ફી સહિત કાર્ડ અકાઉન્ટ અથવા કાર્ડ સંબંધમાં આઈસીઆઈસીઆઈ બેન્ક દ્બારા લાગુ કોઈ પણ ફી. જોડાવાની / વાર્ષિક ફી આઈસીઆઈસીઆઈ બેન્કના પ્રવર્તમાન દરે કાર્ડ અકાઉન્ટમાંથી કાપી લેવાશે. આ ફી નોન– રિફંડેબલ રહેશે. સભ્યપદના નૂતનીકરણ સામે વાર્ષિક ફી કાર્ડ સભ્ય દ્બારા કાર્ડની પ્રથમ એનિવર્સરીના રોજ અથવા પૂર્વે ચૂકવવાપાત્ર રહેશે. આઈસીઆઈસીઆઈ બેન્ક દ્બારા સમયાંતરે લાગુ કરાઈ શકે તે લેણદેણના ચોક્કસ પ્રકાર પર સેવા શુલ્ક લાગુ કરાશે. અસ્વૈચ્છિક શુલ્કની ગણતરીની પદ્ધતિ સમયાંતરે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્બારા જાણ કર્યા મુજબ રહેશે.

(C) અહીં ઉપર નિર્દિષ્ટ કોઈ પણ શુલ્કની રકમની આઈસીઆઈસીઆઈ બેન્કની નોંધ, પ્રગટ ક્ષતિની ગેરહાજરીમાં, કાર્ડ સભ્ય પર આખરી અને બંધનકારક રહેશે અને આઈસીઆઈસીઆઈ બેન્ક દ્બારા સ્વૈચ્છિક શુલ્ક અન્વયે કોઈ પણ ચુકવણી અમલી કરી હોય તે સંજોગોમાં તારણાત્મક રહેશે. સર્વ કાનૂની કર, જીએસટી, સર્વ અન્ય ડ્યુટી (કાર્ડ સંબંધમાં જો કોઈ હોય તો સ્ટેમ્પ ડ્યુટી અને સુસંગત નોંધણી શુલ્ક સહિત) અને કાર્ડ સંબંધમાં કે જોડાણમાં સરકાર કે અન્ય પ્રશાસન દ્બારા સમયાંતરે લાગુ કરાઈ શકે તે કર (કોઈ પણ વિવરણ કરાયેલા).

(D) વિલંબિત અથવા સુધારિત શુલ્ક

a) હોટેલ, કાર રેન્ટલ કંપની કે ક્રુઝ લાઈન લેણદેણ કે કોઈ અન્ય લેણદેણ માટે વિલંબ કે સુધારિત શુલ્ક માટે જો કાર્ડ સભ્ય ઉત્તરદાયી હોવાની સંમતિ આપે તો વેપારી વિલંબ કે સુધારિત શુલ્કની પ્રક્રિયા કરી શકે છે.

b) વિલંબ અથવા સુધારિત શુલ્ક સંબંધિત લેણદેણની લેણદેણ તારીખના ૭૦ કેલેન્ડર દિવસોમાં કાર્ડ અકાઉન્ટમાં પ્રક્રિયા કરાશે.

c) આ લેણદેણમાં રૂમ, ખાદ્ય અને પીણાંના શુલ્ક, કર, ઇંધણ, વીમો, રેન્ટલ ફી, રેન્ટલ વાહનને હાનિ, પાર્કિંગ ટિકિટો અને અન્ય ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન અને ક્રુઝ લાઈન વહાણ પર માલો અને સેવાઓની

ખરીદીનો સમાવેશ હોઈ શકે છે.

(E) આંતરરાષ્ટ્રીય વેલિડ કાર્ડ્સ સિવાયના કાર્ડ્સ સંબંધમાં ફોરેન કરન્સીમાં શુલ્કની બાબતમાં આઇસીઆઇસીઆઇ બેન્ક તેની નોંધ લેવા બંધાયેલી નથી અને નેપાળ અને ભૂતાન સિવાયના પ્રદેશોમાં ફોરેન કરન્સીમાં ઉદભવનાર કોઈ પણ શુલ્ક સંબંધમાં કોઈ રીતે ઉત્તરદાયી નહીં રહેશે. તથાકથિતના પૂર્વગ્રહ વિના આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા કરવામાં આવતી આવા શુલ્કની કોઈ પણ ચુકવણી કાર્ડ સભ્ય સાથે સંપૂર્ણ આધાર સાથે રહેશે અને આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા તે પછી આવા શુલ્ક કે ચુકવણી ઉદભવવા સંબંધમાં કોઈ પણ લાયેબિલિટીથી કાર્ડ સભ્યને છૂટો કર્યો છે એવું નહીં માનવામાં આવશે. આઇસીઆઇસીઆઇ બેન્ક કાર્ડ સભ્ય દ્વારા આવા પેમેન્ટનાં બધાં પરિણામ સામે સંપૂર્ણ મુક્ત અને હાનિરહિત રહેશે.

(F) રેલવે સાથે લેણદેણઃ

ક્રેડિટ કાર્ડથી ટિકિટ બુક કરવામાં આવે ત્યારે કાર્ડ સભ્યએ જો લાગુ હોય તો કોઈ પણ વધારાના શુલ્કને આધીન ટિકિટની ખરીદી માટે ચુકવણી કરવાની રહેશે. ત્યાર પછી કોઈ પણ ટિકિટ રદ કરવા સામે રકમ આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા જેમ અને જ્યારે તે માટે ક્રેડિટ પ્રાપ્ત થાય ત્યારે કાર્ડ અકાઉન્ટ (રદ કરવાના શુલ્ક કાપીને)માં જમા કરવામાં આવશે.

જોકે ટિકિટની ખરીદી માટે ડેબિટ હોય ત્યાં ખરીદીની તારીખ, રદ થયાની તારીખને સમર્થન આપતો પત્ર અને નિવેદનની નકલ સાથે મળીને રદ કરવાની તારીખથી 150 દિવસમાં કાર્ડ સભ્ય દ્વારા આઇસીઆઇસીઆઇ બેન્કને શુલ્કની રસીદ સફળતાથી સુપરત કરવા પર ક્રેડિટ કાર્ડ સભ્યના કાર્ડ અકાઉન્ટમાં પોસ્ટ કરાશે. લાગુ મુજબ લેણદેણ ફી લેવામાં આવશે.

(G) ફ્યુઅલ સ્ટેશન ખાતે લેણદેણઃ

કાર્ડ સભ્ય ઇંધણની ચુકવણી કરવા કાર્ડનો ઉપયોગ કરે ત્યારે તેને દરસૂચિ બીડાણમાં ઉલ્લેખ મુજબ લેણદેણ ફી લાગુ કરાશે.

ઓફ્ફ અપ ટર્મિનલ્સ અને નોન– એચપીસીએલ આઉટલેટ્સ ખાતે ઇંધણની ખરીદી પર સરચાર્જ રિવર્સલમાં જીએસટીનો સમાવેશ નહીં રહેશે.

(H) કાર્ડ સભ્ય ક્રેડિટ કાર્ડના ઉપયોગથી શુલ્ક ઉદભવતાં જ ઉત્તરદાયી બનશે. જો ચુકવણીની આખર તારીખના રોજ કોઈ બાકી રકમ (બિલમાં હોય કે નહીં) ચૂકવવાનું બાકી હોય તો આવી બાકી રકમ દરસૂચિ બીડાણમાં નિર્દિષ્ટ અનુસાર આવા શુલ્ક ધરાવશે અને વહન કરશે. શુલ્ક સરેરાશ રોજની બેલેન્સની પદ્ધતિથી ગણતરી કરાશે અને નિમ્નલિખિત તારીખોમાંથી એકમાં લાગુ કરાશેઃ જ્યાં શુલ્ક માલો કે સેવાઓની ખરીદી સંબંધમાં હોય ત્યાં આઇસીઆઇસીઆઇ બેન્કની નોંધમાં સમાવિષ્ટ તે તારીખથી. શુલ્ક રોકડના ઉપાડ સંબંધમાં હોય ત્યાં આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા ચુકવણીની પ્રાપ્તિની તારીખ સુધી આવા ઉપાડની તારીખથી.

(I) નિવેદનમાં જાણ કર્યા મુજબ ચુકવણીની આખર તારીખના રોજ અથવા તે પૂર્વે બધા શુલ્ક તુરંત ચૂકવવા માટે કાર્ડ સભ્યના ઉત્તરદાયિત્વના કોઈ પણ પૂર્વગ્રહ વિના કાર્ડ સભ્ય નિવેદનમાં સંકેત આપેલી લઘુતમ લેણી રકમ (એમએડી) જ ચુકવણીની આખર તારીખના રોજ અથવા પૂર્વે ચૂકવવાનો વિકલ્પ અજમાવી શકે છે. એમએડી કુલ લેણી રકમના 5% રહેશે અથવા આઇસીઆઇસીઆઈ બેન્ક દ્વારા તેની એકમેવ મરજીથી નક્કી કર્યા મુજબ આવી અન્ય રકમ રહેશે. હપ્તામાં કોઈ પણ પુનઃચુકવણીના સંજોગોમાં નિવેદનના સમયગાળા દરમિયાન લેણી હપ્તાની રકમ  લઘુતમ લેણી રકમમાં ઉમેરવામાં આવશે. જો કુલ બાકી રકમ ક્રેડિટ કે કેશ લિમિટથી વધુ હોય ત્યાં ક્રેડિટ અથવા કેશ લિમિટ દ્વારા રકમ વધી જાય તો એમએડીમાં પણ સમાવિષ્ટ કરાશે.

લઘુતમ લેણી રકમમાં જો કોઈ હોય તો, અગાઉનાં નિવેદનોની નહીં ચૂકવેલી લઘુતમ લેણી રકમનો પણ સમાવેશ રહેશે. જો ફક્ત એમએડી ચૂકવવામાં આવી હોય ત્યાં લેણદેણની તારીખથી કુલ લેણી રકમની બાકી રકમ પર વ્યાજ લાગુ કરાશે. કાર્ડ સભ્ય દ્વારા ફક્ત એમએડી ચૂકવવાનો આવો વિકલ્પ અજમાવવામાં આવ્યો હોય ત્યાં તે નિમ્નલિખિત વિશેષ નિયમો અને શરતોને આધીન વધારાનો રહેશેઃ

a) નિવેદનની પ્રાપ્તિ પર કાર્ડ સભ્ય ઈનફિનિટી પેમેન્ટ, ચેક પેમેન્ટ, ડ્રાફ્ટ પેમેન્ટ, કેશ પેમેન્ટ, ઓટો ડેબિટ પેમેન્ટ, આરટીજીએસ પેમેન્ટ, ક્લિક ટુપે પેમેન્ટ અથવા એનઈએફટી પેમેન્ટની રીતે નિમ્નલિખિત કોઈ પણ પદ્ધતિથી નિવેદનમાં સંકેત મુજબ કુલ લેણી રકમ અથવા ચુકવણીની આખર તારીખ સુધી લઘુતમ લેણી રકમ (એમએડી)ની સમકક્ષ અથવા વધુ રકમ આઇસીઆઇસીઆઈ બેન્કને ચુકવણી કરી શકે છે.

b) કાર્ડના ઉપયોગથી ઉદભવનાર સર્વ શુલ્ક (ઉપર ધારા (એચ)માં નોંધ અનુસાર પદ્ધતિથી સેવા શુલ્ક ભોગવશે અને વહન કરશે.

c) જો પેમેન્ટ એમએડી માટે કરાયું હોય અથવા કુલ લેણી રકમથી કોઈ પણ રકમ ઓછી હોય તો વ્યાજ અને સેવા શુલ્ક ખરીદીની તારીખથી અથવા ત્યાર બાદ ઉગભવનારી નવી ખરીદીની તારીખથી ત્યાર પછીની ચુકવણીની તારીખ સુધી કુલ બાકી રકમ પર લાગુ થશે. ઉપર નિર્ધારિત શુલ્ક ઉપરાંત  ચુકવણી આખર તારીખ સુધી લઘુતમ લેણી રકમ (એમએડી) નહીં ચૂકવવામાં આવે તો વિલંબ ચુકવણી શુલ્ક લાગુ થશે. કોઈ પણ એમએડી કે તેનો હિસ્સો ચૂકવાયો હોય તો કાર્ડ સભ્ય પાસેથી આઇસીઆઇસીઆઈ બેન્ક દ્વારા તેની પ્રાપ્તિ પર ચુકવણીની તારીખ પછી વ્યાજ નહીં આકર્ષશે.

* આઇસીઆઇસીઆઈ બેન્ક તેની એકમેવ મરજીથી, કોઈ પણ સમયે, કોઈ પણ પૂર્વસૂચના વિના કોઈ પણ કાર્ડ સભ્યના સંબંધમાં પૂર્વવર્તી ધારાઓમાં વિવરણ અનુસાર ફક્ત એમએડી ચૂકવવા માટે વિકલ્પ પાછો ખેંચી શકે છે. આઇસીઆઇસીઆઈ બેન્ક દ્વારા અન્યથા સંમતિ અપાઈ હોય તે સિવાય ચોક્કસ નિવેદનમાં નિર્દિષ્ટ રકમ સામે કાર્ડ સભ્ય પાસેથી પ્રાપ્ત કોઈ પણ ચુકવણી 20 ઓક્ટોબર, 2008થી અમલી નિમ્નલિખિત આદેશ સામે આવાં લેણાંનું વિનિયોજન કરશેઃ

1. સર્વ કર, ફી, વ્યાજ, ખર્ચ, શુલ્ક, ખર્ચા,

2. ક્રેડિટ કાર્ડસ પર પર્સનલ લોન સામે પેમેન્ટ અને બાકી ટ્રાન્સફર સવુધા પર ચૂકવવાપાત્ર હપ્તા,
3. રિટેઈલ ખરીદી માટે હપ્તાની ચુકવણી (જ્યાં રિટેઈલ ખરીદી સામે પેમેન્ટ હપ્તામાં પરિવર્તિત કરવામાં આવી હોય),
4. ફોન સુવિધા પર રોકડ ઉપાડ અને ડ્રાફ્ટ સામે પેમેન્ટ,
5. કાર્ડ સભ્ય દ્વારા ઉપલબ્ધ કરાઈ શકે તે બેલેન્સ ટ્રાન્સફર સુવિધાના અન્ય પ્રકારો સામે પેમેન્ટ,
6. રિટેઈલ ખરીદીઓ સામે પેમેન્ટ.

અહીં ઉપર સમાવિષ્ટ ગમે તે હોય તો પણઃ (i) આઈસીઆઈસીઆઈ બેન્ક, તેની મરજીથી, સંબંધિત દસ્તાવેજો કે અન્યથામાં નિર્દિષ્ટ આદેશમાં આઈસીઆઈસીઆઈ બેન્ક પાસેથી કાર્ડ સભ્ય દ્વારા ઉપલબ્ધ કરાયેલી અન્ય સુવિધાઓ સંબંધમાં કાર્ડ સભ્ય દ્વારા ચૂકવવાપાત્ર, જો કોઈ હોય તો, લેણાં સામે આવી ચુકવણીઓનું વિનિયોજન કરી શકે છે, (ii) વિનિયોજન કરવાનો આદેશ આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા સુધારવામાં આવી શકે છે. આવા વિનિયોજન પછી, જો કોઈ હોય તો, વધારાની રકમ આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા ઊપજાવવામાં આવનારાં તુરંત આગામી નિવેદન / નોમાં નિર્દિષ્ટ રકમ સામે વિનિયોજન કરાઈ શકે છે. આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ અકાઉન્ટમાં ધિરાણ મર્યાદા નિયુક્ત કરશે, જે કોઈ પણ સમયે વધુ નહીં હોવી જોઈએ.

જોકે બાકી લેણાં ધિરાણ મર્યાદાથી વધી જાય તો વધારાની રકમ પર વધારાના શુલ્ક લાગુ કરાશે.

કાર્ડ સભ્ય તેના સભ્યપદના 12 મહિના પૂરા થવા પર ધિરાણ મર્યાદા અને / અથવા રોકડ મર્યાદા (જો આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા પૂરી પાડવામાં આવે)ની સમીક્ષા / વધારો /ઘટાડો કરવા માટે અરજી કરવા હકદાર છે.

આવી સમીક્ષા બાદ જો કોઈ હોય તો, ધિરાણ મર્યાદા અને /અથવા રોકડ મર્યાદામાં ફેરફાર આઈસીઆઈસીઆઈ બેન્કની એકમેવ મરજી પર રહેશે. આઈસીઆઈસીઆઈ બેન્ક તેની એકમેવ મરજીથી કોઈ પણ સમયે કાર્ડ પર નિયુક્ત ધિરાણ મર્યાદા અને / રોકડ મર્યાદાની સમીક્ષા (વધારો કે ઘટાડો સહિત) કરવા હકદાર છે અને ધિરાણ મર્યાદા અને / અથવા રોકડ મર્યાદાનો વધારો જ કાર્ડ સભ્યની સંમતિથી આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા અમલ કરાશે.

નોંધઃ આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા કુલ રકમનાં લેણાં માટે ચુકવણી જો ચુકવણીની આખર તારીખના રોજ અથવા પૂર્વે પ્રાપ્ત થાય તો કોઈ સેવા શુલ્ક લાગુ નહીં કરાશે. જોકે બધી રોકડ લેણદેણ અને ડ્રાફ્ટ્સ માટે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા પ્રાપ્ત તે માટેની ચુકવણી સુધી લેણદેણની તારીખથી પ્રવર્તમાન દરે સેવા શુલ્ક લાગુ થશે.

(J) આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ સભ્ય દ્વારા તેના કાર્ડ અકાઉન્ટમાંથી ક્રેડિટ કરીને અને આઈસીઆઈસીઆઈ બેન્ક પાસે સ્થાપિત કર્યું હોઈ શકે તે મુજબ આવા અન્ય અકાઉન્ટમાં સમાન રકમ ડેબિટ કરીને તેના ક્રેડિટ કાર્ડ

પેમેન્ટનો અમલ કરવા માટે કાર્ડ સભ્ય દ્વારા આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો અમલ કરવા હકદાર છે, પરંતુ બંધાયેલી નથી. કાર્ડ અકાઉન્ટ પર બાકી સંપૂર્ણ રકમ સાથે કોઈ પણ બાકી ક્રેડિટ કાર્ડ લેણદેણની રકમ, જેનો અમલ કરાયો હોય પણ કાર્ડ અકાઉન્ટમાં લાગુ નહીં કરાયું હોય તે કોઈ પણ બાકી કાર્ડની લેણદેણની રકમ સાથે તુરંત લેણી થશે અને તેના મૃત્યુના સંજોગોમાં (ક્રેડિટ શિલ્ડ લાભ સમાયોજિત કર્યા પછી*) અથવા કાર્ડ સભ્ય ફડચામાં જાય અથવા વેપાર સમેટી લે તે સંજોગો તેના અનુગામીઓ, નોમિનીઓ, કાનૂની વારસદારો દ્વારા આઈસીઆઈસીઆઈ બેન્કને સંપૂર્ણ ચૂકવવા પાત્ર રહેશે. *વિગતો માટે કૃપા કરીને વિઝિટ કરો icicibank.com.

(K) કાર્ડ સભ્ય અભિવ્યક્તિ થકી સ્વીકાર કરે છે કે જો તે લેણાં હોય ત્યારે અથવા અન્યથા લેણાં બન્યાં હોય તે તારીખ પૂર્વે લેણાં જાહેર કરાયાં હોઈ શકે તે કોઈ પણ નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય અથવા કાર્ડ સભ્ય કોઈ પણ  નાણાકીય / ધિરાણ / અન્ય સુવિધા માણતો હોય તેના હેઠળ આઈસીઆઈસીઆઈ બેન્ક સાથે કરાર હેઠળ કોઈ પણ કસૂર કરે તો આઈસીઆઈસીઆઈ બેન્ક તેની એકમેવ મરજીથી, પૂર્વગ્રહ વિના, આ નિયમો અને શરતો અને / અથવા લાગુ કાયદામાં ઉપલબ્ધ બધા કે તેના કોઈ પણ અધિકારો કે ઉપાયો અજમાવી શકે છે.

(L) ચુકવણીમાં વિલંબના સંજોગોમાં અહીં આઈસીઆઈસીઆઈ બેન્કના અન્ય અધિકારોના પૂર્વગ્રહ વિના આઈસીઆઈસીઆઈ બેન્ક ક્રેડિટ કાર્ડ નહીં સ્વીકારવા માટે વેપારી આસ્થાપનાઓને સૂચના આપીને ક્રેડિટ કાર્ડના વિશેષાધિકારો પાછા ખેંચી લેવાનો અબાધિત અધિકાર ધરાવે છે. કાર્ડ સભ્ય સ્વીકાર કરે છે કે તેની એકમેવ મરજીથી આઈસીઆઈસીઆઈ બેન્ક કે તેના નિયુક્ત પ્રતિનિધિઓ /એજન્ટો, કાર્ડ પર અગાઉ ઉદભવેલા શુલ્ક સામે ચુકવણી માટે તેની સાથે કોઈ પણ સમયે ફોલો–અપ કરી શકે છે. કાર્ડ સભ્ય એ પણ સંમતિ આપે છે કે કાર્ડના નૂતનીકરણ / ફેરબદલી, ડુપ્લિકેટ નિવેદન / શુલ્કની રસીદ, કેશ એડવાન્સ માટે લેણદેણ ફી, આઉટસ્ટેશન ચેક માટે કલેકશન શુલ્ક, રિટર્ન્ડ પેમેન્ટ્સ માટે દંડની ફી અને સમાન ખર્ચ અને કાનૂની પગલાં લેવામાં આવે તો સર્વ કાનૂની ખર્ચ અને વ્યાજ સાથે હુકમની રકમ સહિત સંબંધિત અને ઘટનાત્મક બાબતો માટે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા ઉદભવનાર બધાં લેણાં, બધા શુલ્કની વસૂલીના સર્વ ખર્ચ (કાનૂની ખર્ચ સહિત) ચૂકવશે. સર્વ શુલ્ક પર વિગતો માટે દરસૂચિ બીડાણ જુઓ.

(M)કાર્ડધારક / કાર્ડ સભ્ય જો સુસંગત આખર તારીખો પર તેનાં બાકી લેણાં નહીં ચૂકવે તો આઈસીઆઈસીઆઈ બેન્ક અહીંની ધારાઓ સંબંધિત આઈસીઆઈસીઆઈ બેન્કના વિવિધ અધિકારો અને ઉપાયો ઉપરાંત, કાર્ડધારક /  કાર્ડ સભ્યની કંપનીને કાર્ડધારક /  કાર્ડ સભ્યને કંપનીએ ચૂકવવાપાત્ર વેતન / પગારમાંથી કપાત / તો કરવા અને કાર્ડધારક /  કાર્ડ સભ્ય દ્વારા આઈસીઆઈસીઆઈ બેન્કને તેની લેણી સર્વ રકમ સંપૂર્ણ ચૂકવે નહીં ત્યાં સુધી આઈસીઆઈ બેન્કને રેમિટ કરવા સંપર્ક કરવાનો અફર રીતે હક અને અધિકૃતિ ધરાવે છે. આવી કપાત કરાનારી તે માત્રામાં રકમ આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડધારક /  કાર્ડ સભ્યની કંપનીને જાણ કરી શકે છે (અને સૂચના આપી શકે છે). કાર્ડધારક /  કાર્ડ સભ્ય આવી કપાતો સામે કોઈ પણ વાંધો નહીં લેશે કે

ઉઠાવશે / નિર્માણ નહીં કરશે. કાર્ડધારક / કાર્ડ સભ્ય અને / અથવા કાર્ડધારકની / કાર્ડ સભ્યની કંપનીને શાસિત કરતા કોઈ પણ કાયદા કે કરાર આઈસીઆઈસીઆઈ બેન્કને કાર્ડધારક / કાર્ડ સભ્યની કંપની દ્વારા આવશ્યક આવી કપાત અને ચુકવણી આઈસીઆઈસીઆઈ બેન્કના તથાકથિત અધિકારને કોઈ પણ રીતે નિવારી કે નિયંત્રિત નહીં કરી શકે.

VIII. રોકડ ઉપાડ

કાર્ડ સભ્ય આઈસીઆઈસીઆઈ બેન્કની શાખા ખાતે ટેલર કાઉન્ટરો પરથી / ચુનંદાં આઈસીઆઈસીઆઈ બેન્ક સ્થળોના ઓટોમેટેડ ટેલર મશીન (એટીએમ) અથવા આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા સમયાંતરે નક્કી કરાઈ શકે અથવા સમયાંતરે કાર્ડ કાર્ડ સભ્યને આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નિર્દિષ્ટ કરાય તે મુજબ કોરસ્પોન્ડન્ટ બેન્કો / અન્ય સ્થળો ખાતેથી કટોકટીમાં રોકડ મેળવવા માટે કાર્ડનો ઉપયોગ કરી શકે છે. આ સુવિધા હેઠળ કોઈ પણ સમયે ઉપાડી શકાતી કુલ રકમ દરેક કાર્ડ સભ્ય માટે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નિર્દિષ્ટ અનુસાર ઉપલબ્ધ રોકડ મર્યાદાથી વધુ નહીં હોવી જોઈએ.

કાર્ડ સભ્યએ એટીએમ દ્વારા ઊપજાવવામાં આવેલી લેણદેણની નોંધ તેની પાસે જાળવી રાખવાનું આવશ્યક છે. સર્વ શુલ્ક પર લેણદેણ ફી લાગુ કરાશે અને ત્યાર પછી આપવામાં આવેલા નિવેદનમાં કાર્ડ સભ્યને લાગુ કરાશે. ઉપરાંત સર્વ રોકડ ઉપાડ પર સેવા શુલ્ક લાગુ થશે, જે આઈસીઆઈસીઆઈ બેક દ્વારા પેમેન્ટ પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી આવા ઉપાડની તારીખથી સરેરશ રોજની બાકી બેલેન્સ પદ્ધતિથી ગણતરી કરાશે. આ સેવા શુલ્ક કાર્ડ અકાઉન્ટમાંથી કાપી લેવાશે. ઉક્ત ઉલ્લેખ મુજબ લેણદેણ ફી અને સેવા શુલ્ક નોન– રિફંડેબલ છે. ચુનંદા કાર્ડ પર રોકડ મર્યાદા આઈસીઆઈસીઆઈ દ્વારા નિર્દિષ્ટ કરાય તે અનુસાર રહેશે, જે કાર્ડ જારી કર્યાની તારીખથી પ્રથમ એકસો એંશી દિવસ શૂન્ય રહેશે. પ્રથમ 180 દિવસના સમયગાળાની સમાપ્તિ પછી રોકડ મર્યાદા આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા તેની એકમેવ મરજીથી અને સમયાંતરે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા જાણ કરાય તે અનુસાર આવી શરતો પર ઉપલબ્ધ કરાશે.

IX. ફોન પર ડ્રાફ્ટ

ડ્રાફ્ટ્સ જારી કરવા માટે વિનંતી આઈસીઆઈસીઆઈ બેન્ક કસ્ટમર કેર સેન્ટર થકી ટેલિફોન પર કાર્ડ અકાઉન્ટ પર કરી શકાશે. બધા ડ્રાફ્ટ્સ ઉપલબ્ધ રોકડ મર્યાદાથી વધુ નહીં તેવી રકમ માટે જ જારી કરાશે અને બધાં ડ્રાફ્ટ્સ પર લેણદેણ ફી લાગુ કરાશે અને કાર્ડ સભ્યને નિવેદનમાં બિલ થકી મોકલવામાં આવશે. લેણદેણ ફી ઉપરાંત બધાં ડ્રાફ્ટ્સ પર સેવા શુલ્ક પણ લાગુ થશે અને તે આઈસીઆઈસીઆઈ બેન્કને કાર્ડ સભ્ય દ્વારા ડ્રાફ્ટ જારી કર્યાની તારીખથી પુનઃચુકવણીની તારીખ સુધી ચૂકવવાપાત્ર છે. સેવા શુલ્ક આઈસીઆઈસીઆઈ બેન્કના પ્રવર્તમાન દરે કાર્ડ અકાઉન્ટમાંથી કાપી લેવાશે.

ઉપર ઉલ્લેખ મુજબ લેણદેણ ફી અને સેવા શુલ્ક નોન– રિફંડેબલ રહેશે. આઈસીઆઈસીઆઈ બેન્ક પૂર્વસૂચના આપ્યા વિના અને કાર્ડ સભ્ય પ્રત્યે કોઈ પણ ઉત્તરદાયિત્વ વિના કોઈ પણ સમયે આ સુવિધા બંધ કરવાનો

અબાધિત અધિકાર ધરાવે છે. ડ્રાફ્ટ એક વાર જારી કર્યા પછી કાર્ડ સભ્યના આઇસીઆઇસીઆઇ બેન્કની નોંધમાં છેલ્લે નોંધ કરેલા ટપાલના સરનામે ટપાલથી / કુરિયરથી મોકલવામાં આવશે. આઇસીઆઇસીઆઇ બેન્ક– કસ્ટમર કેર સેન્ટર દ્વારા વિનંતી પ્રાપ્ત થાય ત્યારથી કામકાજના દિવસમાં ડ્રાફ્ટ મોકલવા માટે દરેક પ્રયાસ કરાશે ત્યારે આ માટે કોઈ બાંયધરી અપાતી નથી. આઇસીઆઇસીઆઇ બેન્ક ડ્રાફ્ટ્સ ડિલિવરી નહીં થાય કે વિલંબ થાય કે પ્રાપ્ત નહીં થાયતો કોઈ જવાબદારી લેશે નહીં. જો ડ્રાફ્ટ ગેરવલ્લે થાય અથવા રદ કરવાનો હોય તો આઇસીઆઇસીઆઇ બેન્કના કસ્ટમર કેર સેન્ટરને તુરંત માહિતગાર કરવાનું આવશ્યક છે. આઇસીઆઇસીઆઇ બેન્ક ડ્રાફ્ટની મૂળ રકમ કાર્ડ સભ્ય પાસેથી સંપૂર્ણ ભરેલી ઈન્ડેમ્નિટી (આઇસીઆઇસીઆઇ બેન્કની સ્વીકાર્ય સ્વરૂપમાં) પ્રાપ્ત થયા પછી કાર્ડ અકાઉન્ટમાં જમા કરવા થકી જ રિફંડ કરાશે. ડ્રાફ્ટ્સ રદ કરવાનો હોય તો તે રિટર્ન કરવાનું આવશ્યક છે અને તેની પર રદ કરવાનો શુલ્ક લાગુ થશે. જો ડ્રાફ્ટ ગુમ / ચોરી થાય તો આઇસીઆઇસીઆઇ બેન્ક ફેરબદલી કે વળતર માટે કોઈ જવાબદારી લેશે નહીં.

X. વીમાના લાભ

કાર્ડ સભ્યને વીમા કંપની સાથે જોડાણ થકી આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા સમયાંતરે વિવિધ વીમાના લાભો અપાઈ શકે છે. દાવાના બધા કિસ્સામાં વીમા કંપની દાવાની પતાવટ કરવા એકમેવ જવાબદાર રહેશે અને કાર્ડ સભ્ય ભરપાઈ, ભરપાઈની વસૂલી, દાવાની પ્રક્રિયા કે કોઈ પણ અન્ય કારણો માટે કોઈ રીતે આઇસીઆઇસીઆઇ બેન્કને જવાબદાર નહીં ગણશે. નિમ્નલિખિત ફકરાના નિયમોને આધીન વીમા કંપની વીમા કંપની તેને પ્રત્યક્ષ અથવા આઇસીઆઇસીઆઇ બેન્ક થકી કાર્ડ સભ્ય દ્વારા મોકલવામાં આવનાર વીમાના નોમિનેશન ફોર્મમાં જેમનું નામ અને સહી અને યોગ્ય સાક્ષાંકિત હશે તે કાર્ડ સભ્યના નોમિનીને મંજૂર લેણાં જારી કરીને તેની બધી લાયેબિલિટીઓથી છૂટી થશે. નોમિનેશનમાં કોઈ પણ ફેરપારની લેખિતમાં કાર્ડ સભ્ય દ્વારા આઇસીઆઇસીઆઇ બેન્કને જાણ કરાશે. કાર્ડ સભ્ય વધુમાં પહોંચ આપે છે કે અપાયેલા વીમા લાભો કાર્ડ સભ્ય તેના કાર્ડ અકાઉન્ટની બાબતમાં આઇસીઆઇસીઆઇ બેન્ક સાથે અનુકૂળ અને નિયમિત રહે અને કોઈ કસૂર નહીં ઉદભવે તો જ કાર્ડ સભ્યને ઉપલબ્ધ થશે.

કાર્ડ સભ્ય એ પણ સંમતિ આપે છે કે વીમાના દાવાની પ્રાપ્તિઓ કાર્ડ સભ્ય દ્વારા કાર્ડ પર સર્વ બાકી લાયેબિલિટીઓ સંતોષકારક રીતે પૂરી નહીં કરે ત્યાં સુધી આઇસીઆઇસીઆઇ બેન્કના નિર્દેશથી વીમા કંપની દ્વારા એસ્ક્રોમાં મુકાઈ શકે છે. કાર્ડ સુવિધા કોઈ પણ કારણોસર સમાપ્ત કરવામાં આવે તો આવા સર્વ વીમા લાભો આપોઆપ અને આપમેળે સભ્યપદની સમાપ્તિની આવી તારીખથી સમાપ્ત થશે. આઇસીઆઇસીઆઇ બેન્ક કોઈ પણ સમયે (તેની પર કોઈ પણ પૂર્વસૂચના આપ્યા વિના તેની એકમેવ મરજીથી) આ વીમા લાભો સુધારી, નિલંબિત, પાછા ખેંચી શકે અથવા રદ કરી શકે છેઅને આ લાભો ચાલુ રાખવા માટે આઇસીઆઇસીઆઇ બેન્ક પર કોઈ બંધન નહીં રહેશે.

XI. ગુમ, ચોરી કે દુરુપયોગ કરાતાં ક્રેડિટ કાર્ડસ

જો કાર્ડ ગુમ કે ચોરી કરવામાં આવે તો તેની તુરંત આઈસીઆઈસીઆઈ બેન્ક કસ્ટમર કેરને જાણ કરવાનું આવશ્યક છે. જોકે કાર્ડ ચોરીને લીધે ગેરવલ્લે થાય તો કાર્ડ સભ્યએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ પણ કરવાની રહેશે અને આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા વિનંતી પર તેની નકલ રજૂ કરવાની રહેશે. આઈસીઆઈસીઆઈ બેન્ક પૂરતા વેરિફિકેશન પર કાર્ડ અકાઉન્ટ નિલંબિત કરી શકે અને તે સંબંધમાં બધી સુવિધાઓ સમાપ્ત કરી શકે છે અને કાર્ડ સભ્ય દ્વારા પેદા થતી કોઈ પણ સુવિધા માટે ઉત્તરદાયી નહીં રહેશે. કાર્ડ સભ્યોએ એ વાસ્તવિકતાની નોંધ લેવાની રહેશે કે કાર્ડ ગુમ, ચોરી કે હાનિગ્રસ્ત થાય તો કાર્ડ ત્યાર પછી મળી આવે તો પણ ફરીથી ઉપયોગ નહીં કરી શકાશે. કાર્ડ સભ્ય જાહેર કરે છે કે જો કાર્ડ ગુમ, હાનિગ્રસ્ત કે ચોરી થાય તો તે ત્યાર પછી મળી આવે અથવા બિન–હાનિગ્રસ્ત સ્થિતિમાં હોય તો પણ ફરીથી ઉપયોગ નહીં કરી શકાશે. આવા કિસ્સામાં કાર્ડ સભ્યએ કાર્ડને 4 ટુકડામાં કાપી નાખવાનું અને રદ કરવા માટે આઈસીઆઈસીઆઈ બેન્કને પાછું સોંપવાનું રહેશે. કાર્ડ સભ્ય કાર્ડની સલામતી માટે જવાબદાર રહેશે અને કાર્ડનો દુરુપયોગ નહીં થાય તેની ખાતરી રાખવા માટે સર્વ પગલાં લેશે. આઈસીઆઈસીઆઈ બેન્ક એવું નક્કી કરે કે કાર્ડ સભ્ય કાર્ડ ગુમ / ચોરી / નાશ થવાના કિસ્સામાં ઉક્ત ઉલ્લેખિત મુજબ પગલાં લેવામાં નિષ્ફળ ગયો છે અને તે સામે પ્રશ્ન ઊઠી શકે ત આવા ગુમ, ચોરી કે હાનિગ્રસ્ત કાર્ડની નાણાકીય લાયેબિલિટી કાર્ડ સભ્ય પાસે રહેશે અને તેનાથી કાર્ડ અકાઉન્ટ રદ પણ થઈ શકે છે.

કાર્ડ ગુમ / ચોરી / હાનિ પામ્યાની જાણ કર્યા પછી કાર્ડ પર કોઈ પણ અનધિકૃત લેણદેણ કરવામાં આવે તો કાર્ડ સભ્ય પર અને કાર્ડ અકાઉન્ટ નિલંબન કરવા પર આઈસીઆઈસીઆઈ બેન્ક પર કોઈ રીતે ઉત્તરદાયી નહીં રહેશે. કાર્ડ ગુમ / ચોરી / હાનિ થયાની જાણ કર્યા પછી કાર્ડ પર કરાયેલી કોઈ પણ લેણદેણનું ઉત્તરદાયિત્વ બેન્ક પર આધાર રાખશે. જોકે જાણ કર્યાનો સમય અને / અથવા કથિત ગુમ / ચોરી / દુરુપયોગ તરીકે કથિત કાર્ડની જાણકારી આપ્યા પછી કાર્ડ પર કરાયેલી લેણદેણ / ણો સંબંધે કોઈ પણ વિખવાદના સંજોગોમાં આઈસીઆઈસીઆઈ બેન્ક વિવાદિત લેણદેણનો સમય અને / અથવા વિશ્વસનીયતા નક્કી કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે. આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ સભ્યના હિતનું રક્ષણ કરવા અને કાર્ડ અકાઉન્ટ પર કોઈ પણ રીતે દુરુપયોગ ટાળવા માટે બાંધછોડના શંકાસ્પદ જોખમ પર અને કાર્ડ અકાઉન્ટ પર કોઈ પણ રીતે દુરુપયોગ ટાળવા માટે ક્રેડિટ કાર્ડ બ્લોક કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે. કાર્ડ સભ્ય કોઈ પણ લેણદેણ / ણો માટે બ્લોક કરેલું કાર્ડ ઉપયોગ નહીં કરી શકશે અને 7 (સાત) કામકાજના દિવસમાં ફેરબદલી કરેલું કાર્ડ પ્રાપ્ત થશે.

જો કાર્ડ સભ્ય સંભવિત છેતરપિંડીના જોખમની આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા જાણ કર્યા પછી પણ કાર્ડ અનબ્લોક કરવાની વિનંતી કરશે તો આઈસીઆઈસીઆઈ બેન્ક ત્યાર પછી કાર્ડના છેતરામણા ઉપયોગ કે અન્યથાથી તે પછી કોઈ પણ છેતરપિંડીની લેણદેણ માટે કોઈ પણ રીતે ઉત્તરદાયી કે જવાબદાર નહીં રહેશે.

XII. ઉત્તરદાયિત્વના અપવાદ

આઈસીઆઈસીઆઈ બેન્કને ઉપલબ્ધ ઉપાયો અને આ નિયમોના પૂર્વગ્રહ વિના આઈસીઆઈસીઆઈ બેન્ક નિમ્નલિખિતમાંથી પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ ઉદભવનારા કોઈ પણ નુકસાન કે હાનિ સંબંધમાં કાર્ડ સભ્યને કોઈ પણ રીતે ઉત્તરદાયી નહીં રહેશેઃ

a) કોઈ પણ પુરવઠો કરેલા માલો કે સેવાઓમાં ખામી,

b) કોઈ પણ વ્યક્તિ / વેપારી આસ્થાપના દ્વારા કાર્ડ માન્ય કે સ્વીકાર કરવાનો ઈનકાર,

c) કોઈ પણ કોમ્પ્યુટર ટર્મિનલનો બગાડ,

d) કાર્ડ સભ્ય સિવાયની કોઈ પણ વ્યક્તિ દ્વારા લેણદેણની સૂચના આપવી,

e) આઈસીઆઈસીઆઈ બેન્ક કે તેના પ્રતિનિધિઓ સિવાયના કોઈને પણ કાર્ડ સભ્ય દ્વારા કાર્ડ હાથ ધરવા આપવું,

f) આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ પરની સમાપ્તિ તારીખ પૂર્વે કાર્ડ સુપરત કરવા માગણી કરવા અને પ્રાપ્ત કરવા તેના અધિકારો અજમાવો,

g) આઈસીઆઈસીઆઈ બેન્ક કોઈ પણ કાર્ડ અને કાર્ડ અકાઉન્ટ સમાપ્ત કરવા તેના અધિકારો અજમાવે,

h) કાર્ડના પુનઃકબજા દ્વારા પેદા થનાર અને / અથવા કોઈ પણ વેપારી આસ્થાપના / મેઈલ ઓર્ડર આસ્થાપના દ્વારા કાર્ડ રિટર્ન કરવા કોઈ પણ વિનંતી અથવા સ્વીકારવાનો ઈનકાર કરતાં કાર્ડ સભ્યના ધિરાણ ગુણ અને નામનાને ઠેસ પહોંચવી,

i) આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા જાહેર કરાયેલી કોઈ પણ વિગતોમાં કોઈ પણ ગેરનિવેદન, ગેરઆલેખન, ભૂલ કે છેકછાક, કાર્ડ સભ્ય પાસેથી આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા અથવા આઈસીઆઈસીઆઈ બેન્ક વતી કામ કરતી કોઈ પણ વ્યક્તિ દ્વારા બાકી લેણાંની માગણી કે પતાવટ માટે દાવાના સંજોગોમાં, કાર્ડ સભ્ય સંમતિ અને પહોંચ આપે છે કે આવી માગણી કે દાવા બદનક્ષીની કૃતિ કે પૂર્વગ્રહની કૃતિ નહીં ગણાશે અને કોઈ રીતે કાર્ડ સભ્યના ચારિત્ર્ય પર પ્રદર્શિત નહીં થશે.

કાર્ડધારક પહોંચ આપે છે કે કાર્ડધારક દ્વારા ક્રેડિટ કાર્ડ સુવિધા માટે અરજી કરતી વખતે અપાતા મોબાઈલ ફોન નંબર કે ઈમેઈલ પર એલર્ટસ પ્રાપ્ત કરવાની સુવિધાની જોગવાઈ આઈસીઆઈસીઆઈ બેન્ક કે અન્યથા દ્વારા રોકવામાં આવેલા સેવા પ્રદાતાઓ દ્વારા આપવામાં આવતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કનેક્ટિવિટી અને સેવાઓ પર આધાર રાખે છે. કાર્ડધારક સ્વીકાર કરે છે કે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વાર મોકલાતા એલર્ટસની સમયરેખા, અચૂકતા અને વિશ્વસનીયતા આઈસીઆઈસીઆઈ બેન્ક અથવા અન્યથા દ્વારા રોકવામાં આવેલા અન્ય સેવા પ્રદાતાઓને અસર કરતાં પરિબળો પર આધાર રાખશે. આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડધારકોને એલર્ટસ ડિલિવરી નહીં થાય અથવા ડિલિવરીમાં વિલંબ થાય, એલર્ટસ પહોંચવામાં ભૂલ, નુકસાન કે વિચલિતતા માટે જવાબદાર નહીં રહેશે.

XIII. બેલેન્સ ટ્રાન્સફર સુવિધા

“સુવિધા”નો અર્થ ઉપલબ્ધ ધિરાણ મર્યાદાથી વધુ નહીં તેવી, આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા પૂરા પાડવામાં આવેલા/ સંમત કાર્ડ સભ્યના કાર્ડમાં કાર્ડ સભ્યની અન્ય બેન્કના ક્રેડિટ કાર્ડસ પરની બાકી બેલેન્સની એવી રકમ જે આઈસીઆઈસીઆઈ બેન્કની એકમેવ મરજીથી ટ્રાન્સફર કરાશે.

“સરળ બીટી”નો અર્થ કાર્ડ સભ્ય એકસમાન માસિક હપ્તામાં સુવિધાની પુનઃચુકવણીનું માધ્યમ ફેરવે તેવી સુવિધા.

“ઈએમઆઈ” અથવા “ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેન્ટ” (એકસમાન માસિક હપ્તા)નો અર્થ સુવિધા અને તેની પરના વ્યાજની મૂળ રકમનો સમાવેશ ધરાવતી સુવિધાના સંબંધમાં આઈસીઆઈસીઆઈ બેન્કને કાર્ડ સભ્ય દ્વારા ચૂકવવાપાત્ર રકમના એસમાન માસિક હપ્તા.

“વ્યાજ મુક્ત બેલેન્સ ટ્રાન્સફર”નો અર્થ કાર્ડધારક આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નિર્દિષ્ટ નિશ્ચિત સમયગાળા માટે 0% વ્યાજ દરે સુવિધા ઉપલબ્ધ કરી શકે છે.

“એલટીબીટી” (લાઈફ-ટાઈમ બેલેન્સ ટ્રાન્સફર)નો અર્થ કાર્ડધારક સુવિધાની ઉપલબ્ધતાના સમયે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નિર્દિષ્ટ દરે અનિશ્ચિત સમયગાળા માટે સુવિધા મેળવી શકે છે.

સુવિધાનો ઉપયોગઃ

સુવિધા હેઠળ આઈસીઆઈસીઆઈ બેન્ક તેની એકમેવ મરજીથી કાર્ડ સભ્યને તેના કાર્ડ અકાઉન્ટમાં અન્ય બેન્કો / સંસ્થાઓ દ્વારા જારી ક્રેડિટ કાર્ડસ પર તેની બાકી બેલેન્સ સંપૂર્ણ અથવા હિસ્સામાં ટ્રાન્સફર કરવા માટે કાર્ડ સભ્યને પરવાનગી અપાય છે. આવા ટ્રાન્સફર મંજૂર સુવિધાની રકમ માટે આવી અન્ય બેન્ક / સંસ્થામાં કાર્ડ સભ્યના કાર્ડ અકાઉન્ટમાં જમા કરવા માટે ક્રેડિટ કાર્ડ જારી કરનારી અન્ય બેન્ક / સંસ્થાને તરફેણ કરતાં આઈસીઆઈસીઆઈ બેન્ક પાસે છેલ્લે નોંધાવેલા કાર્ડ સભ્યના ટપાલના સરનામે ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવાની પદ્ધતિથી અમલ કરાશે.

આઈસીઆઈસીઆઈ બેન્ક તેના દ્વારા આપવામાં આવેલી મંજૂરી / સંમતિની સુવિધા પછી કાર્ડ સભ્યના અન્ય ક્રેડિટ કાર્ડ સંબંધમાં કાર્ડ સભ્ય દ્વારા ઉદભવી શકે તે કોઈ પણ લેણી ચુકવણીઓ અથવા સેવા શુલ્ક માટે ઉત્તરદાયી નહીં રહેશે. કાર્ડ સભ્ય અન્ય ક્રેડિટ કાર્ડ જારી કરનારી બેન્ક / સંસ્થા દ્વારા પ્રાપ્ત સુવિધાની રકમ ટ્રાન્સફર નહીં કરાય ત્યાં સુધી અન્ય ક્રેડિટ કાર્ડ જારી કરનારી બેન્ક / સંસ્થાને ચુકવણી કરવાનું ચાલુ રાખવા માટે કાર્ડ સભ્ય ઉત્તરદાયી રહેશે. ઉપરાંત કાર્ડ સભ્યને તેના અન્ય ક્રેડિટ કાર્ડ જારી કરનારી બેન્ક / સંસ્થામાં તેના કાર્ડ અકાઉન્ટમાં રકમ જમા કરવામાં આવી હોવાનું ભવિષ્યના નિવેદનમાં સમર્થન પણ પ્રાપ્ત થશે. સુવિધા પ્રાઈમરી કાર્ડ સભ્ય તેમ જ પૂરક કાર્ડ સભ્યને મળશે, જે રોકડ મર્યાદા અને / અથવા ધિરાણ મર્યાદાની ઉપલબ્ધતાને આધીન રહેશે અને સુવિધાની વિનંતી કરનાર કાર્ડ સભ્યને આપવામાં આવશે.

કાર્ડ પર રોકડ મર્યાદા અને / અથવા ધિરાણ મર્યાદા કાર્ડ સભ્યને આપવામાં આવેલી સુવિધાની રકમ દ્વારા બ્લોક કરાશે. કાર્ડ સભ્યએ દરસૂચિ બીડાણમાં નિર્દિષ્ટ મુજબ કાર્ડ સભ્યને આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નિર્દિષ્ટ

ટકાવારી સુધી સુવિધા પર નોન– રિફંડેબલ પ્રક્રિયા ફી ચૂકવવાનું આવશ્યક રહેશે. જીએસટી આઈસીઆઈસીઆઈ બેન્કના પ્રવર્તમાન દરે પ્રક્રિયા ફી અને વ્યાજની રકમ પર લાગુ થશે. આવી રકમ ચોક્કસ મહિના માટે નિવેદનમાં દર્શાવવામાં આવશે. કાર્ડ સભ્યદ્વારા આઈસીઆઈસીઆઈ બેન્કને સુવિધા માટે અરજી કરવા પર આઈસીઆઈસીઆઈ બેન્ક સુવિધા જેને માટે લેવાઈ હોય તે અન્ય બેન્કના ક્રેડિટકાર્ડ પર રૂ. દસ (10) માટે ડમી ઓથોરાઈઝેશન હાથ ધરશે. જો ઓથોરાઈઝેશન સફળ થાય તો બેલેન્સ ટ્રાન્સફર લેણદેણ આઈસીઆઈસીઆઈ બેન્કની એકમેવ મરજીથી અન્ય નિયમો અને શરતોને આધીન પ્રક્રિયા કરવામાં આવશે.

પુનઃચુકવણીઃ

સુવિધા સરળ બીટી હોય તો કાર્ડ સભ્ય ઈએમઆઈમાં સુવિધા અને તેની પરનું વ્યાજ પુનઃચુકવણી કરશે. વ્યાજ એવા દરે રહેશે, જે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા સુવિધા માટે ઓફર કરવા સમયે કાર્ડ સભ્યને સંકેત અપાશે અને કાર્ડ સભ્યને તે પછી પણ જાણ કરાશે. વ્યાજની ગણતરી કાર્ડ સભ્યપાસેથી સરળ બીટી સંબંધમાં વિનંતીને સમર્થન આપવામાં આવે તે સમયથી શરૂ થશે. ઈએમઆઈની રકમ સાથે સુવિધાની અન્ય વિગતો (વ્યાજ દર સહિત) પણ કાર્ડ સભ્યને તેના / તેણીના ટપાલના સરનામે જાણ કરાશે.

ચોક્કસ મહિના માટે લેણી ઈએમઆઈની રકમ ત્યાર પછી ચોક્કસ મહિનાના નિવેદનમાં દર્શાવવામાં આવશે. આઈસીઆઈસીઆઈ બેન્ક નિવેદન થકી કાર્ડ સભ્યને જાણ કરાઈ હોય તે મુજબ તે ચોક્કસ મહિના માટે લેણી ઈએમઆઈની રકમ માટે માસિક ધોરણે કાર્ડ સભ્યના કાર્ડ અકાઉન્ટમાંથી કાપવા માટે કાર્ડ સભ્ય દ્વારા હકદાર / અધિકૃતિ રહેશે. કાર્ડ સભ્ય દ્વારા પુનઃચુકવણી પર રોકડ મર્યાદા / ધિરાણ મર્યાદા કાર્ડ સભ્ય દ્વારા પુનઃચુકવણી કરાયેલી ઈએમઆઈની રકમના પ્રમાણમાં પુનઃસ્થાપિત કરાશે.

કાર્ડ સભ્યએ નિવેદનમાં સંકેત આપ્યા મુજબ ચુકવણીની આખર તારીખ પર ચોક્કસ મહિના માટે ઈએમઆઈની સંપૂર્ણ રકમ ચૂકવવાનું આવશ્યક રહેશે અને તે આગામી નિવેદનમાં કેરીડ ફોર્વર્ડ / સમાવિષ્ટ કરવાની મંજૂરી નહીં રહેશે. જો ચુકવણી નિર્દિષ્ટ અનુસાર ચુકવણીની આખર તારીખ સુધી નહીં કરવામાં આવે તો કાર્ડ સભ્ય દ્વારા કસૂર કરાયો છે એવું ગણવામાં આવશે અને કાર્ડ સભ્ય આ તેની સુવિધા પર લાગુ મુજબ વ્યાજ અને દરસૂચિ બીડાણમાં નિર્દિષ્ટ અનુસાર વિલંબ ચુકવણી શુલ્ક સાથે રકમ ચૂકવવા માટે ઉત્તરદાયી રહેશે.

સરળ બીટી સિવાયના કિસ્સામાં સુવિધાની રકમ કુલ લેણી રકમ અને / અથવા ઈએમઆઈની લેણી રકમનો હિસ્સો રહેશે અને અનુક્રમે ધારા 6 અને 34માં આપ્યા મુજબ પદ્ધતિથી પુનઃચૂકવવાપાત્ર રહેશે.

જો કાર્ડ સભ્ય વ્યાજ મુક્ત બેલેન્સ ટ્રાન્સફર કરાવવાનું અપનાવે તો ટ્રાન્સફર કરેલી મૂળ બાકી રકમ જ નિર્દિષ્ટ સમયગાળા માટે વ્યાજ મુક્ત રહેશે. જો કાર્ડ સભ્ય સુવિધા લીધા પછી કુલ લેણી રકમની ફક્ત હિસ્સાની ચુકવણી કરે તો કાર્ડ સભ્ય દ્વારા ચૂકવવામાં આવેલી રકમ વિનિયોજન કરાશે અને વ્યાજ અને સેવા શુલ્ક ફક્ત ધારા 6 (1)માં નોંધેલા નિયમો અને શરતો અનુસાર લાગુ થશે.

જો કાર્ડ સભ્ય એલટીબીટી લે તો આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નિર્દિષ્ટ દર ટ્રાન્સફર કરેલી મૂળ બાકી રકમ પર જ લાગુ થશે. સુવિધા લીધા પછી કુલ લેણી રકમની હિસ્સામાં ચુકવણીના સંજોગોમાં કાર્ડ સભ્ય દ્વારા ચૂકવવામાં આવેલી રકમ વિનિયોજન કરાશે અને વ્યાજદ અને સેવા શુલ્ક ઉક્ત ધારા 6(1) (સી)માં નોંધેલા નિયમો અને શરતો અનુસાર લાગુ કરાશે. ટ્રાન્સફર કરેલી મૂળ બાકી રકમના 5% લઘુતમ લેણી રકમની ગણતરી કરવા સમયે ધ્યાનમાં લેવાશે.

સુવિધાનું ફોરક્લોઝર

સુવિધા સરળ બીટી હોયઅને જો સુવિધા તેની પુનઃચુકવણીની મુદત પૂર્વે ફોરક્લોઝ્ડ / સમાપ્ત કરવામાં આવે તો ફોરક્લોઝર / સમાપ્તિ સમયે બાકી સુવિધાની રકમ સાથે તેની પરનું સર્વ વ્યાજ અને સુવિધા સંબંધમાં સર્વ અન્ય નાણાં કાર્ડ સભ્ય દ્વારા તુરંત ચૂકવાપાત્ર બનશે. કાર્ડ સભ્ય ફોરક્લોઝર કરવા માટે આઈસીઆઈસીઆઈ બેન્કના કસ્ટમર કેર સેન્ટરનો સંપર્ક કરીને કોઈ પણ સમયે સુવિધા ફોરક્લોઝ કરી શકે છે. કાર્ડ સભ્યએ તેને સુવિધા આપવા સમયે મોકલવામાં આવેલા સંદેશવ્યવહારમાં આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા સંકેત આપ્યા મુજબ આવું ફોરક્લોઝર શુલ્ક ચૂકવવાનું રહેશે.

આઈસીઆઈસીઆઈ બેન્ક બે લાગલગાટ મહિના માટે ઈએમઆઈની ચુકવણીમાં કસૂર કરવાના સંજોગ ઊભા થવા પર તેના સર્વ અધિકારો અને ઉપાયો પ્રત્યે પૂર્વગ્રહ વિના સુવિધા, તેની પરનું વ્યાજ અને સુવિધા સંબંધમાં સર્વ અન્ય નાણાં પુનઃચુકવણી કરી દેવા સૂચિત કરવાનો અધિકાર ધરાવે છે અને કાર્ડ સભ્ય આવી માગણી પર આવી બધી રકમ પુનઃચુકવણી કરવા માટે ઉત્તરદાયી રહેશે.

સુવિધા રદ કરવીઃ

કાર્ડ સભ્ય આઈસીઆઈસીઆઈ બેન્કના કસ્ટમર કેર સેન્ટરનો સંપર્ક કરીને સુવિધા આપ્યાના 15 દિવસમાં સુવિધા રદ કરી શકે છે. આ રીતે રદ કરવાનું ક્રેડિટ કાર્ડ ઓપરેશન્સ, આઈસીઆઈસીઆઈ બેન્ક લિ., સી વિંગ, ઓટમ એસ્ટેટ્સ, ચાંદિવલી ફાર્મ રોડ, ચાંદિવલી, ચાંદિવલી સ્ટુડિયોની બાજુમાં, મ્હાડાની સામે, અંધેરી- પૂર્વ, મુંબઈ- 400 072 ખાતે ડિમાન્ડ ડ્રાફ્ટ પાછો મોકલી દેવાને અને કાર્ડ સભ્ય અથવા લાભાર્થી દ્વારા ડિમાન્ડ ડ્રાફ્ટ વટાવવામાં આવ્યો નહીં હોય તેને આધીન રહેશે.

XIV. પૂરક કાર્ડ

પ્રાઈમરી કાર્ડ સભ્ય દ્વારા તેના પરિવારના સભ્ય(સભ્યો)ને એડ-ઓન કાર્ડ જારી કરવા માટે વિનંતી કરવા પર આઈસીઆઈસીઆઈ બેન્ક તેની એકમેવ મરજીથી સમયાંતરે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નક્કી કર્યા મુજબ આવા નિયમો અને શરતો પર પ્રાઈમરી કાર્ડ સભ્યના પરિવારના સભ્યોને પૂરક કાર્ડ જારી કરવામાં આવશે.

પૂરક કાર્ડનો ઉપયોગ આ નિયમો અને શરતોનો સ્વીકાર છે એવું ધારવામાં આવશે. કોઈ પણ પૂરક કાર્ડ અને પ્રાઈમરી કાર્ડ સભ્યના ધારક તે જારી કરવા માટે અધિકૃતિ આપે છે અને સંયુક્ત તથા અનેકતામાં ચુકવણી માટે આ નિયમો અને શરતો દ્વારા બંધાયેલા / ઉત્તરદાયી રહેશે. જોકે પૂરક કાર્ડ હેઠળ સર્વ લેણાં શુલ્ક અને ચૂકવવાપાત્ર રકમની

ચુકવણીની ખાતરી રાખવાની જવાબદારી પ્રાઈમરી કાર્ડ સભ્યની રહેશે. પૂરક કાર્ડની સુવિધા સમયાંતરે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નિર્ધારિત કરાઈ શકે તે આવી ફી / દરે વિશેષ સુવિધા હોઈ પૂરક કાર્ડ સભ્યનું સભ્યપદ ચાલુ રાખવું તે પ્રાઈમરી કાર્ડ સભ્યનું સભ્યપદ ચાલુ રાખવા પર એકમેવ આધાર રાખશે.

XV. બિલિંગ

બધા કાર્ડ સભ્યોને કાર્ડ ઉપયોગથી ઉદભવેલા બધા શુલ્ક અને કાર્ડ અકાઉન્ટમાં લાગુ બધા શુલ્ક માટે માસિક ધોરણે બિલ મોકલવામાં આવશે. આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ સભ્યને નિવેદન મોકલવામાં કોઈ વિલંબ નહીં થાય તેનો પ્રયાસ કરશે. જોકે બાકી રકમ નહીં હોય તે સમયગાળા માટે અને ત્યાર પછીના મહિનામાં કાર્ડ અકાઉન્ટ પર કોઈ લેણદેણ નહીં કરાઈ હોય તો કોઈ નિવેદન ઊપજાવવામાં નહીં આવશે.

આઈસીઆઈસીઆઈ બેન્ક નિવેદન ફક્ત કાર્ડ સભ્ય દ્વારા જ પહોંચ મેળવી શકાય તેની ખાતરી રાખવા માટે અનુકૂળ સલામતી સાથે ઓનલાઈન નિવેદન પૂરું પાડવાનો પ્રયાસ કરશે. જો કોઈ પણ કારણસર નિવેદન પ્રાપ્ત નહીં થાય તો અને તે મોકલવામાં આઈસીઆઈસીઆઈ બેન્કના ભાગે કોઈ વિલંબ નહીં કરાયો હોય તો કાર્ડ સભ્યએ ચુકવણીની આખર તારીખ સુધીમાં તેની કબજામાંની શુલ્કની રસીદોની નકલોનો ઉપયોગ કરીને બધાં લેણાં ગણતરી કરીને અથવા આઈસીઆઈસીઆઈ બેન્કના કસ્ટમર કેર સેન્ટરને કોલ કરીને તે અંગે પૂછપરછ કરીને કુલ રકમ ચૂકવવાની રહેશે.

XVI. તુરંત વેપારી આધારિત હપ્તાના કાર્યક્રમ માટે નિયમો

"ઈએમઆઈ" અથવા "ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેન્ટ"નો અર્થ મૂળ રકમ, વ્યાજ અને જો લાગુ હોય તો કોઈ / અથવા અન્ય શુલ્કનો સમાવેશ ધરાવતી આઈસીઆઈસીઆઈ બેન્કને કાર્ડ સભ્ય દ્વારા ચૂકવવાપાત્ર રકમના એકસમાન માસિક હપ્તા.

"તુરંત ઈએમઆઈ"નો સંદર્ભ કન્વર્ઝન વિકલ્પ ઉપલબ્ધ હોય ત્યાં આઈસીઆઈસીઆઈ બેન્ક ઈડીસી (ઈલેક્ટ્રોનિક ડેટા કેપ્ચર) ટર્મિનલ અને / અથવા આવી ઓનલાઈન લેણદેણ માટે કાર્ડનો ઉપયોગ કરીને લેણદેણ કરાઈ હોય તે રકમ કાર્ડ સભ્ય દ્વારા વિનંતી પર ઈએમઆઈમાં પરિવર્તિત કરવાનો છે. આઈસીઆઈસીઆઈ બેન્ક તેની એકમેવ મરજીથી કાર્ડ સભ્યને આઈસીઆઈસીઆઈ બેન્ક કસ્ટમર કેર સેન્ટર દ્વારા જાણ કરાય તે મુજબ અને કાર્ડ સભ્યને મોકલવામાં આવેલા નિવેદનમાં સંકેત આપ્યા મુજબ એકસમાન માસિક હપ્તા (ઈએમઆઈ) થકી અમુક ખરીદીઓ માટે ચૂકવવાના વિકલ્પ મેળવવા કાર્ડ સભ્ય ચાહી શકે તેની પર શુલ્ક ઉદભવવા પર તુરંત ચુકવણી કરવાની કાર્ડ સભ્યની જવાબદારી પ્રત્યે કોઈ પણ પૂર્વગ્રહ વિના ક્રેડિટ કાર્ડ પર તુરંત ઈએમઆઈ, વ્યક્તિગત કાર્ડ સભ્યને ઉપલબ્ધ કરી શકે છે, જે નિમ્નલિખિત શરતોને આધીન રહેશેઃ

(i) કાર્ડ સભ્ય તુરંત ઈએમઆઈ દ્વારા ચુકવણી કરવાનું અપનાવે તે પછી કોઈ ફેરફાર ખરીદીના પ્રકારને આધારે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા સમયાંતરે નિશ્ચિત કરાઈ શકે તે મુજબ પૂર્વ-ક્લોઝર શુલ્ક લાગુ થશે. કાર્ડ

સભ્ય ઈએમઆઈનું ફોરક્લોઝર કરવા માટે આઈસીઆઈસીઆઈ બેન્કના કસ્ટમર કેરનો સંપર્ક કરીને કોઈ પણ સમયે સુવિધા (બાકી રકમની પૂર્વચુકવણી) બંધ કરાવી શકે છે. ફોરક્લોઝર શુલ્ક બાકી મૂળ રકમ પર 3 % ની સમકક્ષ વત્તા આગામી મહિનાનું વ્યાજ કાર્ડ અકાઉન્ટમાં લાગુ થશે. કાર્ડ સભ્યએ સુવિધાના સંપૂર્ણ પૂર્વચુકવણી માટે આઈસીઆઈસીઆઈ બેન્કના કસ્ટમર કેરને કોલ કરવાનું જરૂરી છે,

(ii) જો બિલમાં મોકલેલો કોઈ પણ હિસ્સો અને બાકી શુલ્ક તુરંત ઈએમઆઈમાં ચૂકવવાની પરવાનગી નહીં હોય અને આવો હિસ્સો ચુકવણીની આખર તારીખ સુધી ચૂકવવામાં નહીં આવે તો તે ધારા 6માં નોંધ દરે અને પદ્ધતિથી વ્યાજ, સેવા શુલ્ક અને વિલંબ ચુકવણી શુલ્ક ધારણ અને વહન કરશે,

(iii) તુરંત ઈએમઆઈ સુવિધા ક્રેડિટ કાર્ડ પર હાલમાં નિમ્નલિખિત ખરીદીઓ માટે ઉપલબ્ધ થશેઃ જેમ કે, (એ) વેપારી આસ્થાપના ખાતે નવી ખરીદીઓ, (બી) આઈસીઆઈસીઆઈ બેન્કના કસ્ટમર કેર  સેન્ટર થકી વેપારી આસ્થાપના ખાતે ગત ખરીદીઓનું કન્વર્ઝન,

(iv) તુરંત ઈએમઆઈ સુવિધા આઈસીઆઈસીઆઈ બેન્કની એકમેવ મરજીથી કાર્ડ સભ્યને મળશે અને આવી સુવિધા નીચે મુજબ મળશેઃ

(a) આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નક્કી કર્યા મુજબ આવા સમયગાળા માટે અને આવી વેપારી આસ્થાપનાઓ ખાતે,

(b) તુરંત ઈએમઆઈનું વ્યાજનું ઘટક આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નક્કી કર્યા મુજબ કાર્ડ સભ્ય અને વેપારી વિશિષ્ટ રહેશે,

(c) ડાઉન પેમેન્ટની રકમ, લેણદેણ ફીની રકમ, તુરંત ઈએમઆઈની ચુકવણી માટેની મુદત અને અન્ય ચુકવણીની વિગતો આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબ કાર્ડ સભ્ય અને વેપારી વિશિષ્ટ રહેશે. તુરંત ઈએમઆઈની આ સુવિધા બિઝનેસ કાર્ડ, કોર્પોરેટ કાર્ડ, ઈએમઆઈ કાર્ડ અને અમેરિકન એક્સપ્રેસ કાર્ડ પર નહીં મળશે.

XVII. ઓટો ડેબિટ સુવિધા

કાર્ડ સભ્ય કાર્ડનાં લેણાંની ચુકવણી કરવા માટે ઓટો ડેબિટ સુવિધા મેળવી શકે છે. ઓટો ડેબિટ સુવિધા મેળવવા માટે કાર્ડ સભ્યના બેન્ક અકાઉન્ટમાંથી (જેની વિગતો આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા પૂરી પાડવામાં આવશે) કાર્ડ સભ્યને મોકલવામાં આવેલા નિવેદનમાં સંકેત અનુસાર ચુકવણીની આખર તારીખના રોજ ઉક્ત ઉલ્લેખિત રકમ કાપી લેવાશે. જોકે ચુકવણીની આખર તારીખ કામકાજનો દિવસ હોવો જોઈએ, અન્યથા બેન્ક અકાઉન્ટમાંથી આગામી કામકાજના દિવસે રકમ કાપી લેવાશે. કથિત બેન્ક અકાઉન્ટમાં જો ચુકવણીની આખર તારીખે પૂરતું ભંડોળ નહીં હોય તો કાર્ડ સભ્ય કાર્ડનાં લેણાં ઉપરાંત લાગુ બધા શુલ્ક ચૂકવવા માટે ઉત્તરદાયી રહેશે. કાર્ડ સભ્ય ઓટો ડેબિટ સુવિધા મેળવવા માટે કાર્ડ સભ્ય દ્વારા આઈસીઆઈસીઆઈ બેન્કને સુપરત કરેલી બધી વિગતો સાચી અને સંપૂર્ણ

હોય તેવી સંમતિ અને સમર્થન આપે છે. જો ઓટો ડેબિટ લેણદેણ વિલંબમાં મુકાય અથવા અધૂરી અથવા ખોટી માહિતીને લીધે અથવા અન્ય કોઈ પણ કારણસર બિલકુલ અમલ નહીં થાય તો આઈસીઆઈસીઆઈ બેન્ક ઉત્તરદાયી નહીં રહેશે. કાર્ડ સભ્ય સંમતિ અને બાંયધરી આપે છે કે આઈસીઆઈસીઆઈ બેન્કની તરફેણમાં જારી ઓટો ડેબિટ સૂચનાઓની કાર્ડ સભ્યની બેન્કને જાણ કરશે અને આઈસીઆઈસીઆઈ બેન્કની પૂર્વ સંમતિ વિના કથિત બેન્ક અકાઉન્ટ બંધ નહીં કરશે. આવી સૂચનાઓ આઈસીઆઈસીઆઈ બેન્કની લેખિત સંમતિ સિવાય પાછી ખેંચી / રદ નહીં કરી શકાશે.

XVIII. રિટર્ન્ડ પેમેન્ટ્સ

કાર્ડ સભ્ય દ્વારા તેનાં કાર્ડનાં લેણાંની ચુકવણી સામે આપેલા ચેક અથવા કોઈ અન્ય ચુકવણીનું સાધન કે સૂચનાનું પાલન નહીં થાય અથવા તેની પ્રક્રિયા નહીં શકે એમ હોવાથી કાર્ડ સભ્યને તે રિટર્ન કરવાનું હોય તો આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ સભ્ય સામે કાનૂની કાર્યવાહી કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે અને તેની એકમેવ મરજીથી ફી લાગુ કરી શકે અને /અથવા કાર્ડ હંગામી /કાયમી ધોરણે રદ કરી શકે છે. કાર્ડ સભ્ય આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા નક્કી કરાય તે અનુસાર ચેક રિટર્ન શુલ્ક અને વિલંબ ચુકવણી શુલ્ક કે કોઈ અન્ય શુલ્ક ચૂકવવા માટે પણ ઉત્તરદાયી રહેશે.

XIX. વિખવાદો

કોઈ પણ શુલ્ક રસીદ કે અન્ય ચુકવણીની રસીદ ચુકવણી માટે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા પ્રાપ્ત થાય તે આવી શુલ્ક રસીદે કે અન્ય રસીદ પર નોંધ કરેલા શુલ્ક કાર્ડ સભ્ય દ્વારા યોગ્ય રીતે ઉદભવ્યો છે તેનો નક્કર પુરાવો રહેશે, સિવાય કે ક્રેડિટ કાર્ડ ગુમ, ચોરી કે ઠગાઈથી દુરુપયોગ કરવામાં આવે અને અહીં ઉક્ત ધારા ૭માં આપવામાં આવ્યા મુજબ તેની જાણ કરવામાં આવે તેવા સંજોગોમાં પુરાવાનો બોજ કાર્ડ સભ્ય પર રહેશે. આ ધારામાં સંદર્ભિત અન્ય ચુકવણીની રસીદમાં શુલ્ક તરીકે નોંધ નથી તેવા કાર્ડના ઉપયોગથી વેપારી આસ્થાપના ખાતે કાર્ડધારક દ્વારા ઉદભવતા મંજૂર ખર્ચ સંબંધમાં કોઈ પણ અને બધી ચુકવણીઓનો સમાવેશ રહેશે. આવી શુલ્કની રસીદ પર કાર્ડ સભ્યની સહી સાથે તેની પર નોંધવામાં આવેલો કાર્ડ નંબર કાર્ડ સભ્ય દ્વારા ઉદભવનારી લાયેબિલિટીનો નક્કર પુરાવો રહેશે. જો એપિન/ પાસવર્ડ /યુઝર આઈડીનો ઉપયોગ કરીને આઈસીઆઈસીઆઈ બેન્કના બેન્ક કસ્ટમર કેર /ઈનફિનિટીને આઈસીઆઈસીઆઈ બેન્કના કસ્ટમર કેર સેન્ટર /ઈનફિનિટી થકી સુવિધાઓ લીધી હોય તો તે કાર્ડ સભ્યએ લેણદેણ કરી હોવાનો નક્કર પુરાવો રહેશે. આઈસીઆઈસીઆઈ બેન્કને આવા સંજોગોમાં એ ખાતરી કરવાની આવશ્યકતા નથી કે કાર્ડ સભ્યને ખરીદી કરેલા માલો કે સેવાઓ યોગ્ય રીતે પ્રાપ્ત થયાછે. જો કાર્ડ સભ્ય નિવેદનમાં સંકેત આપેલા શુલ્ક સાથે અસંમત હોય તોતેની નિવેદનની પ્રાપ્તિના 60 (સાઈઠ) દિવસમાં આઈસીઆઈસીઆઈ બેન્કને જાણ કરવાની રહેશે, જેમાં નિષ્ફળ જવા પર નિવેદનમાં દર્શાવેલા બધા શુલ્ક બરોબર છે એવું ધારવામાં આવશે.

XX. સિક્યુરિટી

સંરક્ષિત ક્રેડિટ કાર્ડના સંજોગોમાં કાર્ડ અકાઉન્ટ પર સંપૂર્ણ બાકી બેલેન્સ સાથે વ્યાજ સાથે કોઈ પણ બાકી કાર્ડ લેણદેણની રકમ અને અહીં ઉલ્લેખિત સર્વ અન્ય ખર્ચ, શુલ્ક, જે કાર્ડ સભ્ય દ્વારા ક્રેડિટ કાર્ડના ઉપયોગ દરમિયાન કાર્ડ અકાઉન્ટમાં અસરકારક કરાયા હોય પણ હજુ લાગુ નહીં કરાયા હોય, જે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા મુકરર સ્વરૂપ અને રીતે કોઈ પણ અન્ય વ્યક્તિ કે તૃતીય પક્ષને નામે હોય તે સિક્યુરિટીઝ સાથે કાર્ડ સભ્યને નામે એકલા અથવા સંયુક્ત રીતે આઈસીઆઈસીઆઈ દ્વારા મંજૂર અનુસાર આવી સિક્યુરિટીઝ / ફિક્સ્ડ ડિપોઝિટ્સ /આવી અન્ય એસેટ્સના ગિરવે /હાયપોથિકેશનની રીતે સંરક્ષિત રહેશે. કાર્ડ સભ્ય સિક્યુરિટી નિર્માણ કરવા માટે આઈસીઆઈસીઆઈ બેન્કને સંતોષ થાય તે સ્વરૂપ અને રીતે આવા બધા દસ્તાવેજો અમલ કરશે. સ્ટેમ્પ ડ્યુટીને મર્યાદિત નહીં પરંતુ તેના સહિત સિક્યુરિટીઝ નિર્માણ કરવા અને બધી અન્ય વિધિઓ પૂરી કરવા માટે સંકળાયેલો ખર્ચ કાર્ડ સભ્ય દ્વારા ભોગવવાનો રહેશે.

XXI. કલેકશન

આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ સભ્યનાં લેણાં વસૂલ કરવા માટે કાર્ડ સભ્યના એકમેવ જોખમ અને ખર્ચે એક કે વધુ વ્યક્તિ(ઓ)ને રોકી શકે છે અને / અથવા કાર્ડ સભ્ય દ્વારા આપવામાં આવેલી કોઈ પણ સિક્યુરિટીનો અમલ કરી શકે અને આઈસીઆઈસીઆઈ બેન્ક આવી વ્યક્તિ(ઓ)ને આઈસીઆઈસીઆઈ બેન્કને અનુકૂળ લાગે તે મુજબ કાર્ડ સભ્ય સંબંધી આવી માહિતી, વાસ્તવિકતાઓ અને આંકડાઓ અને સિક્યુરિટી આપી શકે છે. આઈસીઆઈસીઆઈ બેન્ક તેની સાથે અથવા સર્વ કૃતિઓ, કરાર, મામલાઓ અને બાબતો પાર પાડવા અને અમલ કરવા માટે આઈસીઆઈસીઆઈ બેન્કને અનુકૂળ લાગે તે અનુસાર આવી વ્યક્તિ(ઓ)ને અધિકાર અને સત્તા પણ આપી શકે છે.

XXII. માલો અને સેવાઓની ગુણવત્તા

આઈસીઆઈસીઆઈ બેન્ક વેપારી આસ્થાપનાઓમાંથી કાર્ડ સભ્ય દ્વારા ખરીદી કે ઉપલબ્ધ કરેલા મર્ચન્ડાઈઝ, મર્ચન્ડાઈઝ વોરન્ટી કે સેવાઓ તેમ જ કાર્ડ સભ્ય દ્વારા માલોની ડિલિવરીમાં વિલંબ, ડિલિવરી નહીં થવી, માલો પ્રાપ્ત નહીં થવા અથવા ખામીયુક્ત માલોની પ્રાપ્તિને લીધે સહિત માટે કોઈ રીતે જવાબદાર નહીં રહેશે. અહીં અજોડ રીતે એ પણ સમજી લેવું જોઈએ કે ક્રેડિટ કાર્ડ માલો અને / અથવા સેવાઓ ખરીદી કરવા કાર્ડ સભ્યને આપવામાં આવેલી સુવિધા છે, જે માટે આઈસીઆઈસીઆઈ બેન્ક મર્ચન્ડાઈઝની ગુણવત્તા, ડિલિવરી કે અન્યથા વિશે કોઈ વોરન્ટી લેતી નથી કે કોઈ આલેખન કરતી નથી. મર્ચન્ડાઈઝ સંબંધમાં કોઈ પણ વિખવાદ કે દાવો વેપારી આસ્થાપનાઓ પાસેથી કાર્ડ સભ્ય દ્વારા ઉકેલવાનું આવશ્યક રહેશે. દાવો કે વિખવાદની મોજૂદગી આઈસીઆઈસીઆઈ બેન્કને બધા શુલ્ક ચૂકવવા માટે કાર્ડ સભ્યને તેની જવાબદારીમાંથી છુટકારો આપતા નથી અને કાર્ડ સભ્ય સુચારુ રીતે આવા શુલ્ક ચૂકવવા સંમત થાય છે.

XXIII. ક્રેડિટની લેણદેણ

માલો / સેવાઓની ખરીદી માટે ડેબિટ અને ત્યાર પછી રદ કરવા માટે ક્રેડિટ બે અલગ અલગ લેણદેણ છે. કાર્ડ સભ્યએ લાગુ કરાયેલા કોઈ પણ વધારાના શુલ્ક ટાળવા માટે નિવેદનમાં આપ્યા મુજબ ખરીદી કરેલી લેણદેણ માટે ચુકવણી કરવાનું આવશ્યક છે. રદ કરવા પર આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા જેમ અને જ્યારે પ્રાપ્ત થાય ત્યારે જ કાર્ડ અકાઉન્ટ (રદ કરવાના શુલ્ક કાપીને)માં રિફંડ જમા કરાશે. જોકે કાર્ડ સભ્ય દ્વારા ક્રેડિટ શુલ્કની રસીદ સફળતાથી સુપરત કરવા પર ક્રેડિટ કાર્ડ અકાઉન્ટમાં પોસ્ટ કરાશે. જો ક્રેડિટ ઉચિત સમયમાં કાર્ડ અકાઉન્ટમાં પોસ્ટ નહીં કરવામાં આવે તો કાર્ડ સભ્યએ આઈસીઆઈસીઆઈ બેન્કને જાણ કરવાનું આવશ્યક છે.

XXIV. વિદેશોમાં કરાયેલા શુલ્ક

કાર્ડ સભ્ય જાહેર કરે છે કે તેને જારી કરેલું ક્રેડિટ કાર્ડ જો દરિયાપારમાં ઉપયોગ કરવામાં આવે તો સમયાંતરે આરબીઆઈ દ્વારા જારી અને સુધારિત અનુસાર સુસંગત એક્સચેન્જ નિયંત્રણ નિયમન અનુસાર સખત રીતે ઉપયોગ કરવાનો રહેશે. કાર્ડ સભ્ય આરબીઆઈની એક્સચેન્જ કંટ્રોલ માર્ગદર્શિકા અનુસાર તેની હકપાત્રતાને પાર કરે તોકાર્ડ સભ્ય લેખિતમાં આઈસીઆઈસીઆઈ બેન્કને તુરંત જાણ કરશે. જો પાસપોર્ટ પર આરબીઆઈ દ્વારા નિર્ધારિત અનુસાર ઉદભવેલા કોઈ પણ આવા શુલ્ક માટે છાપો મારવાની આવશ્કયકતા હોય તો પાસપોર્ટ પર આવો છાપો મરાવી લેવાની જવાબદારી સંપૂર્ણ રીતે કાર્ડ સભ્યની રહેશે. જો કાર્ડ સભ્ય આરબીઆઈ દ્વારા જારી પ્રવર્તમાન એક્સચેન્જ નિયંત્રણ માર્ગદર્શિકાઓનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો તે સમયાંતરે સુધારણા અનુસાર ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ 1999 હેઠળ કોઈ પણ પગલાં માટે ઉત્તરદાયી રહેશે અને આઈસીઆઈસીઆઈ બેન્કની સૂચના કે આરબીઆઈ દ્વારા કાર્ડ સુવિધાથી વંચિત કરાશે. આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ સભ્યએ તેની હકપાત્રતા વટાવી દીધી છે તે વિશે આઈસીઆઈસીઆઈ બેન્ક વાકેફ થવા પર સમયાંતરે જારી આરબીઆઈની માર્ગદર્શિકા દ્વારા મુકરર અનુસાર ફોરેન એક્સચેન્જ હકપાત્રતા વટાવવાને લીધે શુલ્ક નકારવામાંથી પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ ઉદભવનાર કોઈ પણ નુકસાન કે હાનિ સંબંધમાં કોઈ ઉત્તરદાયિત્વ નહીં લઈ શકે. જો લેણદેણ ભારતીય રૂપિયા સિવાય કરન્સીમાં કરવામાં આવી હોય તો લેણદેણ ભારતીય રૂપિયામાં પરિવર્તિત કરવામાં આવશે. કન્વર્ઝન આઈસીઆઈસીઆઈ સાથે લેણદેણની પતાવટની તારીખના  રોજ થશે, જે લેણદેણ કરાઈ હોય તે જ તારીખ નહીં હોઈ શકે. જો લેણદેણ યુએસ ડોલરમાં નહીં હોય તો લાગુ રકમ યુએસ ડોલરમાં ફેરવીને યુએસ ડોલરમાં કન્વર્ઝન કરાશે અને ત્યાર પછી યુએસ ડોલરને ભારતીય રૂપિયામાં ફેરવવામાં આવશે.

લાગુ કાયદા દ્વારા આવશ્યક ચોક્કસ દર સિવાય યુએસ ડોલરમાંથી ભારતીય રૂપિયામાં ફેરવવાનો દર આવી લેણદેણ પર કરન્સી કન્વર્ઝન પરિબળના આકલન દ્વારા વધારીને પતાવટની તારીખના રોજ વિઝા, માસ્ટરકાર્ડ અને એમેક્સ દ્વારા આપવામાં આવેલા દરે રહેશે.

XXV. આઈસીઆઈસીઆઈ બેન્ક ક્રેડિટ કાર્ડ પુરસ્કારો

આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ સભ્ય(સભ્યો)ને નિમ્નલિખિત ક્રેડિટ કાર્ડ રિવોર્ડ પોઈન્ટ ઓફર કરશેઃ

1. "આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડસ સ્કીમ"નો અર્થ આઈસીઆઈસીઆઈ બેન્કની રિવોર્ડ યોજના છે. "આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ પોઈન્ટ્સ" આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ સ્કીમ હેઠળ અપાતા રિવોર્ડ પોઈન્ટ્સ રહેશે.

2. "હેન્ડ–પિક્ડ રિવોર્ડસ સ્કીમ"નો અર્થ આઈસીઆઈસીઆઈ બેન્કની પ્રીમિયમ રિવોર્ડ યોજના છે. "હેન્ડપિક્ડ રિવોર્ડ પોઈન્ટ્સ" હેન્ડ–પિક્ડ રિવોર્ડસ યોજની હેઠળ અપાતા રિવોર્ડ પોઈન્ટ્સ છે.

3. "આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડસ પાવર્ડ બાય પેબેક"નો અર્થ પેબેક સાથે સહયોગમાં આઈસીઆઈસીઆઈ બેન્કની રિવોર્ડ યોજના છે. "પેબેક પોઈન્ટ્સ" પેબેક દ્વારા પાવર્ડ આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડસ હેઠળ અપાતા રિવોર્ડ પોઈન્ટ્સ રહેશે. "પેબેક" નો સંદર્ભ આ બ્રાન્ડ નામ હેઠળ એલએસઆરપીએલનો રિવોર્ડ પ્રોગ્રામ માટે છે. "એલએસઆરપીએલ"નો અર્થ લોયલ્ટી સોલ્યુશન્સ એન્ડ રિસર્ચ લિમિટેડ છે, જે કંપની ધારા 1956 હેઠળ રચવામાં આવી કંપની છે અને તેનું નોંધણીકૃત કાર્યાલયનું સરનામું છે, ફ્લોરેન્સ, જે.એલ. નેહરુ રોડ, વાકોલા, સાંતાક્રુઝ (પૂ), મુંબઈ– 400 055 (હવે પછી "એલએસઆરપીએલ" તરીકે સંદર્ભિત કરાશે, જે અભિવ્યક્તિ તેના વિષય અથવા પરિપ્રેક્ષ્યને અસંગત હોય તે સિવાય તેમાં તેના અનુગામીઓ અને એસાઈનીઓનો સમાવેશ રહેશ), જે પેબેકના બ્રાન્ડ નામ હેઠળ રહેશે. "પેબેક કાર્ડ"નો અર્થ અને તેમાં સમાવિષ્ટ રહેશે, એલએસઆરપીએલ દ્વારા નિર્દિષ્ટ નિયમો અને શરતો અનુસાર પેબેક પોઈન્ટ્સ રિડીમ કરવા માટે એલએસઆરપીએલ દ્વારા જારી કાર્ડ.

   "પેબેક સભ્ય"નો અર્થ પેબેક કાર્ડ ધરાવતી અને પેબેક વેબસાઈટ પર મુકરર રીતે પેબેકમાં નોંધણીકૃત વ્યક્તિ.

   "પેબેક સભ્યપદ ડેટા"નો અર્થ આઈસીઆઈસીઆઈ બેન્ક ક્રેડિટ કાર્ડ સાથે સંકળાયેલો કાર્ડ સભ્ય(સભ્યો)નો ડેટા અથવા માહિતી, જેમ કે, (i) નામ, (ii) ઈમેઈલ એડ્રેસ, (iii) મોબાઈલ નંબર, (iv) જન્મતારીખ, (v) સરનામું, (vi) ક્રેડિટ કાર્ડ અકાઉન્ટ નંબર.

   "પેબેક વેબસાઈટ"નો અર્થ યુઆરએલ ખાતે વેબસાઈટઃ www.payback.in છે.

   "ડેલિંક્વેન્ટ અકાઉન્ટ"નો અર્થ આ નિયમો અને શરતો હેઠળ ચુકવણીની ધારામાં નિર્દિષ્ટ અનુસાર ચુકવણી કરવામાં આવી નથી.

   "અસરકારક તારીખ"નો અર્થ પેબેક યોજના(ઓ) દ્વારા પાવર્ડ આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડસ શરૂ થાય તે તારીખ, જે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા સમયાંતરે કાર્ડ સભ્ય(સભ્યો)ને જાણ કરાશે. જોકે કાર્ડ સભ્ય પેબેકમાં નોંધણીની તારીખથી જ પેબેક દ્વારા પાવર્ડ આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડસ હેઠળ લાભો મેળવી શકે છે.

“યોજના સમાપ્તિ તારીખ”નો અર્થ આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા તેની એકમેવ મરજીથી આઇસીઆઇસીઆઇ બેન્ક રિવોર્ડસ યોજના(ઓ) સમાપ્ત કરાય / કરવામાં આવે તે તારીખ.

“પ્રમાણિત શુલ્ક”નો અર્થ કાર્ડ પર માલો અને સેવાઓની ખરીદી માટે કાર્ડ સભ્ય દ્વારા ઉદભવેલા શુલ્ક અને આઇસીઆઇસીઆઇ બેન્ક રિવોર્ડસ યોજનામાં સમાવેશ કરવાના હેતુથી સમયાંતરે આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા સમાવેશ કરાઈ શકે તે કોઈ અન્ય શુલ્ક.

જો આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા ઓફર કરાતી કોઈ પણ પ્રમોશનલ યોજનાના સમયગાળામાં અથવા ત્યાર પછી કાર્ડનો ઉપયોગ પાછો ખેંચી લેવાય અથવા રદ કરવામાં આવે અથવા રદ કરવા માટે ઉત્તરદાયી બને અથવા કાર્ડ અકાઉન્ટ ડેલિંક્વેન્ટ અકાઉન્ટ તરીકે ગણવામાં આવે તો પ્રમોશન સમયગાળા દરમિયાન ઓફર કરલાતા ગિફ્ટ / ડિસ્કાઉન્ટ્સ / કેશ–બેકને મર્યાદિત નહીં પરંતુ તેના સહિત કોઈ પણ ઓફર / લાભ કાર્ડ સભ્ય માટે આપમેળે તુરંત અને આપોઆપ રદ ઠરશે.

“તિથિ વર્ષ”નો અર્થ કાર્ડ જારી કર્યાની તારીખથી બાર મહિનાનો અને ત્યાર પછી દરેક બાર મહિનાનો સમયગાળો

1. આઇસીઆઇસીઆઇ બેન્કની રિવોર્ડસ સ્કીમ માટે લાગુ નિયમો અને શરતોઃ
   a. આઇસીઆઇસીઆઇ બેન્ક રિવોર્ડસ સ્કીમ અસરકારક તારીખથી અમલમાં આવશે અને અસરકારક તારીખના રોજ અથવા પછી ચુનંદાં આઇસીઆઇસીઆઇ બેન્ક ક્રેડિટ કાર્ડસ ધરાવતા કાર્ડ સભ્ય(સભ્યો) માટે ઉપલબ્ધ થશે.
   b. આઇસીઆઇસીઆઇ બેન્ક રિવોર્ડસ સ્કીમ હેઠળ આઇસીઆઇસીઆઇ બેન્ક ચુનંદાં આઇસીઆઇસીઆઇ બેન્ક ક્રેડિટ કાર્ડસ પર કાર્ડ સભ્ય દ્વારા ઉદભવતા પ્રમાણિત શુલ્ક માટે આઇસીઆઇસીઆઇ બેન્ક રિવોર્ડ પોઇન્ટ્સ આપશે.
   c. આઇસીઆઇસીઆઇ બેન્ક રિવોર્ડ પોઇન્ટ્સ કમાણી કરવાની પ્રણાલી રિવોર્ડ કમાણીના એનિવર્સરી વર્ષનું પાલન કરશે.
   d. આઇસીઆઇસીઆઇ બેન્ક રિવોર્ડ યોજના હેઠળ કાર્ડ સભ્ય દ્વારા કમાણી કરેલા આઇસીઆઇસીઆઇ બેન્ક રિવોર્ડ પોઇન્ટ્સ કાર્ડ સભ્યને મોકલવામાં આવતા માસિક નિવેદનમાં સંકેત અપાશે.
   e. કાર્ડ સભ્ય સમયાંતરે આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા ઓફર કરાતા રિડેમ્પશન સામે તેના/ તેણીના જમા આઇસીઆઇસીઆઇ બેન્ક રિવોર્ડ પોઇન્ટ્સ રિડીમ કરી શકે છે.
   f. આઇસીઆઇસીઆઇ બેન્ક રિવોર્ડ પોઇન્ટ્સ રિડેમ્પશન પર આ રીતે રિડીમ કરેલા આઇસીઆઇસીઆઇ બેન્ક રિવોર્ડ પોઇન્ટ્સ કાર્ડ અકાઉન્ટમાં જમા આઇસીઆઇસીઆઇ બેન્ક રિવોર્ડ પોઇન્ટ્સમાંથી આપોઆપ ઓછા થશે અથવા કપાઈ જશે.
   g. જો યોજના સમાપ્તિ તારીખ પૂર્વે કોઈ પણ સમયે ચુનંદા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ પાછો ખેંચવામાં આવે કે રદ

કરવામાં આવે કે રદ કરવા માટે ઉત્તરદાયી બને અથવા કાર્ડ અકાઉન્ટ ડેલિંક્વેન્ટ અકાઉન્ટ તરીકે ગણવામાં આવે તો સર્વ આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ પોઈન્ટ્સ જે કાર્ડ સભ્ય પાસે જમા હશે તે આપમેળે તુરંત અને આપોઆપ રદ થશે.

h. આવા રદ કરેલા આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ પોઈન્ટ્સ કાર્ડ સભ્ય આઈસીઆઈસીઆઈ બેન્ક પાસે તેનું / તેણીનું સભ્યપદ પુનઃસ્થાપિત કરે તો પણ કાર્ડ અકાઉન્ટમાં જમા નહીં કરાશે.

i. યોજના સમાપ્તિ તારીખના અંતે આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ પોઈન્ટ્સ કાર્ડ સભ્ય પાસે જમા હશે, જે નિર્ધારિત સમયમાં રિડીમ નહીં કરવામાં આવ્યા હોય તો આપોઆપ લેપ્સ થશે.

2. હેન્ડ–પિક્ડ રિવોર્ડ્સ યોજનાને લાગુ નિયમો અને શરતોઃ

a. હેન્ડ–પિક્ડ રિવોર્ડ્સ સ્કીમ અસરકારક તારીખથી અમલમાં આવશે અને અસરકારક તારીખના રોજ અથવા પછી ચુનંદાં આઈસીઆઈસીઆઈ બેન્ક ક્રેડિટ કાર્ડ્સ ધરાવતા કાર્ડ સભ્ય(સભ્યો) માટે જ ઉપલબ્ધ થશે.

b. હેન્ડ– પિક્ડ રિવોર્ડ્સ સ્કીમ હેઠળ આઈસીઆઈસીઆઈ બેન્ક ચુનંદાં આઈસીઆઈસીઆઈ બેન્ક ક્રેડિટ કાર્ડ્સ પર કાર્ડ સભ્ય દ્વારા ઉદભવતા પ્રમાણિત શુલ્ક માટે હેન્ડ–પિક્ડ રિવોર્ડ પોઈન્ટ્સ આપશે.

c. હેન્ડ– પિક્ડ રિવોર્ડ પોઈન્ટ્સ કમાણી કરવાની પ્રણાલી રિવોર્ડ કમાણીના એનિવર્સરી વર્ષનું પાલન કરશે.

d. હેન્ડ– પિક્ડ રિવોર્ડ યોજના હેઠળ કાર્ડ સભ્ય દ્વારા કમાણી કરેલા હેન્ડ– પિક્ડ રિવોર્ડ પોઈન્ટ્સ કાર્ડ સભ્યને મોકલવામાં આવતા માસિક નિવેદનમાં સંકેત અપાશે.

e. કાર્ડ સભ્ય આઈસીઆઈસીઆઈ બેન્કની વેબસાઈટ www.icicibank.com. પર ઉપલબ્ધ હેન્ડ– પિક્ડ રિવોર્ડ કેટલોગમાં સમયાંતરે આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા ઓફર કરાતા રિડેમ્પશન સામે તેના/ તેણીના જમા હેન્ડ– પિક્ડ રિવોર્ડ પોઈન્ટ્સ રિડીમ કરી શકે છે.

f. હેન્ડ– પિક્ડ રિવોર્ડ પોઈન્ટ્સ રિડેમ્પશન પર આ રીતે રિડીમ કરેલા હેન્ડ– પિક્ડ રિવોર્ડ પોઈન્ટ્સ કાર્ડ અકાઉન્ટમાં જમા હેન્ડ– પિક્ડ રિવોર્ડ પોઈન્ટ્સમાંથી આપોઆપ ઓછા થશે અથવા કપાઈ જશે.

g. જો યોજના સમાપ્તિ તારીખ પૂર્વે કોઈ પણ સમયે ચુનંદા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ પાછો ખેંચવામાં આવે કે રદ કરવામાં આવે કે રદ કરવા માટે ઉત્તરદાયી બને અથવા કાર્ડ અકાઉન્ટ ડેલિંક્વેન્ટ અકાઉન્ટ તરીકે ગણવામાં આવે તો સર્વ હેન્ડ– પિક્ડ રિવોર્ડ પોઈન્ટ્સ જે કાર્ડ સભ્ય પાસે જમા હશે તે આપમેળે તુરંત અને આપોઆપ રદ થશે.

h. આવા રદ કરેલા હેન્ડ– પિક્ડ રિવોર્ડ પોઈન્ટ્સ કાર્ડ સભ્ય આઈસીઆઈસીઆઈ બેન્ક પાસે તેનું / તેણીનું સભ્યપદ પુનઃસ્થાપિત કરે તો પણ કાર્ડ અકાઉન્ટમાં જમા નહીં કરાશે.

ï યોજના સમાપ્તિ તારીખના અંતે હેન્ડ– પિક્ડ રિવોર્ડ પોઈન્ટ્સ કાર્ડ સભ્ય પાસે જમા હશે, જે નિર્ધારિત સમયમાં રિડીમ નહીં કરવામાં આવ્યા હોય તો આપોઆપ લેપ્સ થશે.

3. પેબેક દ્વારા પાવર્ડ આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડને લાગુ નિયમો અને શરતોઃ

પેબેક દ્વારા પાવર્ડ આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ્સ અસરકારક તારીખથી અમલી થશે અને અસરકારક તારીખના રોજ અને પછી ચુનંદાં આઈસીઆઈસીઆઈ બેન્ક ક્રેડિટકાર્ડ ધરાવતા કાર્ડ સભ્ય(સભ્યો)ને જ ઉપલબ્ધ થશે.

પેબેક મેમ્બરશિપ ડેટા પેબેક અકાઉન્ટ અપડેટ કરવા અને પેબેક દ્વારા પાવર્ડ આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ્સ સંબંધમાં સેવાઓ અને લાભો કાર્ડ સભ્ય(ભ્યો)ને પૂરા પાડવા માટે એલએસઆરપીએલ અને તેની સંલગ્નિતોને જ અપાશે.

a. પેબેક દ્વારા પાવર્ડ આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ્સ હેઠળ આઈસીઆઈસીઆઈ બેન્ક ચુનંદાં આઈસીઆઈસીઆઈ બેન્ક ક્રેડિટ કાર્ડસ પર કાર્ડ સભ્ય દ્વારા ઉદભવતા પ્રમાણિત શુલ્ક માટે પેબેક પોઈન્ટ્સ આપશે.

b. પેબેક દ્વારા પાવર્ડ આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ્સ હેઠળ કાર્ડ સભ્ય દ્વારા કમાણી કર્યા મુજબ પેબેક પોઈન્ટ્સ કાર્ડ સભ્યને મોકલવામાં આવતા માસિક નિવેદનમાં સંકેત અપાશે. દરેક બિલિંગ ચક્રને અંતે આવા અગાઉના બિલિંગ ચક્ર માટે પ્રમાણિત લેણદેણ પર કાર્ડ સભ્યો દ્વારા કમાણી કરાતા પેબેક પોઈન્ટ્સ આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા કાર્ડ અકાઉન્ટમાંથી કાર્ડ સભ્યના પેબેક અકાઉન્ટમનાં ટ્રાન્સફર કરવામાં આવશે.

c. કાર્ડ સભ્ય(ભ્યો) પેબેક સભ્ય બનવા પર અને પેબેક રિવોર્ડ કેટલોગમાં ઉપલબ્ધ આઈટમ(મો) સામે પેબેક કાર્ડનો ઉપયોગ કરીને તેમના પેબેક પોઈન્ટ્સ રિડીમ કરી શકશે. તેની વિગતો એલએસઆરપીએલ દ્વારા પેબેક સભ્ય(ભ્યો)ને જાણ કરાશે અથવા તેની વધુ વિગતો માટે અને પેબેક સભ્ય બનવા માટે કાર્ડ સભ્ય(ભ્યો) પેબેક વેબસાઈટની વિઝિટ કરી શકે છે. પેબેક પોઈન્ટ્સ રિડીમ કરવા પર પેબેક આ રીતે રિડીમ કરેલા પેબેક પોઈન્ટ્સ પેબેક અકાઉન્ટમાં જમા પેબેક પોઈન્ટ્સમાંથી આપોઆપ ઓછા થશે અથવા કાપી લેવાશે.

   - જો કોઈ પણ સમયે યોજના સમાપ્તિ તારીખ પૂર્વે ચુનંદા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ પાછો ખેંચી લેવાય અથવા રદ કરાય અથવા રદ કરવા માટે ઉત્તરદાયી હોય અથવા કાર્ડ અકાઉન્ટ ડેલિંક્વેન્ટ અકાઉન્ટ તરીકે ગણવામાંમ આવે તો કાર્ડ સભ્ય પાસે જમા બધા પેબેક પોઈન્ટ્સ આપમેળે તુરંત અને આપોઆપ રદ થશે.

      a. આવા રદ કરેલા પેબેક પોઈન્ટ્સ કાર્ડ સભ્ય આઈસીઆઈસીઆઈ બેન્ક સાથે તેનું / તેણીનું સભ્યપદ પુનઃસ્થાપિત કરે તો પણ કાર્ડ અકાઉન્ટમાં જમા નહીં કરાશે.

      b. યોજના સમાપ્તિ તારીખને અંતે કાર્ડ સભ્યના ખાતે જમા હોય તે પેબેક પોઈન્ટ્સ નિર્ધારિત સમયમાં રિડીમ નહીં કરવામાં આવ્યા હોય તો આપોઆપ લેપ્સ થશે. ઉપરાંત પેબેક પોઈન્ટ્સ સમયાંતરે

પેબેક વેબસાઈટ પર આપવામાં આવેલાં નિયમો અને શરતોમાં પેબેક દ્વારા વ્યાખ્યા અનુસાર નિર્ધારિત સમયગાળામાં રિડીમ નહીં કરાય તો સમાપ્ત થઈ શકે અને ઉપયોગ માટે ઉપલબ્ધ નહીં થાય.

c. યોજના સમાપ્તિ તારીખના અંતે અથવા યોજના સમાપ્તિ તારીખ પૂર્વે કોઈ પણ સમયે જો ચુનંદા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ પાછો ખેંચી લેવાય અથવા રદ કરાય અથવા રદ કરવા માટે ઉત્તરદાયી હોય અથવા કાર્ડ અકાઉન્ટ ડેલિંક્વેન્ટ અકાઉન્ટ તરીકે ગણવામાં આવે તો કાર્ડ સભ્ય પેબેક સભ્ય તરીકે ચાલુ રહેશે અને પેબેક સભ્યપદ ડેટા પેબેક અકાઉન્ટમાંથી ડિલીટ નહીં કરાશે.

d. પેબેક દ્વારા પાવર્ડ આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ્સ હેઠળ અહીં ઉલ્લેખિત સિવાય નિયમો અને શરતો ઉપરાંત કાર્ડ સભ્ય પેબેક પોઈન્ટ રિડેમ્પશન માટે એલએસઆરપીએલના નિયમો દ્વારા પણ શાસિત થશે. કૃપા કરીને વધુ વિગતો માટે www.payback.in ની વિઝિટ કરો. અહીં મુકરર નિયમો અને પેબેક વેબસરાઈટ પર ઉપલબ્ધ નિયમો વચ્ચે કોઈ વિસંગતી હોય તો પેબેક વેબસાઈટ પર ઉપલબ્ધ નિયમો પ્રવર્તમાન રહેશે. પેબેક દ્વારા પાવર્ડ આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ્સ અંગે જો કોઈ વિખવાદ હોય તો કોઈ પણ રીતે આઈસીઆઈસીઆઈ બેન્કના કોઈ પણ સંદર્ભ કે આશ્રય વિના એલએસઆરપીએલ સાથે કાર્ડ સભ્ય દ્વારા સીધા જ ઉકેલ લાવવાનો રહેશે અને આઈસીઆઈસીઆઈ બેન્ક પેબેક દ્વારા પાવર્ડ આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ્સ હેઠળ કાર્ડ સભ્ય અને એલએસઆરપીએલ વચ્ચે ઉદભવનાર આવા કોઈ પણ વિખવાદ માટે ઉત્તરદાયી નહીં રહેશે.

e. નિમ્નલિખિત નિયમો અને શરતો આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ્સ સ્કીમ, હેન્ડપિક્ડ રિવોર્ડ્સ સ્કીમ તેમ જ પેબેક દ્વારા પાવર્ડ આઈસીઆઈસીઆઈ બેન્ક રિવોર્ડ્સ માટે લાગુ રહેશે (હવે પછી તેને એકત્રિત રીતે "યોજનાઓ" તરીકે અને વ્યક્તિગત રીતે "સંબંધિત યોજના"તરીકે સંદર્ભિત કરાશેઃ

યોજનાઓ સંબંધિત યોજનાની અસરકારક તારીખના રોજ ડેલિંક્વેન્ટ અકાઉન્ટ્સ અથવા ત્યાર બાદ યોજનાઓની મુદત દરમિયાન ડેલિંક્વેન્ટ બનનાર કોઈ પણ કાર્ડ અકાઉન્ટ્સ સાથેના કાર્ડ સભ્યોને લાગુ નહીં થશે.

આઈસીઆઈસીઆઈ બેન્ક તેની એકમેવ મરજીથી કાર્ડ સભ્ય(ભ્યો)ને વધારાના રિવોર્ડ પોઈન્ટ્સ આપી શકે છે. રિવોર્ડ્સ પોઈન્ટ્સની ગણતરી યોજનાઓ હેઠળ આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા કરવામાં આવી શકે તે કાર્ડ સભ્ય પર આખરી, નક્કર અને બંધનકારક રહેશે અને કોઈ પણ વિખવાદ માટે ઉત્તરદાયી નહીં રહેશે. સરકાર કે કોઈ પણ અન્ય પ્રશાસન કે કાયદા દ્વારા સ્થાપિત સંસ્થા (કેન્દ્ર, રાજ્ય કે સ્થાનિક)ને ચૂકવવાપાત્ર કોઈ પણ કર કે અન્ય લાયેબિલિટીઓ કે શુલ્ક, જે તથાકથિત અનુસાર સંબંધિત યોજના હેઠળ રિવોર્ડ પોઈન્ટસના રિડેમ્પશનથી કાર્ડ સભ્ય પર

ઉદભવી શકે અથવા ઉપાર્જિત થઈ શકે તે કાર્ડ સભ્યના એકમેવ ખાતે જ રહેશે. માલો / સેવાઓના આર્થિક મૂલ્ય પર ટેક્સ ડિડકટેડ એટ સોર્સ, જો કોઈ હોય તો, કાર્ડ સભ્ય દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.

f. અહીં સમાવિષ્ટ કશું પણ યોજના સમાપ્તિ તારીખ પછી યોજનાઓ ચાલુ રાખવાની અથવા આવી જ અથવા નવી યોજના દ્વારા યોજનાઓની અવેજીની આઈસીઆઈસીઆઈ બેન્ક કે પેબેક પર બંધનકારક જવાબદારી તરીકે ધારી નહીં લેવું જોઈએ.

g. રિવોર્ડ પોઈન્ટ્સનું રિડેમ્પશન સ્વૈચ્છિક છે અને સર્વ સંબંધિત શુલ્ક ક્રેડિટ કાર્ડના ઉપયોગના સામાન્ય ક્રમમાં કાર્ડ સભ્ય દ્વારા ઉદભવનાર સ્વૈચ્છિક માનવામાં આવશે.

h. કાર્ડ સભ્ય ક્રેડિટ કાર્ડના ઉપયોગના સામાન્ય ક્રમમાં કાર્ડ સભ્ય દ્વારા ઉદભવે તે કોઈ પણ કૃતિઓ, દાવાઓ, માગણીઓ, લાયેબિલિટીઓ, નુકસાન, હાનિઓ, ખર્ચ, શુલ્ક કે કિંમતો માટે આઈસીઆઈસીઆઈ બેન્કને જવાબદાર નહીં ગણશે.

i. આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ અકાઉન્ટ બંધ કરવું પડે અથવા કાર્ડની સમાપ્તિ / રદ અથવા સંબંધિત યોજનાની સમાપ્તિ / રદ કરવું પડે તો સંબંધિત યોજનાઓ હેઠળ કાર્ડ સભ્ય દ્વારા કમાણી કરેલા રિવોર્ડ પોઈન્ટ્સ ફોક ઠરાવવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

j. આઈસીઆઈસીઆઈ બેન્ક અભિવ્યક્તિ રીતે કોઈ પણ સમયે અને કાર્ડ સભ્યને પૂર્વસૂચના આપ્યા વિના યોજનાઓ અથવા સમયાંતરે આઈસીઆઈસીઆઈ બેન્ક રજૂ કરી શકે તે અન્ય કોઈ પણ રિવોર્ડ પોઈન્ટ યોજના સંપૂર્ણ અથવા હિસ્સામાં ઉમેરી, ફેરફાર, સુધારો, બદલાવ કે બદલી અથવા સંપૂર્ણ પાછી ખેંચવાનો અબાધિત અધિકાર ધરાવે છે. કાર્ડ સભ્ય(ભ્યો)એ નોંધ કરવી કે રિવોર્ડ પોઈન્ટ્સ ઉપાર્જન અલગ અલગ પ્રકારનાં આઈસીઆઈસીઆઈ બેન્ક ક્રેડિટ કાર્ડમાં ભિન્ન રહેશે અને આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા અન્યથા સૂચિત કરાય તે સિવાય સંબંધિત ક્રેડિટ કાર્ડ સંદેશવ્યવહારમાં ઉલ્લેખ કરાશે.

k. અહીં નિયમો અને શરતો અનુસાર રિવોર્ડ પોઈન્ટ રિડેમ્પશન માટે વિનંતી પ્રાઈમરી કાર્ડ સભ્ય પાસેથી જ ધારણામાં લેવાશે. કાર્ડ સભ્ય(ભ્યો) રિટેઈલ લેણદેણ(ણો) માટે રિવોર્ડ પોઈન્ટ(ન્ટ્સ) કમાણી કરશે. કાર્ડ સભ્ય(ભ્યો) જોકે ત્યાર પછી ફેરવવામાં આવી હોય તે રિટેઈલ લેણદેણ પર રિવોર્ડ પોઈન્ટ્સ કમાણી કરવા માટે હકદાર નહીં રહેશે.

l. આઈસીઆઈસીઆઈ બેન્ક તેની એકમેવ મરજીથી ચોક્કસ સમયગાળો અથવા પ્રમોશનલ યોજના(ઓ) અથવા ચોક્કસ પ્રોમો / યોજનાઓ માટે તેની એકમેવ મરજીથી કોઈ અન્ય રિટેઈલ લેણદેણ(ણો) માટે બોનસ રિવોર્ડ પોઈન્ટ્સ આપશે.

m. રિવોર્ડ પોઈન્ટ્સ પાત્ર પ્રાઈમરી, પૂરક અથવા મલ્ટીપલ કાર્ડ્સના સંજોગોમાં વ્યક્તિગત કાર્ડ અકાઉન્ટમાં જમા થશે. પૂરક કાર્ડ અને / અથવા કોઈ મલ્ટીપલ કાર્ડ(ર્ડસ) પર જો કોઈ હોય તો,

રિટેઈલ લેણદેણ(ણો) કરવામાં આવે તો કમાણી કરેલા રિવોર્ડ પોઈન્ટ્સ આપોઆપ પ્રાઈમરી કાર્ડ સભ્યના કાર્ડ અકાઉન્ટ પર ઉપાર્જિત થશે.

n. કાર્ડ સભ્ય(ભ્યો) રોકડ ઉપાડ એડવાન્સીસ અને કોઈ પણ જોડાવાની ફી, વાર્ષિક ફી, પૂરક કાર્ડ ફી, મલ્ટીપલ કાર્ડ ફી, બેલેન્સ ટ્રાન્સફર ફી, ઈએમઆઈ લેણદેણ, કેશ એડવાન્સ ફી, ચેક નહીં વટાતા શુલ્ક, નાણાકીય શુલ્ક, ડેલિંક્વેન્સી શુલ્ક, વિલંબ ચુકવણી શુલ્ક, સેવા શુલ્ક અને સમયાંતરે આઈસીઆઈસીઆઈ બેન્ક લાગુ કરી શકે તે કોઈ અન્ય ફી / શુલ્કને મર્યાદિત નહીં પરંતુ તેના સહિત કાર્ડ પર લાગુ થઈ શકે તે કોઈ પણ અન્ય પ્રકારની ફી / શુલ્કનો સમાવેશ ધરાવતી લેણદેણ સામે રિવોર્ડ પોઈન્ટ્સ કમાણી કરવા પાત્ર નહીં રહેશે. પ્રાઈમરી કાર્ડ સભ્ય દ્વારા રિડેમ્પશનનો વિકલ્પ એક વાર અપનાવ્યા પછી ત્યાર બાદ કોઈ પણ કાર્ડ સભ્યના કહેવાથી રદ / પાછો ખેંચી / બદલી નહીં શકાશે.

- રિવોર્ડ પોઈન્ટ્સ આઈસીઆઈસીઆઈ બેન્ક અથવા આઈસીઆઈસીઆઈ બેન્કના વેપારી ભાગીદાર / સહભાગી ભાગીદાર સાથે જોડાણ અથવા કોઈ અન્ય ભાગીદારના લોયલ્ટી પ્રોગ્રામ દ્વારા ઓફર કરાઈ શકે તે કોઈ ચોક્કસ યોજના / પ્રમોશનલ ઓફર હેઠળ એક વાર એક્સચેન્જ કર્યા પછી કાર્ડ સભ્યના કહેવાથી કાર્ડ અકાઉન્ટમાં ફરી ટ્રાન્સફર નહીં કરી શકાશે અથવા રદ નહીં કરાશે. આઈસીઆઈસીઆઈ બેન્ક કોઈ પણ વેપારી ભાગીદાર / સહભાગી ભાગીદારના કાર્યક્રમ કે અન્યથા જ્યાં પણ રિવોર્ડ પોઈન્ટ્સનું કન્વર્ઝન / ટ્રાન્સફર લાગુ હોય ત્યાં રિવોર્ડ પોઈન્ટ્સ કન્વર્ટ / ટ્રાન્સફર કરવાની કોઈ જવાબદારી લેતી નથી.

a. રિડેમ્પશન કેટલોગમાં આપવામાં આવેલી પ્રોડક્ટોની પસંદગી, ઉમેરો અથવા કાઢી નાખવી તે આઈસીઆઈસીઆઈ બેન્કની એકમેવ મરજીથી રહેશે અને સૂચના વિના ફેરફારને આધીન છે.

b. રિડેમ્પશન કેટલોગ અથવા સંબંધિત વેબ પેજીસમાં માલો / સેવાઓના બધા વિઝ્યુઅલ્સ સાંકેતિક છે. કાર્ડ સભ્યોને કોઈ પણ ઉત્પાદકના પુરવઠાકાર દ્વારા ઓફર કરાતી પ્રોડક્ટો પાછી ખેંચે, રદ કરે અથવા સુધારણા કરે તો આઈસીઆઈસીઆઈ બેન્ક જવાબદાર નહીં રહેશે.

c. રિડેમ્પશન માટે ઉપલબ્ધ બધી પ્રોડક્ટો / વાઉચર્સ / સેવાઓ રિડેમ્પશન સમયે તેની ઉપલબ્ધતા અને ઉત્પાદકની વોરન્ટીઓ / નિયંત્રણોને આધીન રહેશે.

d. આઈસીઆઈસીઆઈ બેન્ક પ્રોડક્ટો / વાઉચરો / સેવાઓની ગુણવત્તા, ઉપયોગિતા અને મૂલ્ય વિશે કોઈ પણ બાંયધરી આપતી નથી કે કોઈ આલેખન કરતી નથી અને જો તે કોઈ

પણ રીતે ખામીયુક્ત જણાય તો જવાબદારી લેશે નહીં. આઈસીઆઈસીઆઈ બેન્ક માલો 10 કામકાજના દિવસમાં ડિલિવરી કરવામાં આવે તેવો પ્રયાસ કરશે. આમ છતાં આઈસીઆઈસીઆઈ બેન્ક જો માલોની ડિલિવરીમાં કોઈ પણ વિલંબ કે નુકસાન થાય તો ઉત્તરદાયી નહીં રહેશે. કાર્ડ સભ્ય દ્વારા કમાણી કરેલા રિવોર્ડ પોઈન્ટ્સ કોઈ રોકડ કે આર્થિક મૂલ્ય ધરાવતા નથી અને રોકડ સામે બદલી નહીં કરી શકાશે.

e. જ્યાં પણ પ્રતિબંધિત હોય અને / અથવા આવી યોજનાઓ માટે આવા મર્ચેન્ડાઈઝ / પ્રોડક્ટો / સેવાઓ કોઈ પણ કારણોસર ઓફર નહીં કરી શકાય તો યોજનાઓ ઉપલબ્ધ નહીં થશે.

f. રિડેમ્પશન કેટલોગમાં ઉલ્લેખિત માલો / સેવાઓ નોન– ટ્રાન્સફરેબલ અને નો– એન્કેશેબલ છે.

g. આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ સભ્યને કોઈ પણ કારણો આપ્યા વિના કે કોઈ પૂર્વ જાણકારી વિના યોજનાઓને લાગુ બધા કે કોઈ પણ નિયમો અને શરતો સુધારવાનો / ફેરફાર કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે. આઈસીઆઈસીઆઈ બેન્ક કોઈ પણ કારણો આપ્યા વિના કે કોઈ પણ પૂર્વ જાણકારી આપ્યા વિના યોજનાઓ બંધ કરવાનો અબાધિત અધિકાર પણ ધરાવે છે. અહીં સમાવિષ્ટ કશું પણ યોજનાઓ ચાલુ રાખવા આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા કટિબદ્ધતા કે આલેખન નથી.

યોજનાઓ હેઠળ કાર્ડ સભ્યને ઓફર કરાતી પ્રોડક્ટો / સેવાઓ / રિવોર્ડ્સ સંબંધી સંદેશવ્યવહાર / સૂચના કાર્ડ સભ્યને આવી પ્રોડક્ટો / સેવાઓ / રિવોર્ડ્સની ડિલિવરીના 10 દિવસની અંદર જ ધ્યાનમાં લેવાશે. જો 10 દિવસ પછી કોઈ દાવો કરવામાં આવે તો આઈસીઆઈસીઆઈ બેન્ક ધ્યાનમાં નહીં લેશે. પ્રોડક્ટ / સેવાઓ / રિવોર્ડ્સ સંબંધમાં જો કોઈ હોય તો વિખવાદ હોય તો આઈસીઆઈસીઆઈ બેન્ક સામે દાવો તરીકે ગણવામાં નહીં આવશે.

h. પ્રોડક્ટો / સેવાઓ / રિવોર્ડ્સની ડિલિવરીની સ્થિતિ ડિલિવરીના 30 દિવસ સુધી જ ટ્રેક કરી શકાશે. ડિલિવરીની સ્થિતિ માટે ત્યાર પછી કોઈ પણ સંદેશવ્યવહાર ધ્યાનમાં નહીં લેવાશે.

i નિયમો અને શરતો પ્રાઈમરી નિયમો અને શરતો ઉપરાંત છે અને તેની અવેજી / અનાદરમાં નહીં. અહીં સમાવિષ્ટ કશું પણ હોય તો પણ યોજનાઓમાંથી અથવા તેના સંબંધમાં, સાથે અથવા તેને પરિણામો જો કોઈ હોયતો વિખવાદ મુંબઈ ખાતે સક્ષમ કોર્ટની વિશિષ્ટ ન્યાયસીમાને આધીન રહેશે.

XXVI. ડિસ્કલોઝર્સ

કાર્ડ સભ્ય આઈસીઆઈસીઆઈ બેન્કને, તેની જૂથની કંપનીઓને તેની / તેણીની અરજી સંબંધમાં બધી માહિતી, ડેટા કે દસ્તાવેજો આવી વ્યક્તિ(ઓ) દ્વારા કથિત માહિતી / ડેટાના ઉપયોગ અથવા પ્રક્રિયા માટે આવશ્યક અનુસાર અથવા આવી વ્યક્તિઓ પાસે નોંધાયેલી અન્ય બેન્કો / નાણાકીય સંસ્થાઓ / ધિરાણ પ્રદાતાઓ / ઉપભોક્તાઓને પ્રક્રિયા કરેલી માહિતી / ડેટા / પ્રોડક્ટો આપવા જરૂરી જણાઈ અથવા યોગ્ય જણાઈ શકે તે અન્ય આઈસીઆઈસીઆઈ ગ્રુપની કંપનીઓ / બેન્કો / નાણાકીય સંસ્થાઓ / ક્રેડિટ બ્યુરો / એજન્સીઓ / નિયામક પ્રશાસન / કાનૂની સંસ્થાઓ / કર પ્રશાસન / સેન્ટ્રલ ઈન્ફોર્મેશન બ્યુરો / આઈસીઆઈસીઆઈ બેન્ક / તેની જૂથની કંપનીઓ અનુસાર આવી અન્ય વ્યક્તિઓને આદાનપ્રદાન, આપલે કે આપવાની બાંયધરી અને અધિકૃતિ આપે છે અને આ માહિતીના ઉપયોગ માટે આઈસીઆઈસીઆઈ બેન્ક / તેની જૂથની કંપનીઓને ઉત્તરદાયી નહીં ગણાશે. જો કાર્ડ સભ્ય નાણાકીય સહાય / સુવિધાઓ / નાણાકીય / ધિરાણ સુવિધા કે તેની પર કોઈ પણ વ્યાજ / શુલ્કની મૂળ રકમની ચુકવણી અથવા પુનઃચુકવણીમાં કસૂર કરે તો આઈસીઆઈસીઆઈ બેન્ક અને / અથવા તેના અનુષંગે કાર્ડ સભ્ય / અથવા લાગુ મુજબ, તેના ડાયરેક્ટરો / ભાગીદારો / પૂરક કાર્ડધારકોના કસૂર અને નામની વિગતો આઈસીઆઈસીઆઈ બેન્ક અથવા આરબીઆઈ તેમની સંપૂર્ણ મરજીથી અનુકૂળ લાગી શકે તે રીતે અને થવી ડિફોલ્ટર તરીકે જાહેર કે પ્રસિદ્ધ કરવાનો અપાત્ર અધિકાર ધરાવે છે.

આઈસીઆઈસીઆઈ બેન્ક નિવેદનો થકી ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરો (આરબીઆઈ દ્વારા વિશિષ્ટ રીતે અધિકૃત)ને ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપની (નિયમન) ધારા 2005ના નિયમોમાં કાર્ડ સભ્યનો ક્રેડિટ ઈતિહાસ / પુનઃચુકવણીનો રેકોર્ડ અને / અથવા લેણાંની સ્થિતિ પશ્ચાત દિવસો સંબંધી માહિતીજાહેર કરી શકે છે. ક્રેડિટ કાર્ડ માટે અરજીનો સ્વીકાર કાર્ડ સભ્યના ધિરાણ મૂલ્યના કોઈ પણ માઠા અહેવાલો નહીં હોય તેની પર આધાર રાખશે. આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ અકાઉન્ટમાં અથવા કાર્ડ અથવા અન્યથા થકી કાર્ડ સભ્યની ધિરાણ સુવિધાના ઉપાડમાં કોઈ પણ અનિયમિતતાની અન્ય બેન્કો અથવા નાણાકીય સંસ્થાઓને જાણ કરી શકે છે. માઠા અહેવાલોની પ્રાપ્તિને આધારે (કાર્ડ સભ્ય અથવા તેના / તેણીના પરિવારના સભ્યોના ધિરાણ મૂલ્ય સંબંધિત) આઈસીઆઈસીઆઈ બેન્ક લેખિતમાં પૂર્વસૂચનાના 15 દિવસ પછી ક્રેડિટ કાર્ડ રદ કરી શકે છે, જે સમયે કાર્ડ અકાઉન્ટ પર સંપૂર્ણ બાકી રકમ તેમ જ કાર્ડના ઉપયોગ દ્વારા ઉદભવેલા કોઈ પણ વધુ શુલ્ક, કાર્ડ અકાઉન્ટને બિલમાં મોકલવામાં નહીં આવ્યા હોવા છતાં કાર્ડ સભ્ય દ્વારા તુરંત ચૂકવવાપાત્ર બનશે. આઈસીઆઈસીઆઈ બેન્ક તેની માહિતી ક્યાંથી પ્રાપ્ત થઈ અથવા કોણે જાહેર કરી તે બેન્ક અથવા નાણાકીય સંસ્થાનું નામ જાહેર કરવા જવાબદાર નથી.

આઈસીઆઈસીઆઈ બેન્ક / જૂથની કંપનીઓ ફોટોગ્રાફ્સ સહિત તેની સાથે આપવામાં આવેલાં અરજી ફોર્મ અને દસ્તાવેજો જાળવી રાખવાનો અબાધિત અધિકાર ધરાવે છે અને તે પાછા નહીં આપશે.

XXVII. ડેબ્ટ એસાઈનમેન્ટ

આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ સભ્યને સંદર્ભ કે જાણકારી આપ્યા વિના તેની પસંદગીની કોઈ પણ થર્ડ પાર્ટીને ક્રેડિટ કાર્ડની બાકી રકમ અને લેણાં, સંપૂર્ણ અથવા હિસ્સામાં કોઈ પણ રીતે ટ્રાન્સફર, એસાઈન અને વેચવાનો અધિકાર ધરાવે છે. આવું વેચાણ, એસાઈનમેન્ટ કે ટ્રાન્સફર ગમે તે હોય તો પણ આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ સભ્ય સામે કાર્યવાહી કરવાની સંપૂર્ણ સત્તા ધરાવશે. કાર્ડ સભ્ય આવા એસાઈનમેન્ટ, વેચાણ કે ટ્રાન્સફર અને બાકી રકમ અને લેણાંની વસૂલીને લઈ સર્વ ખર્ચ અને કિંમત માટે ઉત્તરદાયી રહેશે.

XXVIII. પરચુરણ

આઈસીઆઈસીઆઈ બેન્ક તેને અનુકૂળ લાગી શકે તે આવી ફી અને આવા નિયમો અને શરતો પર અમુક સુવિધાઓ, સભ્યપદો અને સેવાઓ, આઈસીઆઈસીઆઈ બેન્કના ધિરાણના નિયમો અનુસાર જેમનાં અકાઉન્ટ ઉત્તમ રીતે જાળવવામાં આવે તે કાર્ડ સભ્યોને ઓફર કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે. આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ સભ્યને પૂર્વ સૂચના આપ્યા વિના અને લાયેબિલિટી વિના કોઈ પણ સમયે આવા લાભો પાછા ખેંચવાનો અને ફી માફ અથવા ઓછી કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે. આ નિયમો અને શરતોના ઉલ્લંઘનને કારણે સભ્યપદની કોઈ પણ સમાપ્તિને લઈ આવી સુવિધાઓ અને સેવાઓ આપોઆપ સમાપ્ત થશે. આઈસીઆઈસીઆઈ બેન્ક આવી સુવિધાઓ, સભ્યપદો કે સેવાઓની કામગીરીમાં ખામી કે ભંગ થાય અથવા આઈસીઆઈસીઆઈ બેન્ક કે વેપારી આસ્થાપના કે કોઈ પણ અન્ય તૃતીય પક્ષ દ્વારા બિન– કામગીરીના સંજોગોમાં કાર્ડ સભ્યને કોઈ પણ રીતે ઉત્તરદાયી નહીં રહેશે. આઈસીઆઈસીઆઈ બેન્ક માર્કેટિંગ પ્રવૃત્તિઓ આઈસીઆઈસીઆઈ બેન્ક / સંલગ્નિતો દ્વારા હાથ ધરવા માટે કાર્ડ સભ્ય દ્વારા તેની અરજી અને સર્વે દરમિયાન આપવામાં આવેલી માહિતી, કન્ઝયુમર રિપોર્ટ્સ સહિત બહારી સ્રોતોમાંથી માહિતીનો ઉપયોગ કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે. આઈસીઆઈસીઆઈ બેન્ક આ માહિતી મેઈલિંગ લિસ્ટ વિકસાવવા ઉપયોગ કરાઈ શકે છે, જે કાર્ડ સભ્યો માટે માર્કેટિંગ ઓફરો વિકસાવવા આઈસીઆઈસીઆઈ બેન્ક જેમની સાથે કામ કરે તે કંપનીઓ દ્વારા ઉપયોગ કરાઈ શકે છે. આઈસીઆઈસીઆઈ બેન્ક સમયાંતરે કાર્ડ પર ઓફર કરાતી નીતિઓ, વિશિષ્ટતાઓ અને લાભોમાં સુધારણા કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે અને તેને યોગ્ય લાગે તે રીતે આવી કોઈ પણ સુધારણા / ફેરફારની કાર્ડ સભ્યને જાણ કરી શકે છે. કાર્ડ સભ્ય આવી સુધારણા / ફેરફાર દ્વારા બંધાયેલો રહેશે, સિવાય કે સુધારણા / ફેરફાર કરાયો હોય તેની તારીખ પૂર્વે રદ કરવા માટે આઈસીઆઈસીઆઈ બેન્કને કાર્ડ પાછું આપવામાં આવ્યું હોય.

કાર્ડ સભ્યના કાર્ડ અકાઉન્ટમાં નોંધ કરવામાં આવેલી બધી લેણદેણની વિગતો કાર્ડ સભ્ય અને / અથવા તેના પરિવારના સભ્યો દ્વારા ક્રેડિટ માટે વધુ અરજીઓનું આકલન કરવા અને છેતરપિંડી નિવારવા માટે ક્રેડિટ રેફરન્સ એજન્સીઓ, ધિરાણદારો અને / અથવા અન્ય એજન્સીઓ સાથે આદાનપ્રદાન કરવામાં આવી શકે છે. સેટ–ઓફ કરવાના સામાન્ય અધિકાર અથવા કાયદાકે કોઈ અન્ય કરાર હેઠળ આપવામાં આવેલા અન્ય અધિકારો ઉપરાંત આઈસીઆઈસીઆઈ બેન્ક સૂચના વિના આઈસીઆઈસીઆઈ બેન્ક તે તેની જૂથની કંપનીઓ પાસે કાર્ડ સભ્ય

જાળવતા હોય તે કોઈ પણ અન્ય અકાઉન્ટ(ન્ટ્સ) સાથે કાર્ડ અકાઉન્ટ પરની બાકી રકમ એકત્રિત કે એકીકરણ કરી શકે અને આવા અન્ય અકાઉન્ટ(ન્ટ્સ)ની ક્રેડિટમાં બાકી રકમ કાર્ડ અકાઉન્ટ હેઠળ આઈસીઆઈસીઆઈ બેન્ક પ્રત્યે કાર્ડ સભ્યની લાયેબિલિટીના સંતોષમાં અથવા તે સામે સેટ-ઓફ્ફ કરી શકે અથવા ક્રેડિટમાં સ્થાયી નાણાં ટ્રાન્સફર કરી શકે છે. કાર્ડ સભ્ય કાર્ડ માટે અરજી ફોર્મમાં નોંધ મુજબ સંદેશવ્યવહાર માટે તેનું નામ, સરનામું, સંપર્ક નંબર અને ઈમેઈલ આઈડીમાં કોઈ પણ ફેરફાર થાય તો આઈસીઆઈસીઆઈ બેન્કને જાણ કરશે. આઈસીઆઈસીઆઈ બેન્ક સરનામામાં ફેરફાર ધ્યાનમાં આવે તો આઈસીઆઈસીઆઈ બેન્ક તેના રેકોર્ડસમાં કાર્ડ સભ્યનું સરનામું બદલવાનો અબાધિત અધિકાર ધરાવે છે. આઈસીઆઈસીઆઈ બેન્કને સંદેશવ્યવહાર માટે સાચા સરનામાની માહિતી આપવાની ખાતરી રાખવાની કાર્ડ સભ્યની એકમેવ જવાબદારી રહેશે અને આઈસીઆઈસીઆઈ બેન્ક કાર્ડ સભ્ય માટે કોઈ પણ નુકસાન કે લાયેબિલિટીમાં પરિણમનાર ખોટા સરનામાના સંજોગોમાં સર્વ લાયેબિલિટીનો અસ્વીકાર કરે છે.

કાર્ડ સભ્ય તેના દ્વારા લેવામાં આવેલી સુવિધાઓ / સેવાઓ માટે સમયાંતરે આઈસીઆઈસીઆઈ બેન્ક કે તેની સંલગ્નિતો મુકરર કરી શકે તે આવા બધા નિયમો અને શરતોનું પાલન કરશે. ઈન્ટરનેટ, વર્લ્ડ વાઈડ વેબ, ઈલિક્ટ્રોનિક ડેટા ઈન્ટરચેન્જ, કોલ સેન્ટરો, ટેલિસર્વિસ ઓપરેશન્સ (વોઈસ, વિડિયો, ડેટા કે તેનું સંયોજન) અથવા ઈલેક્ટ્રોનિક, કોમ્પ્યુટર સ્વયંચાલિત મશીન્સના નેટવર્કનાં માધ્યમથી અથવા સંદેશવ્યવહારનાં અન્ય માધ્યમો થકી, જે આવી સુવિધાઓ / સેવાઓ ઓફર કરવા માટે અને સંબંધમાં આઈસીઆઈસીઆઈ બેન્ક અથવા તેની સંલગ્નિતો દ્વારા કે વતી સ્થાપિત કરવામાં આવે તેના સહિત રિમોટ લેણદેણ હાથ ધરવા માટે સુવિધાઓ દ્વારા અથવા થકી અમલ કરાતી આવી બધી લેણદેણ કાનૂની રીતે બંધનકારક રહેશે અને સમયાંચરે મુકરર કરાઈ શકે તે મુજબ આવી સુવિધાઓ અને સેવાઓ માટે આઈસીઆઈસીઆઈ બેન્ક અથવા તેની સંલગ્નિતો દ્વારા મુકરર નિયમો અને શરતોનું પાલન અને અભિમુખતામાં કરાય ત્યારે પ્રમાણિત લેણદેણ ગણાશે.

(c)આઈસીઆઈસીઆઈ બેન્ક અને / અથવા તેની જૂથની કંપનીઓની એકમેવ મરજીથી નક્કી કરાતા દરે એકથી અન્ય કરન્સીમાં જવાબદારી ફેરવવામાં આવે ત્યારે કરોસ કરન્સી સેટ-ઓફ્ફના સંજોગોમાં.

XXX. વિખવાદની પતાવટ

1. સ્વયંચાલિત વિખવાદ નિવારણઃ સ્વયંચાલિત માધ્યમથી અથવા આઈસીઆઈસીઆઈ બેન્કના સુસંગત રેકોર્ડસનીતપાસની રીતે સંપૂર્ણ અથવા આંશિક પ્રમાણિત (અથવા નહીં) તરીકે નક્કી કરવા સક્ષમ વાસ્તવિક બાબતોનો સમાવેશ ધરાવતી કાર્ડધારકની ફરિયાદો, દાવાઓ, વિખવાદો અથવા તકરારો (એકત્રિત રીતે "તકરાર/રો તરીકે સંદર્ભિત કરાશે'') આ રીતે નિશ્ચિત થાય અને તકરાર/રો (સંપૂર્ણ કે આંશિક) સ્વીકાર કે નકારાય તો આ રીતે નિશ્ચિત થયા પછી વ્યથિત કાર્ડધારકને યોગ્ય જાણ કરશે. તકરાર/ રો જ્યાં સંપૂર્ણ કે આંશિક માન્ય તરીકે સ્વીકારાય ત્યાં આઈસીઆઈસીઆઈ બેન્ક વ્યથિત કાર્ડધારકને યોગ્ય નિવારણ પૂરું પાડશે.

2. આંતરિક તકરાર નિવારણ પ્રક્રિયાઃ તકરાર/રો ઉક્ત નિર્દિષ્ટ સ્વયંચાલિત માધ્યમથી નહીં ઉકેલાય અથવા જો કાર્ડધારકને નિર્દિષ્ટ સ્વયંચાલિત માધ્યમથી પૂરા પાડવામાં ઉકેલથી સંતોષ નહીં થાય અથવા સ્વયંચાલિત માધ્યમ અસરકારક બનવા પૂર્વે તે ઉદભવે અને www.icicibank.com પર ઉપલબ્ધ ગ્રાહક તકરાર નિવારણ નીતિ અનુસાર ઉકેલ માટે ઉપસ્થિત કરવા સક્ષમ હોય તો તે સમયાંતરે સુધારિત અનુસાર આવી નીતિ અનુસાર નિવારણ માટે મૂકી શકાય છે.

3. ઓનલાઈન વિખવાદ નિવારણઃ તકરાર (નીચે અધોરેખિત અપવાદોને આધીન), કોઈ પણ દાવા કે કૃતિઓ જે બેન્ક પહેલ કરે (એકત્રિત રીતે “દાવા/ઓ” તરીકે સંદર્ભિત કરાશે) અને આ નિયમો હેઠળ નિર્માણ, અર્થ, મોજૂદગી, પ્રમાણિતતા, ભંગ, રિકોલ, રિકવરી કે સમાપ્તિ સંબંધમાં કોઈ પ્રશ્ન સહિત આ નિયમો અને શરતો હેઠળ ઉદભવે અથવા સંબંધમાં હોય તે કોઈ પણ અન્ય દાવા કે વિખવાદ (કરાર, અપકૃત્ય કે અન્યથા) મધ્યસ્થી અથવા સુલેહની પ્રક્રિયા થકી નિવારણ માટે સંદર્ભિત કરી શકાય છે અને જે પ્રક્રિયા સ્વતંત્ર ઓનલાઈન વિખવાદ નિવારણ સંસ્થા સામાના મધ્યસ્થી અથવા સુલેહના લાગુ નિયમો અનુસાર કરવામાં આવશે.

જો મધ્યસ્થી કે સુલેહની પ્રક્રિયાથી તકરાર કે દાવાનું સામાના નિયમોમાં નિર્ધારિત સમયગાળામાં અથવા <21> દિવસના સમયગાળામાં (જે પણ વહેલું હોય) તો તકરાર કે દાવા સામાના લાગુ નિયમોની શરતોમાં લવાદના અર્થ થકી અને લવાદ અને સુલેહ ધારા 1996 અનુસાર ઉકેલ માટે આગળ લઈ જવાશે. આવું લવાદ સામા દ્વારા તેની વેબસાઈટ/મંચ www.sama.live અથવા મોબાઈલ એપ્લિકેશન થકી ઓનલાઈન હાથ ધરાશે (પુરાવાની નોંધ કે દસ્તાવેજો સુપરત કરવા સહિત), ઉકેલ લવાશે અને અપાશે. લવાદી ટ્રિબ્યુનલમાં સામાના લાગુ લવાદના નિયમો અનુસાર નિયુક્ત સ્વતંત્ર એકમેવ લવાદનો સમાવેશ રહેશે. લવાદી કાર્યવાહીની બેઠક મુંબઈમાં રહેશે. લવાદની કાર્યવાહીના કાયદા સામાના નિયમો રહેશે.

4. ઉક્ત ઓનલાઈન વિખવાદ નિવારણ પ્રક્રિયા નિમ્નલિખિતને લાગુ નહીં થશેઃ

a) કાનૂની, નિયામક અને સરકારી પ્રશાસન પાસેથી અથવા થકી પ્રાપ્ત કોઈ પણ તકરાર / રો. કાનૂની, નિયામક અને સરકારી પ્રશાસન પાસેથી અથવા થકી પ્રાપ્ત આવી તકરાર / રોને આવા પ્રશાસન દ્વારા મુકરર અનુસાર માધ્યમ અને પદ્ધતિથી પહોંચી વળવાનું અને પ્રતિસાદ આપવાનું આઈસીઆઈસીઆઈ બેન્ક માટે આવશ્યક રહેશે.

b) તકરાર / રો તૃતીય પક્ષની નિર્ભરતાઓ ધરાવતી હોઈ શકે છે– આઈસીઆઈસીઆઈ બેન્ક તૃતીય પક્ષ / ક્ષો પાસેથી માહિતી કે સ્પષ્ટતાની પ્રાપ્તિ પર જ તકરાર / રોની સમીક્ષા, આકલન અને નિવારણ કરી શકશે.

c) કોઈ પણ તકરાર / રો જે ઉક્ત નિર્દિષ્ટ અનુસાર સ્વયંચાલિત વિખવાદ નિવારણ હેઠળ પહોંચી વળવાનું બાકી હોય અથવા બેન્કની ગ્રાહક તકરાર નિવારણ નીતિ અનુસાર પહોંચી વળવાનું બાકી

હોય.

XXXI. આ નિયમો અને શરતોમાં ફેરફાર કરવો

આઈસીઆઈસીઆઈ બેન્ક કોઈ પણ સમયે મોજૂદ બેલેન્સ, વ્યાજ શુલ્ક કે દર અને ગણતરીની પદ્ધતિઓને અસર કરતા ફેરફાર કરે, જેની મર્યાદા વિના તેના સહિત કાર્ડ પર ઓફર કરાતા કોઈ નિયમો અને શરતો, વિશિષ્ટતાઓ અને લાભો સુધારવા અથવા વધારવા માટે સંપૂર્ણ મુનસફી ધરાવે છે. કાર્ડ સભ્ય આ સુધારિત નિયમો અને શરતો હેઠળ ઉદભવેલા સર્વ શુલ્ક અને સર્વ અન્ય જવાબદારીઓ માટે ત્યાં સુધી ઉત્તરદાયી રહેશે જ્યાં સુધી કાર્ડ હેઠળની બધી રકમ સંપૂર્ણ પુનઃચુકવણી નહીં કરવામાં આવે. આઈસીઆઈસીઆઈ બેન્ક સુધારિત નિયમોની જાણકારી આઈસીઆઈસીઆઈ બેન્ક નક્કી કરાઈ શકે તે ઈનફિનિટી અથવા કોઈ પણ અન્ય રીતે મૂકીને જાણ કરી શકે છે. કાર્ડ સભ્ય ઈનફિનિટી પર મૂકવામાં આવી શકે તે સુધારણા સહિત આ નિયમો અને શરતોની નિયમિત રીતે સમીક્ષા કરવા માટે જવાબદાર રહેશે અને કાર્ડનો ઉપયોગ ચાલુ રાખીને સુધારિત નિયમો અને શરતો સ્વીકાર્યા છે એવું ગણવામાં આવશે. નિયમો અને શરતોમાં કોઈ પણ ફેરફારની તેમની અમલબજાવણીની તારીખના એક મહિના પૂર્વે તથાકથિત રીતે કાર્ડ સભ્યને જાણ કરવામાં આવશે.

XXXII. નોટિસ

કાર્ડ સભ્યની સર્વ લેણી રકમ સહિત આ નિયમો અને શરતો હેઠળ અથવા સંબંધમાં બધી નોટિસો કે અન્ય સંદેશવ્યવહારની અહીં લેખિતમાં જાણ કરવાની રહેશેઃ આઈસીઆઈસીઆઈ બેન્ક લિમિટેડ, આઈસીઆઈસીઆઈ ફોન બેન્કિંગ સેન્ટર, આઈસીઆઈસીઆઈ બેન્ક ટાવર, 7મો માળ, સર્વે નં. 115 / 27, પ્લોટ નં. 12, નાનાક્રમગુડા, સેરિલિંગમપલ્લી, હૈદરાબાદ- 500 032, ભારત અને પત્ર કે ફાસિમાઈલ દ્વારા અન્યથા નોંધ કરવામાં આવી હોયઃ

(i) જો પત્રથી મોકલવામાં આવે, અંગત રીતે અથવા ટપાલથી ડિલિવરી કરવામાં આવે, તેવા સંજોગોમાં પત્ર પાછો મગાવવો મોકલનારના નિયંત્રણની બહાર છે, અને (ii) જો જ્યારે ફાસિમાઈલથી મોકલવામાં આવે (અચૂક ફાસિમાઈલ નંબરના સમર્થનની પ્રાપ્તિ પર). જોકે આઈસીઆઈસીઆઈ બેન્કને કોઈ પણ નોટિસ કે સંદેશવ્યવહાર ત્યાં સુધી અસરકારક નહીં બનશે જ્યાં સુધી આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા વાસ્તવમાં પ્રાપ્ત નહીં થાય અને પહોંચ આપવામાં નહીં આવે. નોટિસો અથવા સંદેશવ્યવહાર આ મુજબ મોકલી શકાયઃ (i) આઈસીઆઈસીઆઈ બેન્કની રેકોર્ડસમાં અને જેની પર નોટિસો / સંદેશવ્યવહાર મોકલવાના છે તે નોંધ (અરજી ફોર્મમાં નિર્દિષ્ટ અનુસાર) અનુસાર કાર્ડ સભ્યનું સરનામું અથવા ફાસિમાઈલ, અને (ii) આઈસીઆઈસીઆઈ બેન્કનું ઝોનલ / રિજનલ / શાખા / કાર્યાલયનું સરનામું અથવા ફાસિમાઈલ નંબર (અરજી ફોર્મમાં નિર્દિષ્ટ અનુસાર) અથવા કાર્ડ સભ્ય અને આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા એકબીજાને લેખિતમાં નિયુક્ત કરાઈ શકે તે આવું અન્ય સરનામું અથવા ફાસિમાઈલ નંબર. જો કાર્ડ સભ્ય તેનું સંપર્ક

સરનામું અથવા વિગતોમાં કોઈ પણ ફેરફારની લેખિતમાં આઈસીઆઈસીઆઈ બેન્કને જાણકારી આપવામાં કોઈ પણ રીતે નિષ્ફળ જાય તો અરજી ફોર્મમાં નિર્દિષ્ટ સરનામે અથવા કાર્ડ સભ્ય દ્વારા છેલ્લે આપવામાં આવેલા સરનામે નોટિસ / પત્રવ્યવહારનો અમલ કાર્ડ સભ્યને યોગ્ય અને પૂરતી રીતે આપવામાં આવી છે એવું ધારવામાં આવશે, જે પછી ભલે આવી નોટિસ આઈસીઆઈસીઆઈ બેન્કને "બજાવ્યા'' વિના પાછી આવી જાય. કાર્ડ સભ્યના નિવાસ કે કાર્ય વિસ્તારમાં ઉપલબ્ધ અખબારમાં પ્રસિદ્ધ નોટિસ તેની પ્રસિદ્ધિની તારીખથી કાર્ડ સભ્યને પૂરતી નોટિસ તરીકે ગણવામાં આવશે. જોકે અખબારમાં નોટિસ આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા પહોંચ આપ્યા સિવાય આઈસીઆઈસીઆઈ બેન્ક સામે અસરકારક નહીં રહેશે.

XXXIII. વૈશ્વિક ભારતીય ક્રેડિટ કાર્ડના નિયમો

આ નિયમો ("નિયમો'') વૈશ્વિક ભારતીય ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતા કાર્ડ સભ્યને જ લાગુ છે. આ નિયમો અને શરતો ક્રેડિટ કાર્ડસ ("નિયમો અને શરતો'') ના ઉપયોગ માટે અન્ય નિયમો અને શરતો ઉપરાંત રહેશે. આ નિયમો અને શરતો વચ્ચે જ્યાં પણ સંઘર્ષ હોય ત્યાં આ નિયમો સર્વોપરી રહેશે. વૈશ્વિક ભારતીય ક્રેડિટ કાર્ડ પર રોકડ ઉપાડની પરવાનગી નથી. વૈશ્વિક ભારતીય ક્રેડિટ કાર્ડ પર કોઈ રોકડ મર્યાદા નથી. કાર્ડ સભ્ય ચુકવણીની આખર તારીખે સંપૂર્ણ લેણી રકમ આઈસીઆઈસીઆઈ બેન્કને ચૂકવશે. એમએડીની ચુકવણની કોઈ પણ સુવિધા વૈશ્વિક ભારતીય ક્રેડિટ કાર્ડને લાગુ નથી. વૈશ્વિક ભારતીય ક્રેડિટ કાર્ડ માટે ચુકવણી ઈસીએસ પદ્ધતિથી જ કરી શકાશે.

XXXIV. વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડના નિયમો

આ નિયમો અને શરતો ("નિયમો'') આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા અપાતી વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ સુવિધાઓની જોગવાઈને લાગુ થશે અને નિયમન કરશે. આ નિયમો અને શરતો આઈસીઆઈસીઆઈ બેન્કની ક્રેડિટ કાર્ડ સુવિધાઓનું શાસન કરતા નિયમો અને શરતો, આઈસીઆઈસીઆઈ બેન્કની ઈન્ટરનેટ બેન્કિંગ સેવાઓનું શાસન કરતા નિયમો અને શરતો એ આઈસીઆઈસીઆઈ બેન્ક ("મુખ્ય નિયમો'')ના સેવિંગ અકાઉન્ટ માટેના નિયમો અને શરતો ઉપરાંત રહેશે અને તેના અનાદરમાં નહીં. અહીં ઉપયોગ કરેલા પરંતુ વ્યાખ્યા નહીં કરેલા સર્વ મૂડીકૃત નિયમો મુખ્ય નિયમોમાં મુકરર સંબંધિત અર્થ ધરાવશે.

"અકાઉન્ટ / ન્ટ્સ''નો અર્થ આઈસીઆઈસીઆઈ બેન્કની ઈન્ટરનેટ બેન્કિંગ સેવાઓનું શાસન કરતા નિયમો અને શરતો અને આઈસીઆઈસીઆઈ બેન્કના સેવિંગ અકાઉન્ટ માટેના નિયમો અને શરતોના અર્થમાં અને વ્યાખ્યા અનુસાર અકાઉન્ટ(ન્ટ્સ)ની વ્યાખ્યા છે.

"વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ''નો અર્થ પ્રાઈમરી કાર્ડ સભ્ય દ્વારા તેના / તેણીના મોજૂદ કાર્ડ અકાઉન્ટ પર જારી વધારાનું

ક્રેડિટ કાર્ડ છે. આ એડ ઓન ક્રેડિટ કાર્ડ પ્રાઇમરી કાર્ડ સભ્યના અકાઉન્ટ / ન્ટ્સના લોગ્ડ ઇન સેક્શન પર ઇલેક્ટ્રોનિક ઇમેજ તરીકે નિર્માણ અને સંગ્રહ કરાશે. વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ માટે કોઇ પ્રત્યક્ષ પ્લાસ્ટિકનું કાર્ડ જારી નહીં કરાશે.

“વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ સભ્ય''નો અર્થ મુખ્ય નિયમો અને શરતોને આધીન આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા જેને એડ–ઓન વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ જારી કરાયું છે તે પ્રાઇમરી કાર્ડ સભ્ય. વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ સુવિધા માટે અરજી કરીને અને સંમતિ આપીને પ્રાઇમરી કાર્ડ સભ્યએ અહીં નીચે ઉલ્લેખિત અનુસાર નિયમો માટે સંમતિ અને સ્વીકાર આપ્યા હોવાનું ગણવામાં આવશે. પ્રાઇમરી કાર્ડ સભ્ય આઇસીઆઇસીઆઇ બેન્કના લોગ્ડ ઇન સેકશન થકી અથવા સમયાંતરે આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા નિર્દિષ્ટ અનુસાર આવી અન્ય રીતે આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા અપાતા વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ માટે અરજી કરશે. વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડથી પ્રાઇમરી કાર્ડ સભ્ય તેની પસંદગીની ધિરાણ મર્યાદામાં ઓનલાઇન લેણદેણ કરી શકે છે. જોકે કોઇ પણ સંજોગોમાં કોઇ પણ સમયે તેની ક્રેડિટ કાર્ડની ધિરાણ મર્યાદાથી વધુ લેણદેણ નહીં કરી શકશે.

વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને કરવામાં આવનારી ખરીદીની વિગતો નિવેદનમાં દર્શાવવામાં આવશે અને પ્રાઇમરી કાર્ડ સભ્યને કોઇ અલગ નિવેદન મોકલવામાં નહીં આવશે. પ્રાઇમરી કાર્ડ સભ્ય વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ હેઠળ ઉપલબ્ધ લિંક પર ક્લિક કરીને વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડનાં વર્તમાન અને ગત નિવેદન / નો પણ જોઇ શકે છે. પ્રાઇમરી કાર્ડ સભ્યએ પ્રાઇમરી કાર્ડ અને વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડના ઉપયોગથી ઉદભવેલા ખર્ચ સામે એક જ ચુકવણી કરવાની રહેશે. વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડનો નંબર, સમાપ્તિ તારીખ, સીવીવી વગેરે જેવી વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડની મુખ્ય વિગતો અકાઉન્ટના લોગ્ડ ઇન સેકશનમાં ઉપલબ્ધ વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ સેક્શનમાં જ જોઇ શકાશે. વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડની ધિરાણ મર્યાદા પ્રાઇમરી કાર્ડ જેટલી જ રહેશે. વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડનું હોટ લિસ્ટિંગ / બ્લોકિંગ અકાઉન્ટના લોગ્ડ ઇન સેકશનમાં ઉપલબ્ધ વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ સેકશન હેઠળ સુસંગત વિકલ્પો હેઠળ ક્લિક કરીને જ કરી શકાશે. જો વર્ચ્યુઅલ ક્રેડિટકાર્ડ સભ્ય અકાઉન્ટ / ન્ટ્સ બંધ કરે તો વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ સુવિધાનું અસ્તિત્વ ચાલુ રહેશે.

વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ ઓનલાઇન લેણદેણ પૂરતો જ નિયંત્રિત રહેશે. પ્રાઇમરી કાર્ડ સભ્યએ વાકેફ હોવું જોઇએ કે ઓનલાઇન લેણદેણના કિસ્સામાં શુલ્કની રસીદ પર વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને કરાયેલી ખરીદીના સમયે પ્રાઇમરી કાર્ડ સભ્ય દ્વારા સહી નહીં કરવાની રહેશે. આ મુજબ પ્રાઇમરી કાર્ડ સભ્ય સ્વીકાર કરે છે કે કોઇ પણ કારણોસર, આવી ખરીદી કે શુલ્કની વિશ્વસનીયતા અથવા પ્રમાણિતતા સંબંધમાં કોઇ પણ વિખવાદના સંજોગોમાં પણ પ્રાઇમરી કાર્ડ સભ્ય સર્વ બાકી લેણાંની આઇસીઆઇસીઆઇ બેન્કને ચુકવણી કરશે અને કોઇ પણ સંજોગોમાં આઇસીઆઇસીઆઇ બેન્કને ઉત્તરદાયી / જવાબદાર નહીં ઠરાવશે. આઇસીઆઇસીઆઇ બેન્ક વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ થકી કોઇ પણ વેપારી પેમેન્ટ સ્વીકારવાનો ઇનકાર કરે તો ઉત્તરદાયી નહીં રહેશે. વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડની સુવિધા વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ સભ્યને ઓનલાઇન પેમેન્ટ કરવાની સુવિધા પૂરી પાડવાનો જ હેતુ ધરાવે છે અને

વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડ સભ્ય દ્વારા હાથ ધરવામાં આવનારી લેણદેણની ગુણ ત્તા, સુરક્ષા કે કાયદેસરતાની ખાતરી આપતી નથી.

વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ આ નિયમો અને શરતોનો સ્વીકાર છે એવું ધારવામાં આવશે. વર્ચ્યુઅલ ક્રેડ્ટિ કાર્ડ સભ્ય ચુકવણી માટે બંધાયેલો/ ઉત્તરદાયી/ આ નિયમો હેઠળ રહેશે અને તે / તેણી વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડના ઉપયોગ પર સર્વ લેણાં અને ચૂકવવાપાત્ર રકમની ચુકવણી કરવાની ખાતરી રાખશે. વર્ચ્યુઅલ ક્રેડિટ કાર્ડની સુવિધા સમયાંતરે આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા નિર્ધારિત કરાઈ શકે તે અનુસાર આવી ફી / દરે વિશેષ સુવિધા રહેશે.

XXXV. ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ નિયમો

1. આ નિયમો અને શરતો (“નિયમો’’) આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા પૂરા પાડવામાં આવેલા ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડને લાગુ અને નિયમન કરશે અને www.icicibank.com. પર ઉપલબ્ધ આઇસીઆઇસીઆઇ બેન્કની ક્રેડિટ કાર્ડ સુવિધાઓનું શાસન કરતાં નિયમો અને શરતો અને આઇસીઆઇસીઆઇ બેન્કની ફિક્સ્ડ ડિપોઝિટ (“મુખ્ય નિયમો અને શરતો’’)નું શાસન કરતા નિયમો અને શરતો ઉપરાંત રહેશે અને તેના અનાદરમાં નહીં. આ નિયમો અને મુખ્ય નિયમો અને શરતોમાં કોઈ પણ અસાતત્યતા હોય તો આ નિયમો લાગુ થશે. અહીં ઉપયોગ કરેલી પરંતુ વ્યાખ્યા નહીં કરેલી સર્વ મૂડીકૃત પરિભાષાઓ મુખ્ય નિયમો અને શરતો હેઠળ નિર્દિષ્ટ અનુસાર તે જ અર્થ ધરાવશે.
2. “કાર્ડધારક’’નો અર્થ આઇસીઆઇસીઆઇ બેન્કમાં ફિક્સ્ડ ડિપોઝિટ ધરાવે / મૂકી હોય અને આઇસીઆઇસીઆઇ બેન્કના ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ માટે અરજી કરે અને અહીં નિર્દિષ્ટ અનુસાર મુખ્ય નિયમો અને શરતો અને શરતોને આધીન ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ જારી કરવામાં આવે તે વ્યક્તિ. “ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ’’નો અર્થ આઇસીઆઇસીઆઇ બેન્કમાં કાર્ડધારક દ્વારા જાળવવામાં આવતી ફિક્સ્ડ ડિપોઝિટ સામે કાર્ડધારકને આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા જારી આઇસીઆઇસીઆઇ બેન્ક ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ.
3. ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ મેળવવા પાત્ર બનવા કાર્ડધારકે આઇસીઆઇસીઆઇ બેન્કમાં લઘુતમ રૂ. 10,000 / – રકમની ફિક્સ્ડ ડિપોઝિટ જાળવવાનું / મૂકવાનું આવશ્યક રહેશે.
4. ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ પર ધિરાણ મર્યાદા લઘુતમ રૂ. 8500 / – અને મહત્તમ રૂ. 5 લાખને આધીન, ફિક્સ્ડ ડિપોઝિટની રકમના પંચ્યાશી ટકા (85 % ) રહેશે. કથિત ધિરાણ મર્યાદા સમયાંતરે આઇસીઆઇસીઆઇ બેન્કની એકમેવ મરજીએ ફેરફારને આધીન હોઈ શકે છે અને આઇસીઆઇસીઆઇ બેન્કને અનુકૂળ લાગી શકે તે આવા માધ્યમ અને રીતે કાર્ડધારકને જાણ કરાશે.
5. કાર્ડધારકે સમયાંતરે આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા નિર્દિષ્ટ અનુસાર પદ્ધતિથી સુસંગત દસ્તાવેજોની અમલબજાવણીથી ફિક્સ્ડ ડિપોઝિટ્સ મૂકવાનું આવશ્યક રહેશે. કાર્ડધારકે સમયાંતરે આઇસીઆઇસીઆઇ બેન્ક દ્વારા એકમેવ મરજીથી નક્કી કરાઈ શકે અને જાણ કરાય તે મુજબ આઇસીઆઇસીઆઇ બેન્કની શાખામાં અથવા આવી અન્ય વૈકલ્પિક ચેનલમાં જ ફિક્સ્ડ ડિપોઝિટ મૂકવાનું આવશ્યક છે. આ રીતે ખોલાવવામાં

આવેલી ફિક્સ્ડ ડિપોઝિટ્સ ફક્ત ઓટો રિન્યુઅલ મોડથી જ ખોલવામાં આવશે. કાર્ડધારક / આઈસીઆઈસીઆઈ બેન્ક દ્વારા કાર્ડ રદ કરવા પર ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ સાથે લિંક કરાયેલી ફિક્સ્ડ ડિપોઝિટ તે મૂકવા સમયે કાર્ડધારક દ્વારા મૂકવામાં આવેલી સૂચનાઓ અનુસાર ચાલુ રહેશે.

6. ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ જારી કરવા પર આઈસીઆઈસીઆઈ બેન્ક ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડની સમાપ્તિ સુધી અથવા જે પણ કિસ્સો હોય તે અનુસાર ફિક્સ્ડ ડિપોઝિટની મેચ્યુરિટી સુધી કાર્ડધારક દ્વારા કમાણી કરેલા વ્યાજ સહિત કાર્ડધારક દ્વારા મૂકવામાં આવેલી ફિક્સ્ડ ડિપોઝિટની સંપૂર્ણ રકમનો પૂર્વાધિકાર રહેશે.
7. જો અરજદાર આઈસીઆઈસીઆઈ બેન્ક પાસે ફિક્સ્ડ ડિપોઝિટ અગાઉથી ધરાવતો હોય તો તે કાર્ડધારકના ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ અકાઉન્ટ સાથે જોડવામાં આવશે અને ફિક્સ્ડ ડિપોઝિટ તુરંત અમલ સાથે ઓટો–રિન્યુઅલ મોડમાં ફેરવવામાં આવશે. ફિક્સ્ડ ડિપોઝિટના ઓટો– રિન્યુઅલ સમયે લાગુ પ્રવર્તમાન વ્યાજ દર કથિત ફિક્સ્ડ ડિપોઝિટ રકમ પર લાગુ થશે.
8. કાર્ડધારક / કો ઈન્સ્ટન્ટ ક્રેડિટ કર્ડ સાથે જોડાયેલી ફિક્સ્ડ ડિપોઝિટમાંથી કોઈ પણ હિસ્સામાં ઉપાડ કરી શકશે નહીં.
9. એચયુએફ ભાગીદારી પેઢીઓ, સગીર દ્વારા ખોલાવાયેલી / મુકાયેલી અથવા અરજદાર / રો દ્વારા સંયુક્ત રીતે ખોવાયેલી ફિક્સ્ડ ડિપોઝિટ્સ ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ માટે પાત્ર નહીં રહેશે. એક વ્યક્તિને નામે ફિક્સ્ડ ડિપોઝિટ્સ હોય તે જ ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ માટે પાત્ર બનશે.
10. નોમિનેશન સુવિધાઓ ફિક્સ્ડ ડિપોઝિટ સુવિધા માટે ઉપલબ્ધ થશે.
11. ફિક્સ્ડ ડિપોઝિટ અથવા ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડની સમાપ્તિ / પાછું ખેંચવું / રદ કરવા પર અથવા જો કાર્ડધારક ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ પર બપાકી રકમ આખર તારીખથી 60 દિવસમાં ચૂકવે નહીં કરે અથવા જો નિયમો અનુસાર આઈસીઆઈસીઆઈ બેન્ક લાગુ કરી શકે તે કોઈ પણ ફી, શુલ્ક કે કોઈ અન્ય રકમ સહિત ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ પર બાકી રકમ કોઈ પણ સમયે ફિક્સ્ડ ડિપોઝિટ રકમના 95 % થી વધુ થઈ જાય તો આઈસીઆઈસીઆઈ બેન્ક ઉપાર્જિત વ્યાજ સહિત સંપૂર્ણ ફિક્સ્ડ ડિપોઝિટની રકમ વટાવવાનો અને ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ હેઠળ આઈસીઆઈસીઆઈ બેન્કને ચૂકવવાપાત્ર બાકી રકમ સામે આવી રકમ સેટ ઓફફ કરવાનો અધિકાર ધરાવે છે. ઉક્ત સંદર્ભિત કપાત પછી કોઈ પણ બાકી રકમ કાર્ડધારકને રિફંડ કરાશે.
12. વન–ટાઈમ પાસવર્ડ (ઓટીપી) આધારિત ઈ–કેવાયસી (ઈલેક્ટ્રોનિક– નો યોર કસ્ટમર) વેરિફિકેશન થકી ખોલાવવામાં આવેલા ઈન્સ્ટાસેવ ફિક્સ્ડ ડિપોઝિટ સાથેના કાર્ડધારકો માટે ઈન્સ્ટાસેવ ફિક્સ્ડ ડિપોઝિટ્સનું શાસન કરતા નિયમો અને શરતો અનુસાર જો કોઈ પણ કારણસર ઈન્સ્ટાસેવ ફિક્સ્ડ ડિપોઝિટ્સ અને સેવિંગ્સ અકાઉન્ટ ખોલાવવાના 1 (એક) વર્ષમાં પ્રત્યક્ષ કેવાયસી વેરિફિકેશન અથવા કસ્ટમર ડ્યુ– ડિલિજન્સ પૂર્ણ નહીં કરવામાં આવે તો સુસંગત સેવિંગ્સ અને ઈન્સ્ટાસેવ ફિક્સ્ડ ડિપોઝિટ અકાઉન્ટ બંધ કરવામાં આવશે. અત્રેય નોંધનીય છે કે ઉક્ત સંજોગોમાં ઈન્સ્ટાસેવ ફિક્સ્ડ ડિપોઝિટ સામે કાર્ડધારક દ્વારા મેળવવામાં આવેલું

ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ બંધ કરાશે અને આવા ઈન્સ્ટાસેવ ફિક્સ્ડ ડિપોઝિટ સામે નિશાન કરેલું પૂર્વાધિકાર દૂર કરાશે. જોકે અહીં સમાવિષ્ટ કશું પણ હોય અથવા કોઈ પણ અન્ય દસ્તાવેજો હોય, આવા કિસ્સામાં આઈસીઆઈસીઆઈ બેન્ક ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ સંબંધમાં ઉપાર્જિત વ્યાજ સહિત સંપૂર્ણ ફિક્સ્ડ ડિપોઝિટની રકમ વટાવવાનો અને આઈસીઆઈસીઆઈ બેન્કને ચૂકવવાપાત્ર બાકી રકમ સામે આવી રકમ સેટઓફ્ફ કરવાનો અધિકાર ધરાવે છે. ઉક્ત લેણાં સમાયોજન કરીને કોઈ પણ બાકી રકમ કાર્ડધારકને રિફંડ કરાશે.

13. ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ ફિક્સ્ડ ડિપોઝિટ પર નિશાન કરેલું પૂર્વાધિકાર ત્યાર પછી સક્રિય કરાશે.
14. કોઈ પણ સમયે કાર્ડધારકને એક ઈન્સ્ટન્ટ ક્રેડિટ કાર્ડ જ જારી કરાશે.

આઈસીઆઈસીઆઈ બેન્ક લિમિટેડ

નોંધણીકૃત કાર્યાલયઃ આઈસીઆઈસીઆઈ બેન્ક ટાવર્સ, ચકલી સર્કલ નજીક, જૂનો પાદરા રોડ, વડોદરા– 390 007.

કોર્પોરેટ કાર્યાલયઃ આઈસીઆઈસીઆઈ બેન્ક ટાવર્સ, બાંદરા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદરા (પૂર્વ), મુંબઈ– 400 051.

અસ્વીકારઃ

“આઈસીઆઈસીઆઈ બેન્ક તેની એકમેવ મરજીથી અને તેની પ્રોડક્ટો / સેવાઓ સંબંધમાં આવશ્યક મુજબ અથવા જરૂર મુજબ બહારી સેવા પ્રદાતા / ઓ અથવા એજન્ટ / ન્ટોની સેવાઓનો ઉપયોગ કરી શકે છે.’’

“આઈસીઆઈસીઆઈ બેન્ક’’ અને “આઈ–મેન’’ લોગો આઈસીઆઈસીઆઈ બેન્ક લિ.ના ટ્રેડમાર્ક અને સંપદા છે. કોઈ પણ બૌદ્ધિક સંપદા અથવા અહીં દર્શાવેલા કોઈ પણ અન્ય મુદ્દાઓનો દુરુપયોગ કરવાનું સખત રીતે પ્રતિબંધિત છે.